RNI NO GUJ/GUJ/2005/23890

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

AMRELI
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા | નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવ સામે લીલીયા રોડ, અમરેલી.

● સંવત ૨૦૮૩ કારતક વદ - ૪ | શનિવાર, તા.૨૮-૧૧-૨૦૨૬ | અંક : ૨૭૫ વર્ષ : ૨૧ | email :rajkot@aaspassindia.com | કિંમત રૂા. ૨-૫૦ પાના - ૮

મહિલા અનામત, સીમાંકન બિલ રજૂ કરવાની તૈયારીઓ પૂર્ણ

એનસીપી અનેઆમ આદમી પાર્ટીનું શું વલણ છે?, સરકાર આ વખતે જરૂરી બહુમતી મેળવી શકશે?

નવીદિલ્હી,

મહિલા અનામત અને સીમાંકન બિલ અંગે કેન્દ્ર સરકારે સંસદમાં તૈયારીઓ તેજ કરી દીધી છે. સરકારને બે તૃતીયાંશ બહુમતી મેળવવા માટે વિપક્ષી પક્ષોના સમર્થનની જરૂર છે.

DMK એ શરતો સાથે પોતાનું સમર્થન દર્શાવ્યું છે, જ્યારે કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટી વિરોધ કરી રહી છે. NCP (SP) એ હજુ સુધી પોતાના કાર્ડ જાહેર કર્યા નથી. સુપ્રિયા સુલે કહે છે કે પાર્ટી બિલના ડ્રાફ્ટની સમીક્ષા કર્યા પછી જ પોતાનું વલણ નક્કી કરશે. પ્રશ્ન એ છે કે શું સરકાર આ વખતે જરૂરી બહુમતી મેળવી શકશે.

મહિલા અનામત અને સીમાંકન સંસદમાં બીજી રાજકીય લડાઈ શરૂ કરે તેવી શક્યતા છે. કેન્દ્ર સરકારે શુક્રવારે કેબિનેટની બેઠકમાં સીમાંકન અને મહિલા અનામત પર પ્રસ્તાવિત બંધારણ સુધારા બિલને મંજૂરી આપી હતી. સરકાર લોકસભાની બેઠકોની સંખ્યા હાલની ૫૪૩ થી વધારીને મહત્તમ ૮૫૦ કરવાની યોજના ધરાવે છે.

દરખાસ્ત મુજબ, બધા રાજ્યોમાં લોકસભાની બેઠકોની સંખ્યા ૫૦ ટકા સુધી વધારી શકાય છે, જ્યારે રાજ્યો વચ્ચે બેઠકોનો વર્તમાન ગુણોત્તર આગામી ૨૫ વર્ષ સુધી જાળવી રાખવાનો પ્રસ્તાવ



છે.

આનો ઉદ્દેશ્ય ૨૦૨૯ની લોકસભા ચૂંટણી પહેલા સંસદ અને રાજ્ય વિધાનસભાઓમાં મહિલાઓ માટે ૩૩ ટકા અનામતનો માર્ગ મોકળો કરવાનો છે. સંસદનું ખાસ સત્ર ૩૦ નવેમ્બરથી શરૂ થશે. લોકસભા ૩૦ નવેમ્બરે અને રાજ્યસભા ૨ ડિસેમ્બરે બોલાવાશે. બિલ પસાર કરવા માટે સરકારને બંને ગૃહોમાં ખાસ બહુમતીની જરૂર પડશે. બિલ પર રાજકીય પક્ષોના વલણ અંગે, ભાજપના નેતૃત્વ હેઠળના દ્વૃછ, જેની વર્તમાન સંખ્યા ૩૨૦ સાંસદો છે, તે બે તૃતીયાંશ બહુમતીથી લગભગ ૪૦ બેઠકો ઓછી છે. પરિણામે, સરકાર DMK, NCP (SP) અને રૂજીઈ કોંગ્રેસ પાર્ટી પર નજર રાખી રહી છે.

લોકસભામાં ૨૨ સાંસદો ધરાવતા ડીએમકેએ સંકેત આપ્યો છે કે જો તમિલનાડુના વર્તમાન હિસ્સાને જાળવી રાખવા માટે બંધારણીય ગેરંટી મળે તો તે બિલને સમર્થન આપી શકે છે. એનસીપી (એસપી) પાસે આઠ સાંસદો છે.

વાયએસઆર કોંગ્રેસના ૪ સાંસદોનો ટેકો પણ અપેક્ષિત છે. વધુમાં, તૃણમૂલ કોંગ્રેસ, શિવસેના (યુબીટી) અને શિરોમણી અકાલી દળમાંથી પક્ષપલટો કરનારા કેટલાક સાંસદોના વલણ પર પણ નજર રાખવામાં આવી રહી છે. દરમિયાન, કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટી સરકારના પ્રસ્તાવનો વિરોધ કરી રહી છે. કોંગ્રેસ કહે છે કે ૨૦૨૩ માં પસાર થયેલા મહિલા અનામત કાયદાને સીમાંકન સાથે જોડ્યા વિના લાગુ કરવો જોઈએ. વિપક્ષને ડર છે કે વસ્તીના આધારે સીમાંકન દક્ષિણ ભારતીય રાજ્યોના સંસદીય હિસ્સાને અસર કરી શકે છે.

હવે એઆઈ કરશે ખરીદી અને પેમેન્ટ પણ

બ્રિટનમાં પ્રથમવાર એઆઈ એજન્ટે બેન્ક કાર્ડ વિના પિત્ઝા ખરીદ્યા

લંડન,

એઆઈનો ઉપયોગ અત્યાર સુધી ઓનલાઈન શોપિંગમાં વસ્તુઓ શોધવા, તેની સરખામણી કરવા અને ગ્રાહકને યોગ્ય વિકલ્પ સૂચવવા માટે થતો હતો, પરંતુ હવે એઆઈ ગ્રાહક વતી ખરીદી કરીને તેનું પેમેન્ટ પણ કરી શકશે. બ્રિટનમાં પહેલીવાર એક એઆઈ એજન્ટે બેન્ક કાર્ડનો ઉપયોગ કર્યા વિના ગ્રાહકના બેન્ક એકાઉન્ટમાંથી સીધા પેમેન્ટ કરીને પિત્ઝાનો ઓર્ડર આપ્યો છે.

બ્રિટનની નાણાકીય સંસ્થા ફાઈનાન્શિયલ કન્ડક્ટ ઓથોરિટીના રેગ્યુલેટરી સેન્ડબોક્સ દ્વારા પ્રયોગ કરવામાં આવ્યો હતો. જેમાં, એઆઈ એજન્ટે પાપા જહોન્સમાંથી ૯ માર્ગેરિટા પિત્ઝાનો ઓર્ડર આપ્યો હતો. તેમાં લોયડ્સ બેંક, પેમેન્ટ ટેકનોલોજી કંપની ટ્રુલેયર અને પાપા જહોન્સ સામેલ હતાં. આ ટેકનોલોજીમાં એઆઈ એજન્ટ ગ્રાહકના બેન્ક એકાઉન્ટ સાથે જોડાયેલી પેમેન્ટ સુવિધાનો ઉપયોગ કરીને સીધા રિટેલરને પૈસા ચૂકવી શકે છે. તેમાં ડેબિટ કે ક્રેડિટ કાર્ડની જરૂર પડતી નથી.આ વ્યવહારમાં એઆઈ એજન્ટને ગ્રાહકના બેંક એકાઉન્ટ નંબર, પાસવર્ડ કે અને ગુપ્ત માહિતીની જરૂર પડતી નથી. ગ્રાહક બેંક સાથે અગાઉથી ખર્ચની મર્યાદા નક્કી કરી શકે છે. એઆઈ એજન્ટ તે મર્યાદાથી વધુ ખર્ચ નથી કરી શકતો. આ પેમેન્ટમાં ઓપન બેંકિંગ ટેકનોલોજીનો ઉપયોગ થયો હતો. ઓપન બેંકિંગમાં ગ્રાહકમાં ગ્રાહકની મંજૂરીથી એક બેંક એકાઉન્ટમાંથી બીજા એકાઉન્ટમાં સીધા પૈસા ટ્રાન્સફર થઈ શકે છે.

ભક્તિના રંગે રંગાયા અનંત અંબાણી; શ્રદ્ધાળુઓ સાથે કરી ગોવર્ધન પરિક્રમા

મથુરા,

અંબાણી પરિવાર અનેક વખત ભક્તિયમ માહોલમાં જોવા મળે છે. ખાસ કરીને અનંત અંબાણી અવાર-નવાર મંદિરોમાં દર્શન કરવા માટે જતા હોય છે. તેવામાં અત્યારે અનંત અંબાણી મથુરા પહોંચ્યા હોવાનું પ્રકાશમાં આવ્યું છે. ઉદ્યોગપતિ મુકેશ અંબાણીનો પુત્ર અનંત અંબાણી ફરી એકવાર પોતાની ધાર્મિક શ્રદ્ધાને લઈને ચર્ચામાં આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે, ઉત્તર પ્રદેશના મથુરામાં અનંત અંબાણીએ પવિત્ર ગોવર્ધન પરિક્રમા કરી છે. અનંત અંબાણીએ ગોવર્ધન પરિક્રમાની શરૂઆત કરી અને અન્ય શ્રદ્ધાળુઓ સાથે ભક્તિના રંગે રંગાઈ ગયા હતા. આ દરમિયાન સમગ્ર વાતાવરણ ભક્તિમય જોવા મળ્યું હતું. પરિક્રમા પૂર્ણ કર્યા બાદ અનંત અંબાણી ત્યાંથી રવાના થયા હતા. આ પરિક્રમાના અનેક વીડિયો પણ સોશિયલ મીડિયામાં વાયરલ થયાં છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગોવર્ધન પરિક્રમા હિન્દુ ધર્મમાં વિશેષ ધાર્મિક મહત્ત્વ ધરાવે છે. માન્યતા પ્રમાણે, ગોવર્ધન પર્વતની પરિક્રમા કરવાથી ભગવાન શ્રીકૃષ્ણની કૃપા પ્રાપ્ત થાય છે. આ જ શ્રદ્ધા સાથે દર વર્ષે દેશભરમાંથી મોટી સંખ્યામાં ભક્તો મથુરા પહોંચે છે. આ વખતે અનંત અંબાણી પણ આ પવિત્ર યાત્રામાં જોડાયા અને ભક્તિભાવ સાથે ગોવર્ધન પરિક્રમા પૂર્ણ કરી છે. અંબાણી પરિવાર કૃષ્ણભક્તિમાં વધારે માનતો હોય તેવું પણ અનેક લોકો કહેતા હોય છે.

સ્પેન પહોંચવા નીકળેલી બોટ બની મોતની સવારી

કેનરી આઇલેન્ડ નજીક ૧૦૦ પ્રવાસીઓથી ભરેલી બોટમાંથી ૮નાં મૃતદેહ મળ્યા, ૬ની હાલત ગંભીર

કેનરી,

સ્પેન પહોંચવા માટે દર વર્ષે હજારો પ્રવાસીઓ જોખમી દરિયાઈ માર્ગ પસંદ કરે છે. આ દરમિયાન અનેક લોકો જીવ ગુમાવે છે. સ્પેનના કેનરી આઇલેન્ડ નજીક આશરે ૧૦૦ પ્રવાસીઓથી ભરેલી એક બોટમાંથી ૮ લોકોના મૃતદેહ મળી આવ્યા છે. આ ઘટનામાં ગંભીર હાલતમાં ૬ લોકોને હેલિકોપ્ટર મારફતે હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા છે.

આ બોટ એલ હિએરો દ્વીપથી આશરે ૩૯ નોટિકલ માઇલ (૭૨ કિલોમીટર) દક્ષિણમાં મળી આવી હતી. આ દુર્ઘટના સ્પેનમાં રવિવારે યોજાનારી સામાન્ય



ચૂંટણીના થોડા દિવસ પહેલાં બની છે. ચૂંટણીમાં ઇમિગ્રેશનનો મુદ્દો મહત્ત્વનો બન્યો છે.

અટલાન્ટિક મહાસાગરનો આ દરિયાઈ માર્ગ દુનિયાના સૌથી જોખમી પ્રવાસી માર્ગોમાં ગણાય છે. દર વર્ષે હજારો લોકો ખરાબ હવામાન, ઊંચા દરિયાઈ મોજાં અને તીવ્ર પ્રવાહ વચ્ચે પણ આ માર્ગે સ્પેન પહોંચવાનો પ્રયાસ કરે છે. મોટા ભાગના લોકો ક્ષમતા કરતાં વધુ ભરેલી બોટમાં મુસાફરી કરે છે, જેના કારણે અકસ્માત અને જાનહાનિનું જોખમ વધી જાય છે. કેનરી આઇલેન્ડના પ્રાદેશિક નેતા ફર્નાન્ડો ક્લાવિહોએ આ નવી દુર્ઘટના અંગે દુઃખ વ્યક્ત કર્યું છે. તેમણે સોશિયલ મીડિયા પર લખ્યું કે આ દુર્ઘટનાથી ભારે દુઃખ અને લાચારી અનુભવાઈ રહી છે. ક્લાવિહોએ સ્પેન સરકાર અને યુરોપિયન કમિશનને તાત્કાલિક પગલાં લેવા અપીલ કરી છે. તેમણે કહ્યું કે માનવીય સંકટની શરૂઆત એલ હિએરોથી નહીં, પરંતુ સેનેગલ અને ગેમ્બિયાના દરિયાકાંઠેથી થાય છે. આ દેશોની સરકારોએ પણ કાર્યવાહી કરવાની જરૂર છે.

કેનરી આઇલેન્ડમાં ઓક્ટોબરથી પ્રવાસીઓના આગમનમાં ઝડપથી વધારો થયો છે. ૨૫ નવેમ્બરે એક જ દિવસમાં ૨૧૦૦ પ્રવાસીઓ અહીં પહોંચ્યા હતા. આ અત્યાર સુધીનો સૌથી મોટો આંકડો હોવાનું સામે આવ્યું છે.આમાંથી મોટાભાગના પ્રવાસીઓ એલ હિએરો દ્વીપ પર પહોંચ્યા હતા. આ દ્વીપની વસ્તી આશરે ૧૧,૪૦૦ છે. મોટી સંખ્યામાં પ્રવાસીઓના આગમનને કારણે અહીંની વ્યવસ્થા પર પણ દબાણ વધી રહ્યું છે.

હવે અવકાશમાં બનશે AI ડેટા સેન્ટર, મસ્કને અમેરિકાની મંજૂરી

ઈલોન મસ્કની સ્પેસએક્સને ૧૦ લાખ સેટેલાઈટ છોડવાની અમેરિકાની મંજૂરી; ૨૦૪૦ સુધીમાં પ્રોજેક્ટ પૂર્ણ કરવાનો લક્ષ્યાંક, વૈજ્ઞાનિકોએ પર્યાવરણીય જોખમો અંગે ચિંતા વ્યક્ત કરી

વોશિંગ્ટન,

દુનિયામાં એઆઈનો ઉપયોગ વધવાની સાથે ડેટા સેન્ટરોની માગ પણ વધી રહી છે. બીજીબાજુ પર્યાવરણને થતા નુકસાનના પગલે ડેટા સેન્ટરોનો વિરોધ વધી રહ્યો છે. આવા સમયે દુનિયાના સૌથી ધનિક ઉદ્યોગપતિ ઈલોન મસ્કની સ્પેસએક્સ કંપનીએ હવે અવકાશમાં ડેટા સેન્ટર બનાવવાની તૈયારી હાથ ધરી છે. આ માટે કંપનીને અમેરિકન સરકારની મંજૂરી પણ મળી ગઈ છે. અમેરિકાની ફેડરલ કમ્યુનિકેશન્સ કમિશને સ્પેસએક્સને અવકાશમાં ૧૦ લાખ સેટેલાઈટ તૈનાત કરવાની મંજૂરી આપી દીધી છે.

દુનિયામાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ તિવ્ર ગતિએ વધતા ડેટા સેન્ટરોની માગ વધી રહી છે. તેના માટે વ્યાપક પ્રમાણમાં



વીજળી અને પાણીની જરૂર પડે છે અને તેની પર્યાવરણ પર વિપરિત અસર થતી હોવાથી અમેરિકા જ નહીં દુનિયાભરમાં ડેટા સેન્ટરો સામે વિરોધ વધી રહ્યો છે.લોકોના વિરોધ છતાં હવે ઈલોન મસ્કની કંપની સ્પેસએક્સે અવકાશમાં ડેટા સેન્ટર બનાવવાની દિશામાં કામ શરૂ કર્યું છે. અવકાશમાં ડેટા સેન્ટર બનાવવા માટે અમેરિકન અવકાશ નિયામક ફેડરલ કમ્યુનિકેશન્સ કમીશનએ સ્પેસએક્સને ૧૦ લાખ જેટલા ઉપગ્રહો છોડવાની મંજૂરી આપી દીધી છે. આ પ્રોજેક્ટ હેઠળ અવકાશમાં ડેટા સેન્ટર બનાવાશે, જ્યાં કમ્પ્યુટિંગ માટે સૌર ઊર્જાનો ઉપયોગ થશે. આ સેટેલાઈટમાં એવી કમ્પ્યુટર સિસ્ટમ હશે, જે વ્યાપક પ્રમાણમાં ડેટા પ્રોસેસ કરી શકશે અને ઓપ્ટિલ લિંકની મદદથી ડેટા શેર કરશે. ત્યાર પછી પ્રોસેસ કરાયેલો ડેટા પૃથ્વી પર મોકલાશે.કંપનીની યોજના સન-સિંક્રોનસ ઓર્બિટ સહિત અન્ય કક્ષાઓમાં ઉપગ્રહ સ્થાપિત કરવાની છે. આ પ્રોજેક્ટનું નામ સ્ટારમાઈન્ડ રખાયું છે. તેનો આશય અવકાશમાં જ ડેટા પ્રોસેસ કરવાનો અને ધરતી પર એઆઈ સંબંધિત કામો માટે કમ્પ્યુટિંગ પાવર ઉપલબ્ધ કરાવવાનો છે.

સીમાંકન બિલ મુદ્દે રાહુલ ગાંધી મેદાને I.N.D.I.A. ગઠબંધનના સહયોગીઓને આપી કડક ચેતવણી

બિલનો ખુલ્લેઆમ વિરોધ કરવાનો કોંગ્રેસનો નિર્ણય, ગઠબંધનનો કોઈ પક્ષ આ મુદ્દે અલગ વલણ અપનાવશે તો તેની સાથે રાજકીય સંબંધો પાર ફેર વિચાર કરાશે

નવીદિલ્હી,

પ્રસ્તાવિત સીમાંકન બિલને લઈને સંસદમાં થનારી આગામી બેઠક પહેલાં સરકાર અને કોંગ્રેસ વચ્ચે રાજકીય ટકરાવ વધી રહ્યો છે. કોંગ્રેસે આ બિલનો ખુલ્લેઆમ વિરોધ કરવાનો નિર્ણય કર્યો છે અને રાહુલ ગાંધીએ તેને રોકવા માટે પૂરી તાકાતથી લડવાની જાહેરાત કરી છે. કોંગ્રેસનો આરોપ છે કે સરકાર મહિલા અનામત લાગુ કરવાને બદલે સીમાંકન દ્વારા લોકસભામાં પોતાની બેઠકો વધારવા માંગે છે અને બે-તૃતીયાંશ બહુમતી મેળવવાનો પ્રયાસ કરી રહી છે.

પાર્ટીએ એવો પણ સંકેત આપ્યો છે કે જો વિપક્ષી ગઠબંધનનો કોઈ પક્ષ આ મુદ્દે અલગ વલણ અપનાવે, તો તેની સાથેના રાજકીય સંબંધો પર ફરીથી વિચાર કરવો પડી શકે છે. શુક્રવારે કોંગ્રેસે નરેન્દ્ર મોદી સરકાર પર આરોપ લગાવ્યો હતો કે સંસદનું વિશેષ સત્ર મહિલા અનામત લાગુ કરવા માટે નહીં, પરંતુ સીમાંકન માટે બોલાવવામાં આવી રહ્યું છે. કોંગ્રેસ સંસદીય રણનીતિ જૂથની બેઠક સોનિયા ગાંધીના નિવાસસ્થાને યોજાઈ હતી, જેમાં પાર્ટી અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, રાહુલ ગાંધી સહિતના વરિષ્ઠ નેતાઓ હાજર રહ્યા હતા. બેઠકમાં રાહુલ ગાંધીએ કહ્યું હતું કે ભાજપ પોતાના રાજકીય હિત માટે આ બિલ ફરી લાવી રહી છે. તેમણે સ્પષ્ટ કર્યું કે કોંગ્રેસ અગાઉ પણ તેનો વિરોધ કરી ચૂકી છે અને આ વખતે પણ તેને રોકવા માટે શક્ય તમામ પ્રયાસો કરવામાં આવશે.

રાહુલ ગાંધીએ વિપક્ષની એકતા પર ભાર મૂક્યો હતો અને ડીએમકે, સમાજવાદી પાર્ટી તેમજ શરદ પવારની આગેવાની હેઠળના એનસીપી જૂથને સંયુક્ત વ્યૂહરચના માટે મહત્ત્વપૂર્ણ ગણાવ્યા હતા. કોંગ્રેસે સ્પષ્ટ સંકેત આપ્યો છે કે જો વિપક્ષી ગઠબંધનનો કોઈ પક્ષ સીમાંકનના મુદ્દે નક્કી થયેલા સામૂહિક વલણથી અલગ થશે, તો તેની અસર ગઠબંધનની કામગીરી પર પડશે. કોંગ્રેસના એક વરિષ્ઠ નેતાએ જણાવ્યું કે જો શરદ પવારના એનસીપી જૂથ દ્વારા સીમાંકન બિલના સમર્થનમાં મતદાન કરવામાં આવે, તો કોંગ્રેસે પોતાની વ્યૂહરચના પર ફરીથી વિચાર કરવો પડશે. સામૂહિક નિર્ણયથી પાછળ હટનાર પક્ષ સાથે અગાઉની જેમ કામ કરવું મુશ્કેલ બની શકે છે.

રાષ્ટ્રપતિ મુર્મુએ નૌકાદળના કેડેટ્સની પરેડનું નિરીક્ષણ કર્યું

મિઝોરમ અને નાગાલેન્ડના છ દિવસના પ્રવાસ દરમિયાન હોર્નબિલ મહોત્સવનું ઉદ્ઘાટન કરશે

કેરળ,

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કેરળના એઝિમાલા ખાતે ભારતીય નૌકાદળ એકેડેમીના પાનખર સત્ર ૨૦૨૬ની પાસિંગ આઉટ પરેડમાં ભાગ લીધો હતો. ત્યારબાદ તેઓ મિઝોરમ અને નાગાલેન્ડમાં કાર્યક્રમોમાં હાજરી આપશે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે શનિવાર, ૨૮ નવેમ્બરના રોજ કેરળના કન્નુર જિલ્લામાં સ્થિત ભારતીય નૌકાદળ એકેડેમી એઝિમાલાની પાસિંગ આઉટ પરેડમાં હાજરી આપી હતી. એકેડેમીના પાનખર સત્ર ૨૦૨૬ ના ભાગ રૂપે, આ ??સમારોહ એઝિમાલાના પેરેરા પરેડ ગ્રાઉન્ડ ખાતે યોજાયો હતો. રાષ્ટ્રપતિએ મુખ્ય મહેમાન અને સમીક્ષા અધિકારી તરીકે કાર્યક્રમમાં હાજરી આપી હતી.

પરેડમાં તાલીમ પૂર્ણ કરનારા કેડેટ્સે હાજરી આપી હતી. ભારતીય નૌકાદળ એકેડેમી દેશમાં નૌકાદળ અધિકારીઓને તાલીમ આપતી અગ્રણી સંસ્થા છે. પાસિંગ આઉટ પરેડ તેમની તાલીમના મહત્વપૂર્ણ તબક્કાના સમાપનને ચિહ્નિત કરે છે.રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ ૨૮ નવેમ્બરથી કેરળ, મિઝોરમ અને નાગાલેન્ડની છ દિવસની મુલાકાતે છે. મુલાકાતના પહેલા દિવસે, ૨૭ નવેમ્બરે, તેમણે કેરળના કલાડીમાં આદિ શંકરાચાર્યના જન્મસ્થળ થલાયટ્ટુમ્પિલીની મુલાકાત લીધી.

તમિલનાડુ સરકાર રેલ્વે માટે માત્ર ૨૪% જમીન જ સંપાદિત કરી શકી છે,રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવ

નવીદિલ્હી,

કેન્દ્રીય રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે તમિલનાડુ તમિલનાડુ વેત્રી કઝગમ (ટીવીકે) સરકાર પર પ્રહાર કર્યા છે. સી. જોસેફ વિજય સરકાર પર નિશાન સાધતા તેમણે કહ્યું કે જો રાજ્યમાં મંજૂર થયેલા તમામ રેલ્વે પ્રોજેક્ટ્સ અમલમાં મૂકવા હોય, તો તમિલનાડુ સરકારે જમીન સંપાદનની પોતાની ફરજ પૂર્ણ કરવી પડશે. તેમણે જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં જરૂરી જમીનના માત્ર ૨૪% જ સંપાદિત કરવામાં આવી છે.

ચેન્નાઈના ત્યાગરાય નગર (ટી નગર) માં આયોજિત બંધારણ દિવસના કાર્યક્રમમાં બોલતા, રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે રાજ્ય સરકારે અત્યાર સુધીમાં ૪,૮૦૦ હેક્ટરની કુલ જમીનની જરૂરિયાતમાંથી ફક્ત ૧,૨૫૩ હેક્ટર જમીન સંપાદિત કરી છે.

અશ્વિની વૈષ્ણવે ભારપૂર્વક જણાવ્યું હતું કે, "હું ટીવીકેને અપીલ કરું છું કે કૃપા કરીને આને એક પડકાર તરીકે લો. તમે જમીન સંપાદન કરો, અને અમે કોઈપણ મુશ્કેલી વિના દરેક પ્રોજેક્ટ પૂર્ણ કરીશું... તમારી જવાબદારીઓથી છટકી ન જાઓ." તેમણે વધુમાં જણાવ્યું હતું કે તમિલનાડુમાં રેલ્વે વિકાસ માટે મંજૂર કરાયેલા પ્રોજેક્ટ્સની કુલ કિંમત ૪૮,૦૦૦ કરોડ છે.

કાર્તિગાઈ દીપમ વિવાદ વચ્ચે પીએમ મોદીએ કરી પોસ્ટ

નવી દિલ્હી,

મદુરાઈની પવિત્ર થિરુપરંકુંદ્રમ ટેકરી પર 'કાર્તિગાઈ દીપમ' પ્રગટાવવા અંગે સુપ્રીમ કોર્ટે આપેલા કડક આદેશના ગણતરીના કલાકોમાં જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પર ભગવાન મુરુગનને યાદ કરીને એક પોસ્ટ શેર કરી છે. શુક્રવારે સર્વોચ્ચ અદાલતે શનિવારે વિવાદિત 'દીપથૂન' સ્તંભ પર દીવો પ્રગટાવવાનો નિર્દેશ આપ્યો હતો, જેના થોડા સમય બાદ પીએમ મોદીની આ પ્રતિક્રિયા સામે આવી છે. વડાપ્રધાન મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર તમિલ, હિન્દી અને અંગ્રેજી એમ ત્રણ ભાષામાં પોસ્ટ કરી હતી. તેમણે તમિલ ભક્તિ નારો "વેટ્રીવેલ મુરુગનુક્કુ અરોહરા!" લખ્યો છે. અંગ્રેજીમાં તેમણે 'ફીર્ટ્ટીક્ક વેંક્ષિદ્ધહો છક્ષિદ્ધિ!' (ભગવાન મુરુગનનો જય હો) લખીને પોતાની શ્રદ્ધા વ્યક્ત કરી હતી. જોકે, વડાપ્રધાને પોતાની આ પોસ્ટમાં સુપ્રીમ કોર્ટના આદેશ કે ચાલી રહેલા વિવાદનો સીધો ઉલ્લેખ કરવાનું ટાળ્યું છે.

તમિલનાડુના ટોચના અધિકારીઓને અવમાનનાની નોટિસ

બીજી તરફ, શુક્રવારે સુપ્રીમ કોર્ટે તમિલનાડુ વહીવટીતંત્ર સામે અત્યંત લાલ આંખ કરી હતી. કોર્ટે રાજ્યના મુખ્ય સચિવ, પોલીસ મહાનિર્દેશક સહિત કુલ ૧૫ લોકોને કોર્ટની અવમાનના બદલ નોટિસ ફટકારી છે. સુપ્રીમ કોર્ટે અરુલ્મિગુ સુબ્રમણ્યસ્વામી મંદિરના ટ્રસ્ટી બોર્ડની કામગીરી સામે નારાજગી વ્યક્ત કરીને તેને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દીધું છે.

કમ્પોસ્ટેબલ પ્લાસ્ટિક ઉત્પાદનમાં ૬૨ ઉત્પાદકો સાથે ગુજરાત દેશમાં પ્રથમ ક્રમે

દેશના કુલ ઉત્પાદકોમાં ગુજરાતનો હિસ્સો આશરે ૧૬%, વાઈબ્રન્ટ ગુજરાત અને નવી ઔદ્યોગિક નીતિથી કમ્પોસ્ટેબલ પ્લાસ્ટિક ઉત્પાદન ક્ષેત્રને વેગ

ગાંધીનગર,

સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (CPCB) દ્વારા રજૂ કરાયેલા રાજ્યવાર આંકડા મુજબ, કમ્પોસ્ટેબલ પ્લાસ્ટિક અને તેમાંથી બનતા ઉત્પાદનોના નોંધાયેલા ઉત્પાદકોની સંખ્યામાં ગુજરાત સમગ્ર ભારતમાં પ્રથમ ક્રમે છે. રાજ્યમાં હાલમાં ૬૨ નોંધાયેલા ઉત્પાદકો છે, જે બીજા ક્રમે રહેલા તમિલનાડુના ૪૨ ઉત્પાદકો કરતાં ૨૦ ઉત્પાદક વધુ છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત કમ્પોસ્ટેબલ પ્લાસ્ટિક ઉત્પાદન ક્ષેત્રે નોંધપાત્ર પ્રગતિ કરી રહ્યું છે. CPCB ના 'કમ્પોસ્ટેબલ પ્લાસ્ટિક્સ ઈ-સર્ટિફિકેશન પોર્ટલ' પર દેશભરમાં નોંધાયેલા અંદાજે ૪૦૦ ઉત્પાદકોમાંથી ૬૨ ઉત્પાદક સાથે ગુજરાતનો હિસ્સો લગભગ ૧૬% છે. કમ્પોસ્ટેબલ પ્લાસ્ટિક ઉત્પાદકની યાદીમાં ગુજરાત બાદ તમિલનાડુમાં ૪૨, મહારાષ્ટ્રમાં ૪૧, તેલંગાણામાં ૩૩ અને મધ્યપ્રદેશમાં ૨૬ યુનિટની નોંધણી થયેલી છે.

કમ્પોસ્ટેબલ પ્લાસ્ટિક ઉત્પાદનમાં રાજ્યની આ અગ્રેસરતા એવા સમયે સામે આવી છે જ્યારે ટકાઉ (સસ્ટેનેબલ) ઓ વસ્તુઓ વાઈબ્રન્ટ ગુજરાત પ્લેટફોર્મના એજન્ડામાં ટોચ પર છે. જાન્યુઆરીમાં રાજકોટ ખાતે યોજાયેલી કચ્છ અને સૌરાષ્ટ્ર ઝોનની 'વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ' ની શરૂઆત પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ અને પર્યાવરણ સંરક્ષણ અંગેના સેમિનારથી થઈ હતી. આ સત્રમાં CIPET અમદાવાદ દ્વારા ઉદ્યોગસાહસિકો, GPCB ના અધિકારીઓ, શિક્ષણવિદો અને વિદ્યાર્થીઓને કમ્પોસ્ટેબલ પ્લાસ્ટિકના ધોરણો અને CPCB સર્ટિફિકેશન પ્રક્રિયા વિશે સમજાવવામાં આવ્યું હતું. રાજ્યભરમાં યોજાયેલી પ્રાદેશિક પરિષદોમાં MSMEs સહિત ઉદ્યોગો સાથે MoUs પણ કરવામાં આવ્યા હતા, જેનાથી 'વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૭' અગાઉ આ ક્ષેત્રને નવી ગતિ મળી છે.

સરકારના આ પ્રયાસોને નીતિગત સમર્થન પણ મળ્યું છે. જૂનમાં જાહેર કરાયેલી 'વિકસિત ગુજરાત ઔદ્યોગિક નીતિ ૨૦૨૬'માં સસ્ટેનેબિલિટીને તેના ચાર મુખ્ય સ્તંભોમાં સ્થાન આપવામાં આવ્યું છે, અને આ સર્કયુલર ઇકોનોમી પ્રવૃત્તિઓને 'થ્રસ્ટ સેક્ટર' ગણવામાં આવ્યું છે. આ નીતિ ગ્રીન ઈન્ડસ્ટ્રીયલ પાર્ક, સ્વચ્છ ઉત્પાદન ટેકનોલોજી અને પર્યાવરણ પ્રત્યે જવાબદાર ઉત્પાદનને પણ પ્રોત્સાહન આપી રહી છે, જે કમ્પોસ્ટેબલ પ્લાસ્ટિક ઉત્પાદકોને રાજ્યના ઔદ્યોગિક આયોજનમાં સ્પષ્ટરુપે મજબૂત સ્થાન આપી રહ્યું છે.

નવસારી પોલીસનું ડ્રગ્સ વિરોધી ઓપરેશન ક્લીન ઓરલ ફ્લૂઈડ કીટથી કરવામાં આવી તપાસ

નવસારી,

સમગ્ર રાજ્ય અને શહેરને નશામુક્ત કરવા અંગેના અભિયાન અંતર્ગત નવસારી જિલ્લા પોલીસે ડ્રગ્સ વિરોધી કાર્યવાહી વધુ તેજ બનાવી છે. અત્યાર સુધી ડ્રગ્સની હેરાફેરી અને વેચાણ કરતા પેડલરોને નિશાન બનાવતી પોલીસ હવે નશાનું સેવન કરતા લોકો સુધી પણ પહોંચી રહી છે. આ દિશામાં નવસારીમાં 'ઓપરેશન ક્લીન' અંતર્ગત જીંજ, ટાઉન પોલીસ અને નાર્કોટિક્સ વિભાગની ટીમે સંયુક્ત રીતે કોમ્બિંગ અને ચેકિંગ હાથ ધર્યું હતું. આ કાર્યવાહીમાં આધુનિક ઓરલ ફ્લુઈડ ટેસ્ટિંગ કીટનો ઉપયોગ કરીને શંકાસ્પદ યુવાનોના લાળના સેમ્પલ લેવામાં આવ્યા હતા. નવસારીના કોલેજ રોડ વિસ્તારમાં પોલીસ દ્વારા ઓચિંતું ચેકિંગ કરવામાં આવ્યું હતું. ટાઉન પોલીસ, SOG અને નાર્કોટિક્સ વિભાગની સંયુક્ત ટીમે વિવિધ સ્થળોએ તપાસ હાથ ધરી હતી. કોલેજ વિસ્તારની આસપાસના પાનના ગલ્લાઓ પર એકત્ર થતા અને સિગારેટ પીતા શંકાસ્પદ યુવાનોની પૂછપરછ કરવામાં આવી હતી. પોલીસની અચાનક કાર્યવાહીને પગલે વિસ્તારમાં દોડધામ અને ફફડાટનો માહોલ જોવા મળ્યો હતો. નવસારી પોલીસ દ્વારા ડ્રગ્સના સેવનની પ્રાથમિક તપાસ માટે પહેલીવાર આધુનિક ઓરલ ફ્લુઈડ કીટનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

- આ કીટમાં વ્યક્તિની લાળનું સેમ્પલ લેવામાં આવે છે.
- દાવો કરવામાં આવે છે કે, સેમ્પલ લીધા બાદ આશરે ૧૦ મિનિટમાં પ્રાથમિક પરિણામ મળી શકે છે.
- એમડી ડ્રગ્સ સહિતના નશીલા પદાર્થોના સેવનની શંકા અંગે સ્થળ પર જ તપાસ કરી શકાય છે.
- આ ટેકનોલોજીથી શંકાસ્પદ વ્યક્તિઓની ઓળખ કરવામાં પોલીસને ઝડપ મળી શકે છે.

નશાના કાળા કારોબારને ન્સ્તે નાબુદ કરવા 'ઓપરેશન ક્લીન' અંતર્ગત પોલીસની આ કાર્યવાહીથી ડ્રગ્સના વેચાણ અને સેવન સાથે સંકળાયેલા તત્વોમાં ફફડાટ ફેલાયો છે.

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ રોડ-શોનું લખનઉ ખાતે આયોજન : ઉત્તર પ્રદેશના ઉદ્યોગોને રાજ્યની વિકાસગાથામાં ભાગીદાર બનવા આમંત્રણ

મંત્રી રમણભાઈ સોલંકીએ સેમિકન્ડક્ટર્સ અને સંરક્ષણથી લઈને ફૂડ પ્રોસેસિંગ અને ટેક્સટાઈલ્સ સુધીના ક્ષેત્રોમાં ગુજરાત અને ઉત્તર પ્રદેશની પૂરક શક્તિઓ પર ભાર મૂક્યો

લખનૌ,

ગુજરાત સરકાર દ્વારા હોટેલ હિલ્ટન, લખનઉ ખાતે વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ (VGGS) 2027 માટે રોડ-શોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગુજરાત અને ઉત્તર પ્રદેશના મંત્રીઓ અને વરિષ્ઠ અધિકારીઓની સાથે ઉદ્યોગ અગ્રણીઓ અને રોકાણકારો એકત્ર થયા હતા. આ રોડ-શોમાં ઉત્તર પ્રદેશના ઉદ્યોગોને ૧૦થી ૧૨ જાન્યુઆરી, ૨૦૨૭ દરમિયાન ગુજરાતના ગાંધીનગર સ્થિત મહાત્મા મંદિર ખાતે યોજાનારી સમિટમાં ભાગ લેવા માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું.



આ ઉચ્ચ-સ્તરીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ ગુજરાત સરકારના અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના મંત્રી રમણભાઈ સોલંકીએ કર્યું હતું, જેમની સાથે લખનઉ રોડ-શોના નોડલ ઓફિસર અને ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રીમતી મમતા વર્મા (IAS), ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ સચિવ આલોક કુમાર પાંડે (IAS), ગુજરાત સરકારના સ્જીસ્ઈ કમિશનર સુક્ષિપ્રા આગ્રે (IAS) અને ઉત્તર પ્રદેશ સરકારના સ્જીસ્ઈ અને નિકાસ પ્રોત્સાહન વિભાગના અગ્ર સચિવ શશી ભૂષણ લાલ સુશીલ (IAS) જોડાયા હતા. આ ઉપરાંત, અનેક ઉદ્યોગ અગ્રણીઓ, રોકાણકારો અને વેપાર તથા ઉદ્યોગ સંગઠનોના પ્રતિનિધિઓએ પણ આ રોડ શોમાં ભાગ લીધો હતો.

પાંચ વર્ષના NDPS કેસોની તપાસ, ડ્રગ્સ સોદાગરોની નાણાકીય તપાસ અને ડાર્ક વેબ નેટવર્ક સામે કાર્યવાહી થશે

ગુજરાતને નશામુક્ત બનાવવા NCBનો રોડમેપ તૈયાર

અમદાવાદ,

સમગ્ર ગુજરાતને નશામુક્ત બનાવવા માટે નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો (દ્વઝમ) દ્વારા ખાસ રોડમેપ તૈયાર કરવામાં આવ્યો છે. રાજ્યમાં ડ્રગ્સના વધતા નેટવર્કને નિયંત્રણમાં લેવા અને નશીલા પદાર્થોના ગેરકાયદેસર વેપાર સામે કડક કાર્યવાહી કરવા દ્વઝમ દ્વારા વિવિધ એજન્સીઓ સાથે મળીને કામગીરી કરવામાં આવશે. આ અભિયાનમાં માત્ર ડ્રગ્સ પકડવા પૂરતું જ નહીં, પરંતુ તેના પાછળ કાર્યરત સમગ્ર નેટવર્કને તોડી પાડવા પર પણ ભાર મૂકવામાં આવશે.

આ રોડમેપ હેઠળ ગુજરાત પોલીસ, NCB અને અન્ય તપાસ એજન્સીઓ વચ્ચે સંકલન વધારવામાં આવશે. ડ્રગ્સના કારોબારમાં સંડોવાયેલા મોટા સોદાગરોની નાણાકીય તપાસ પણ કરવામાં આવશે. ડ્રગ્સના વેપારથી ઊભી થયેલી ગેરકાયદેસર સંપત્તિ અને નાણાકીય વ્યવહારોની તપાસ કરીને આવા નેટવર્કના મૂળ સુધી પહોંચવાનો પ્રયાસ કરાશે.

ખાસ કરીને છેલ્લા પાંચ વર્ષ દરમિયાન દ્વઢજી એક્ટ હેઠળ નોંધાયેલા કેસોના આરોપીઓની ફરીથી તપાસ કરવામાં આવશે. આ તપાસમાં આરોપીઓની વર્તમાન સ્થિતિ, તેમના સંપર્કો અને ડ્રગ્સના કારોબાર સાથેના સંબંધોની વિગતો મેળવવામાં આવશે. જેલમાં બંધ આરોપીઓ તેમજ અન્ય રાજ્યોમાં રહેતા આરોપીઓ સામે પણ જરૂરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

NCBના આ રોડમેપમાં ડાર્ક વેબ દ્વારા ચાલતા ડ્રગ્સના ગેરકાયદેસર નેટવર્કને પણ પ્રાથમિકતા આપવામાં આવી છે. ઓનલાઈન માધ્યમથી થતા ડ્રગ્સના સોદા અને તેની સાથે સંકળાયેલા લોકો સામે કાર્યવાહી વધુ તેજ કરવામાં આવશે. આ ઉપરાંત યુવાનોને નશાની લતથી દૂર રાખવા માટે લોકજાગૃતિ અને લોકભાગીદારીને મહત્વ આપવામાં આવશે.

શૈક્ષણિક સંસ્થાઓ, સામાજિક સંગઠનો અને નાગરિકોના સહયોગથી નશામુક્તિ અંગે જાગૃતિ ફેલાવવાનો પ્રયાસ કરાશે. આમ, ગુજરાતને નશામુક્ત બનાવવા માટે NCB દ્વારા તપાસ, નાણાકીય કાર્યવાહી, આંતરરાજ્ય સંકલન અને જનજાગૃતિને જોડીને વ્યાપક અભિયાન હાથ ધરવાની દિશામાં આયોજન કરવામાં આવ્યું છે.

રાજ્યમાં ૨૩૬ સરસ મેળા થકી અંદાજે રૂ. ૩૯ કરોડ કરતાં વધુનું વેચાણ: ૮,૫૦૦થી વધુ સખી મંડળો બન્યા આર્થિક ક્રાંતિના વાહક

આગામી તા. ૫ ડિસેમ્બરથી ૧૫ જાન્યુઆરી, ૨૦૨૭ સુધી કચ્છ રણોત્સવ ખાતે સખી ક્રાફ્ટ બજારનું આયોજન

અમદાવાદ/રાજકોટ,

ગુજરાતની ગ્રામીણ નારીશક્તિ આજે રાજ્યના આર્થિક વિકાસનું એક મજબૂત ચાલકબળ બની રહી છે. પોતાની આગવી કુશળતા અને અથાગ પરિશ્રમના બળે સફળ ઉદ્યોગસાહસિક તરીકે ઉભરી રહેલી આ નારીશક્તિ માટે 'ગુજરાત લાઇવલીહુડ પ્રમોશન કંપની લિમિટેડ' (GLPC) એક સશક્ત માધ્યમ બન્યું છે. ભારત સરકારની મહત્વાકાંક્ષી યોજના 'દીનદયાળ અંત્યોદય યોજના-રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન' (DAY-NRLM) અંતર્ગત વર્ષ ૨૦૨૧ થી ૨૦૨૬ સુધીના પાંચ વર્ષમાં રાજ્યભરમાં ૨૩૬ ભવ્ય 'સરસ મેળાઓ'નું આયોજન કરીને મહિલા સશક્તીકરણનો એક નવો સુવર્ણ અધ્યાય લખાયો છે, જેમાં ૮,૫૦૦થી વધુ સ્વ-સહાય જૂથો (SHGs) એ સહભાગી થઈને અંદાજે રૂ. ૩૯ કરોડ કરતાં વધુનું વેચાણ નોંધાવ્યું છે.



આ સફળતાની શૃંખલામાં ચાલુ વર્ષે તહેવારો દરમિયાન યોજાયેલા વિવિધ મેળાઓમાં ગ્રામીણ બહેનોની કલા અને કૌશલ્યને અદભૂત પ્રતિસાદ મળ્યો છે. શ્રાવણ ઉત્સવ અંતર્ગત યોજાયેલા ૭ મેળાઓમાં ૧૮૭ સ્ટોલ પર ૩૭૦થી વધુ બહેનોએ રૂ. ૧.૩ કરોડનું વેચાણ કર્યું, જેની ૧૦ લાખથી વધુ નાગરિકોએ મુલાકાત લીધી હતી. ત્યારબાદ ત્રિ-નવરાત્રીના ૩૮૩ સ્ટોલ પર ૭૬૬ બહેનોએ રૂ. ૨ કરોડથી વધુની આવક મેળવી, જ્યારે અમદાવાદના વ્સ્ફઝ ગ્રાઉન્ડ ખાતે વાઈબ્રન્ટ નવરાત્રી મહોત્સવમાં "સ્ત્રી શક્તિ-સખી શક્તિ" થીમ હેઠળ નારીશક્તિનું પ્રદર્શન યોજાયું હતું. આ ઉપરાંત મહેસાણા, અમરેલી અને નવસારી ખાતે યોજાયેલા પ્રી-દિવાળી મેળાઓમાં પણ ૧૧૫ સ્ટોલ પર ૨૨૬ બહેનોએ ઉત્સાહભેર ભાગ લઈને આત્મનિર્ભરતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન અને ગ્રામ વિકાસ મંત્રી કુંવરજીભાઈ બાવળીયાના નેતૃત્વ હેઠળ ગ્રામ વિકાસ વિભાગ દ્વારા આયોજિત 'સરસ મેળાઓ' ગ્રામીણ અર્થતંત્ર માટે નવી દિશા ખોલી રહ્યા છે. આ આયોજનનો મૂળ હેતુ માત્ર ચીજવસ્તુઓના વેચાણ પૂરતો સીમિત ન રહેતા, ગ્રામીણ બહેનો દ્વારા નિર્મિત પરંપરાગત હસ્તકલા, હેન્ડલૂમ, ખાદ્યપદાર્થો અને સ્થાનિક ઉત્પાદનોને વચેટિયાઓ વિના સીધું બજાર અને ગ્રાહકો સાથે જોડવાનો છે.

પાલનપુરના ભાગળમાં બબાલ બાદ પોલીસનો કડક બંદોબસ્ત; ૨૦ લોકોની અટકાયત

બનાસકાંઠા,

બનાસકાંઠાના પાલનપુર તાલુકામાં પોલીસ વિભાગે ચુસ્ત બંદોબસ્ત ગોઠવવાની જરૂર પડી હતી કારણ કે ભાગળ ગામે અદાવત રાખી બે જૂથ વચ્ચે થયેલી મારામારી મામલે પાલનપુર તાલુકા પોલીસ મથકે ૨૦ લોકો સામે ફરિયાદ નોંધાઈ છે. પોલીસે હુમલામાં સામેલ લોકોની અટકાયત બાદ આગળની તપાસ આરંભી છે. બીજી બાજુ ગામમાં કોઈ અણબનાવ ન બને તે માટે પોલીસ કાફલો ખડકી દેવામાં આવ્યો છે.

પાલનપુર તાલુકાના ભાગળ ગામે જૂની અદાવતમાં મારામારી થઈ હોવાની ઘટના સામે આવી હતી. બે જૂથના લોકો સામસામે આવી જતા જૂથ અથડામણ થઈ હતી. આ જૂથ અથડામણમાં ૪ જેટલા લોકો ઈજાગ્રસ્ત થયા હતા, જેમને સારવાર માટે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જોકે, જૂથ અથડામણની ઘટના બાદ પાલનપુર તાલુકા પોલીસે તેમજ ડીવાયએસપી સહિતનો કાફલો ગામમાં ખડકાયો હતો અને ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.

ભાગળમાં મારામારીની ઘટના બાદ પોલીસ એક્શનમાં આવી ગઈ હતી. બે જૂથ વચ્ચે થયેલી અથડામણની આ ઘટનામાં પોલીસે ગંભીરતા દાખવી તાત્કાલિક એક્શન લીધું હતું અને ૨૦ લોકો સામે તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધી છે અને તમામ લોકોની અટકાયત કરી પોલીસે સમગ્ર મામલે કાયદાકીય પ્રક્રિયા હાથ ધરી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં જૂની અદાવતને લઈને મારામારી થઈ હોવાનું ખૂલ્યું છે.

ગુરુવારે બંને જૂથ વચ્ચે થયેલી મારામારીના વીડિયો પણ હાલ સોશિયલ મીડિયામાં વાયરલ થયા હતા. વાયરલ વીડિયોમાં મહિલાઓ પણ છુટા હાથથી મારામારી કરતી હોવાના અને ઈંટો પથ્થરોથી હુમલો કરાયો હોવાના દ્રશ્યો સામે આવ્યા હતા. પોલીસે બે જૂથ વચ્ચેની બબાલના વાયરલ વીડિયોના આધારે પણ તપાસ તેજ કરી છે.

ડીવાયએસપી ડો. જીગ્નેશ ગામીતના જણાવ્યા મુજબ, ફરિયાદીના ઘરે એક સંપ થઈને લોકોએ ઘર સુધી ઘૂસી મારામારી કરી હતી. તેમજ ફરિયાદીના દીકરાને પણ મારવાનો પ્રયાસ કર્યો હતો. હાલમાં ૧૦ લોકોની અટકાયત કરવામાં આવી છે.

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા ધરમપુરના શ્રીમદ રાજચંદ્ર આશ્રમ ઉત્કર્ષ સંવાદ ચિંતન શિબિરનું આયોજન

વલસાડ,

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા પ્રથમ વખત ત્રણ દિવસીય ચિંતન શિબિર 'ઉત્કર્ષ સંવાદ-૨૦૨૬'નું આયોજન વલસાડ જિલ્લાના ધરમપુર સ્થિત શ્રીમદ રાજચંદ્ર આશ્રમ ખાતે કરવામાં આવ્યું હતું.

વિભાગના સચિવ શ્રી હર્ષદ પટેલ (IAS)ના માર્ગદર્શન અને અધ્યક્ષતામાં યોજાયેલી આ શિબિરમાં વિભાગના વહીવટી અધિકારીઓ, ખાતાના વડાઓ તથા જિલ્લા કક્ષાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. 'સામૂહિક સંવાદ, સામૂહિક વિકાસ'ની થીમ સાથે યોજાયેલી આ શિબિરમાં વિભાગની કામગીરી, વિવિધ યોજનાઓના અસરકારક અમલીકરણ અને ભવિષ્યના આયોજન અંગે વ્યાપક ચિંતન-મંથન કરવામાં આવ્યું હતું.



ધરમપુર સ્થિત શ્રીમદ રાજચંદ્ર આશ્રમના પવિત્ર અને આધ્યાત્મિક વાતાવરણમાં યોજાયેલી આ શિબિરમાં સરકારી કામગીરી અને વહીવટી વિષયો પર ચર્ચા-વિચારણા ઉપરાંત સવારના સત્રમાં યોગ, પ્રાણાયામ અને સાઉન્ડ બાથ મેડિટેશન જેવી પ્રવૃત્તિઓનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

શિબિરમાં સચિવાલયના વહીવટી વિભાગ, ખાતાના વડાઓની કચેરીઓ અને જિલ્લા કક્ષાના અધિકારીઓની વિવિધ ટીમો દ્વારા છૈં આધારિત ઉકેલો, ડિજિટલ સોલ્યુશન્સ અને ડિજિટલ ગવર્નન્સ, દિવ્યાંગજનો માટે અવરોધમુક્ત વાતાવરણનું નિર્માણ જેવા મહત્ત્વના વિષયો પર ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત વિદ્યાર્થીઓ, બાળકો, વૃદ્ધો, ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓ અને જરૂરિયાતમંદ નાગરિકો સહિત સમાજના દરેક વર્ગ સુધી વિભાગની વિવિધ યોજનાઓનો મહત્તમ લાભ સરળતાથી અને અસરકારક રીતે પહોંચાડી શકાય તે માટેના ઉપાયો અંગે પણ વિચારવિમર્શ કરવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના મંત્રીશ્રી ડૉ. પ્રદ્યુમન વાજા વીડિયો કોન્ફરન્સના માધ્યમથી જોડાયા હતા.

સરકારી યોજનાઓના ઝડપી મૂલ્યાંકન માટે ટ્રાન્સફોર્મિંગ સર્વે ઇકોસિસ્ટમ વેબ પોર્ટલનો પ્રારંભ કરવાતા સચિવ આદ્રા અગ્રવાલ

સરકારી યોજનાઓના મૂલ્યાંકનની કામગીરી વધુ ઝડપી, પારદર્શી અને સુવ્યવસ્થિત બનશે

ગાંધીનગર,

સરકારી યોજનાઓના મૂલ્યાંકનને વધુ ઝડપી, પારદર્શી અને સુવ્યવસ્થિત બનાવવાના હેતુથી ગાંધીનગર ખાતે મૂલ્યાંકન વિભાગના સચિવ શ્રી આદ્રા અગ્રવાલના હસ્તે નવા ડિજિટલ પ્લેટફોર્મ 'ટ્રાન્સફોર્મિંગ સર્વે ઇકોસિસ્ટમ વેબ પોર્ટલ'નો શુભારંભ કરવામાં આવ્યો હતો. મૂલ્યાંકન નિયામકશ્રીની કચેરી દ્વારા રાજ્યના વિવિધ વિભાગોના સચિવો અને વરિષ્ઠ અધિકારીઓને નવનિર્મિત મૂલ્યાંકન પોર્ટલની કાર્યપ્રણાલીથી અવગત કરાવવા માટે એક વિશેષ તાલીમ અને માર્ગદર્શન સત્રનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

મૂલ્યાંકન વિભાગના સચિવ શ્રી આદ્રા અગ્રવાલે જણાવ્યું હતું કે, શિક્ષણ, આરોગ્ય અને કૃષિ જેવા મુખ્ય ક્ષેત્રોમાં અમલમાં મુકાયેલી



રાજ્ય સરકારની મહત્વપૂર્ણ યોજનાઓ પોતાના નિર્ધારિત હેતુઓ પાર પાડી રહી છે કે કેમ, તેની ચકાસણી મૂલ્યાંકન નિયામકશ્રીની કચેરી દ્વારા કરવામાં આવે છે. આ યોજનાઓ લાભાર્થીઓના સામાજિક-આર્થિક જીવનમાં માપી શકાય તેવો સુધારો લાવી રહી છે કે નહીં, તેનું પણ સઘન મૂલ્યાંકન થાય છે. અગાઉ, વહીવટી બદલીઓ અને વિભાગીય માહિતીની લાંબી આપ-લેના કારણે મૂલ્યાંકન અભ્યાસોમાં સમય લાગતો હતો, જેના પરિણામે ભલામણોનો તાત્કાલિક અમલ કરવાની અસરકારકતા ઘટી જતી હતી. જોકે, આ નવા ડિજિટલ પોર્ટલના માધ્યમથી સરકારી યોજનાઓનું મૂલ્યાંકન હવે ઓછા સમયમાં થઈ શકશે અને કાર્યક્ષમ ભલામણો સમયસર મળી શકશે, તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો. મૂલ્યાંકન વિભાગના સચિવ શ્રી આદ્રા અગ્રવાલે નવા પોર્ટલની મુખ્ય વિશેષતાઓ અંગે માહિતી આપતા ઉમેર્યું હતું કે, આ પ્લેટફોર્મ દ્વારા વિભાગો હવે સીધા ઓનલાઈન યોજનાઓના મૂલ્યાંકન માટેની માંગણી રજૂ કરી શકશે.

જેલોમાં કેદ માછીમારો અને બોટોને વહેલી તકે સ્વદેશ લાવવા માંગ

કૈલેશ ભટ્ટ ઉના:

ગુજરાતના વિશાળ દરિયાકિનારે વસતા માછીમાર સમાજના હિતમાં ગીર સોમનાથ જિલ્લા ભાજપ (બક્ષીપંચ મોરચા)ના મહામંત્રી રસિક ચાવડા (આર.સી.) દ્વારા દેશના માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીને લેખિત રજૂઆત કરીને પાકિસ્તાનની જેલોમાં બંધ ભારતીય (વિશેષ કરીને ગુજરાતના) નિર્દોષ માછીમારો તથા તેમની જપ્ત કરાયેલી બોટોને તાત્કાલિક મુક્ત કરાવી સ્વદેશ પરત લાવવા માંગ કરવામાં આવી છે. આ અંગેની રજૂઆત માનનીય મુખ્યમંત્રીશ્રીના કાર્યાલય (સચિવાલય, ગાંધીનગર) તથા માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીના કાર્યાલય (સ્વર્ણિમ સંકુલ, ગાંધીનગર) ખાતે પણ કરવામાં આવી છે.



રજૂઆતમાં જણાવવામાં આવ્યું છે કે, પોરબંદર, વેરાવળ, માંગરોળ, ઉના, જાફરાબાદ, ઓખા, કોડીનાર અને દીવ સહિતના દરિયાકાંઠાના વિસ્તારોમાં રહેતા ખારવા, કોળી અને અન્ય તટીય માછીમાર સમુદાયોની આજીવિકા સંપૂર્ણપણે માછીમારીના વ્યવસાય પર નિર્ભર છે. દરિયામાં કોઈ સ્પષ્ટ ભૌગોલિક સીમા કે સંકેત ચિહ્નો ન હોવાથી, તેજ પવન, દરિયાઈ મોજા અને ટેકનિકલ ખામીના કારણે માછીમારો અજાણતામાં આંતરરાષ્ટ્રીય દરિયાઈ સીમા ઓળંગીને પાકિસ્તાની જળસીમામાં પ્રવેશી જાય છે, જ્યાં પાકિસ્તાનના અધિકારીઓ (સ્જીછ) દ્વારા તેમની ધરપકડ કરી બોટો જપ્ત કરી લેવામાં આવે છે.

રસિક ચાવડાએ ભારત સરકારના વિદેશ મંત્રાલય અને પાકિસ્તાન સ્થિત ભારતીય ઉચ્ચાયોગ મારફતે કાનૂની અને કૂટનીતિક સ્તરે ઉચ્ચ સ્તરીય વાટાઘાટો શરૂ કરવા વિનંતી કરી છે. તેમજ જેલમાં બંધ તમામ ભારતીય માછીમારોને ત્વરિત 'કોન્સ્યુલર એક્સેસ' અપાવી નાગરિકતા ચકાસણીની પ્રક્રિયા ઝડપી બનાવી તેમને મુક્ત કરાવવા અને તેમની જપ્ત કરાયેલી બોટો પરત અપાવવા નક્કર પગલાં ભરવા માંગ કરી છે, જેથી તેઓ ફરીથી પોતાની આજીવિકા શરૂ કરી શકે અને પરિવારોમાં ખુશાલી આવે.

અમરેલી જિલ્લામાં મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ-૨૦૨૭નો પ્રારંભ: તા. ૨૬ ડિસેમ્બર સુધી નામ નોંધણી અને સુધારા કરાવી શકાશે

અમરેલી જિલ્લાના ૧,૩૯૫ મતદાન મથકો પર ખાસ મતદાર નોંધણી ઝુંબેશ યોજાશે,તા. ૨૯ નવેમ્બર, તા. ૬ અને ૧૩ ડિસેમ્બર (રવિવાર)ના રોજ ખાસ મતદાર નોંધણી ઝુંબેશ

અમરેલી: ભારતના ચૂંટણીપંચ દ્વારા તા. ૦૧.૦૧.૨૦૨૭ની લાયકાતની તારીખના સંદર્ભમાં મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ-૨૦૨૭ જાહેર કરવામાં આવેલ છે. જે અન્વયે આજરોજ અમરેલી જિલ્લામાં તા. ૨૭.૧૧.૨૦૨૬ના રોજ મુસદ્દા મતદારયાદીની પ્રસિદ્ધિ કરવામાં આવી હતી.

આ અન્વયે જિલ્લા ચૂંટણી અધિકારી -વ- જિલ્લા કલેક્ટર શ્રી વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં માન્ય રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા અને તેમને મુસદ્દા મતદારયાદીની નકલ આપવામાં આવી હતી. તેમજ હક્ક-દાવા અને વાંધા અરજીઓ રજૂ કરવાના સમયગાળા તથા ખાસ ઝુંબેશના દિવસો બાબતે માહિતગાર કરવામાં આવ્યા હતા.

જિલ્લાના તમામ નાગરિકોને પોતાનું નામ મુસદ્દા મતદારયાદીમાં ચકાસી લેવા અનુરોધ કરવામાં આવે છે. તા. ૨૭.૧૧.૨૦૨૬ (શુક્રવાર) થી તા. ૨૬.૧૨.૨૦૨૬ (શનિવાર) સુધીના હક્ક-દાવા અને વાંધા અરજીઓ રજૂ કરવાના સમયગાળા દરમિયાન તા. ૦૧.૦૧.૨૦૨૭ની સ્થિતિએ લાયકાત ધરાવતા ભારતના નાગરિકો મતદારયાદીમાં પોતાના નામની નોંધણી કરાવી શકશે, તેમજ મતદારયાદીમાં નામ ધરાવતા મતદારો પોતાની વિગતોમાં સુધારા કરાવી શકશે.



આગામી તા. ૨૯.૧૧.૨૦૨૬ (રવિવાર), તા. ૦૬.૧૨.૨૦૨૬ (રવિવાર) તેમજ તા. ૧૩.૧૨.૨૦૨૬ (રવિવાર) ના રોજ ખાસ ઝુંબેશના દિવસો હોવાથી જિલ્લામાં સમાવિષ્ટ ૧,૩૯૫ મતદાન મથકો ખાતે બુથ લેવલ અધિકારીઓ સવારના ૧૦.૦૦ કલાકથી સાંજના ૦૫.૦૦ કલાક સુધી ઉપસ્થિત રહી મતદારયાદીમાં નામ નોંધણી, સુધારા અને કમી માટેના ફોર્મ્સ સ્વીકારશે. જિલ્લામાં વસવાટ કરતા દેશના યુવા નાગરિકો વધુમાં વધુ મતદારયાદીમાં પોતાના નામની નોંધણી કરાવે તે માટે જિલ્લા ચૂંટણી અધિકારી-વ-કલેકટરશ્રી, અમરેલી તરફથી જાહેર અપીલ કરવામાં આવે છે.

વધુ માહિતી માટે મતદારો ભારતના ચૂંટણીપંચના મતદાર હેલ્પલાઈન નંબર (ટોલ ફ્રી) ૧૯૫૦ પર સંપર્ક કરી માર્ગદર્શન મેળવી શકશે. આ બેઠકમાં નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી સહિત અમરેલી જિલ્લાના પ્રાંત અધિકારી સર્વશ્રી ઉપસ્થિત રહ્યા હતા.

ટ્રાન્સપોર્ટ વાહનો માટેની નવી સિરીઝ માટે અમરેલી એ.આર.ટી.ઓ દ્વારા ઈ-ઓકશન પ્રક્રિયા

અમરેલી:

અમરેલી એ.આર.ટી.ઓ. દ્વારા ટ્રાન્સપોર્ટ વાહનો માટેની નવી સિરીઝ GJ 14 AT Z 0001-9999 E-ઓકશન પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

ઈ-ઓકશન માટે ઓનલાઈન અરજી તા.૦૨.૧૨.૨૦૨૬ના રોજ સાંજે ૦૪ વાગ્યા થી તા.૦૪.૧૨.૨૦૨૬ના સાંજે ૪ વાગ્યા સુધીમાં થઇ શકશે. બિડિંગ સમયગાળો તા.૦૪.૧૨.૨૦૨૬ સાંજે ૦૪ કલાકથી તા.૦૬.૧૨.૨૦૨૬ સાંજે ૦૪ કલાક સુધી રહેશે. ઈ-ઓકશનનું પરિણામ તા.૦૬.૧૨.૨૦૨૬ એ જાહેર થશે.

ઓનલાઈન ઈ-ઓકશનમાં ભાગ લેવા માટે અરજદારે http://parivahan.gov.in/parivahan/ પર નોંધણી, યુઝર આઈ.ડી.પાસવર્ડ તૈયાર કરવા અને હરાજી, ચૂકવણું કરવું, વાહન નંબર મેળવવા સહિતની પ્રક્રિયામાં ભાગ લેવાનો રહેશે.

વાહન ખરીદીના સાત દિવસની અંદર ઓનલાઈન સી.એન.એ. ફોર્મ ભરવાનું રહેશે. અરજદારે અરજી પ્રક્રિયા પૂર્ણ થયાના પાંચ દિવસમાં નાણા જમા કરાવવા. અરજદાર જો નિયત સમય મર્યાદામાં નાણાં ચૂકવવામાં નિષ્ફળ જાય તો મૂળ ભરેલી રકમને જપ્ત કરી ફરીવાર હરાજી કરવાની રહેશે.

આર.બી.આઈ. દ્વારા નક્કી કરવામાં આવેલા દરે ઓનલાઈન ઈ-ઓકશનમાં, અરજદારે ચાર્જ ચૂકવવાનો રહેશે. હરાજીની પ્રક્રિયામાં સફળ થયેલા અરજદારને સફળ ગણી બાકીના નાણાં દિન-૫ (પાંચ) માં ભરપાઈ કરવા માટે એસ.એમ.એસ. કે ઈ-મેઈલથી જણાવવામાં આવશે. હાલની મેન્યુઅલ પદ્ધતિ પ્રમાણે નાણા પરત કરવાના રહેશે એટલે કે નેટ બેંકિંગ, ક્રેડિટ કાર્ડ, ડેબિટ કાર્ડથી રકમનું ચૂકવણું કર્યું હોય તે જ મોડથી નાણાં અરજદારના એમ.આઈ.એસ.થી સફળ અને નિષ્ફળ વ્યવહારની ખાતરી કરી તે અંગેની જાણ બેંકને કરવી.

ઈ-ઓકશનમાં ભાગ લેવા માટેનો વીડિયો યુ ટ્યુબમાં ઈ-ઓકશન, આર.ટી.ઓ ગુજરાત સર્ચ કરવાથી મેળવી શકાશે. ઈનવોઈસ અથવા વિમાની તારીખ બેમાંથી જે વહેલા હોય તે તારીખથી સાત દિવસ થતા હોય તેવા વાહન માલિકો જ ઓકશનમાં ભાગ લઈ શકશે તેમ, અમરેલી સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીએ એક યાદીમાં જણાવ્યું છે.

મોટરકાર માટેની નવી સિરીઝ માટે અમરેલી એ.આર.ટી.ઓ દ્વારા ઈ-ઓકશન પ્રક્રિયા

અમરેલી: અમરેલી એ.આર.ટી.ઓ. દ્વારા મોટરકારની નવી સિરીઝ GJ 14 BL 0001-9999 ઈ-ઓકશન પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

ઈ-ઓકશન માટે ઓનલાઈન અરજી તા.૦૨.૧૨.૨૦૨૬ના રોજ સાંજે ૦૪ વાગ્યા થી તા.૦૪.૧૨.૨૦૨૬ના સાંજે ૪ વાગ્યા સુધીમાં થઇ શકશે. બિડિંગ સમયગાળો તા.૦૪.૧૨.૨૦૨૬ સાંજે ૦૪ કલાકથી તા.૦૬.૧૨.૨૦૨૬ સાંજે ૦૪ કલાક સુધી રહેશે. ઈ-ઓકશનનું પરિણામ તા.૦૬.૧૨.૨૦૨૬ એ જાહેર થશે.

ઓનલાઈન ઈ-ઓકશનમાં ભાગ લેવા માટે અરજદારે http://parivahan.gov.in/parivahan/ પર નોંધણી, યુઝર આઈ.ડી.પાસવર્ડ તૈયાર કરવા અને હરાજી, ચૂકવણું કરવું, વાહન નંબર મેળવવા સહિતની પ્રક્રિયામાં ભાગ લેવાનો રહેશે.

વાહન ખરીદીના સાત દિવસની અંદર ઓનલાઈન સી.એન.એ. ફોર્મ ભરવાનું રહેશે. અરજદારે અરજી પ્રક્રિયા પૂર્ણ થયાના પાંચ દિવસમાં નાણા જમા કરાવવા. અરજદાર જો નિયત સમય મર્યાદામાં નાણાં ચૂકવવામાં નિષ્ફળ જાય તો મૂળ ભરેલી રકમને જપ્ત કરી ફરીવાર હરાજી કરવાની રહેશે.

આર.બી.આઈ. દ્વારા નક્કી કરવામાં આવેલા દરે ઓનલાઈન ઈ-ઓકશનમાં, અરજદારે ચાર્જ ચૂકવવાનો રહેશે. હરાજીની પ્રક્રિયામાં સફળ થયેલા અરજદારને સફળ ગણી બાકીના નાણાં દિન-૫ (પાંચ) માં ભરપાઈ કરવા માટે એસ.એમ.એસ. કે ઈ-મેઈલથી જણાવવામાં આવશે. હાલની મેન્યુઅલ પદ્ધતિ પ્રમાણે નાણા પરત કરવાના રહેશે એટલે કે નેટ બેંકિંગ, ક્રેડિટ કાર્ડ, ડેબિટ કાર્ડથી રકમનું ચૂકવણું કર્યું હોય તે જ મોડથી નાણાં અરજદારના એમ.આઈ.એસ.થી સફળ અને નિષ્ફળ વ્યવહારની ખાતરી કરી તે અંગેની જાણ બેંકને કરવી.

ઈ-ઓકશનમાં ભાગ લેવા માટેનો વીડિયો યુ ટ્યુબમાં ઈ-ઓકશન, આર.ટી.ઓ ગુજરાત સર્ચ કરવાથી મેળવી શકાશે. ઈનવોઈસ અથવા વિમાની તારીખ બેમાંથી જે વહેલા હોય તે તારીખથી સાત દિવસ થતા હોય તેવા વાહન માલિકો જ ઓકશનમાં ભાગ લઈ શકશે તેમ, અમરેલી સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીએ એક યાદીમાં જણાવ્યું છે.

મોટરસાઈકલની નવી સિરીઝ માટે અમરેલી એ.આર.ટી.ઓ દ્વારા ઈ-ઓકશન પ્રક્રિયા

અમરેલી: અમરેલી એ.આર.ટી.ઓ. દ્વારા મોટરસાઈકલની નવી સિરીઝ GJ 14 BN 0001-9999 ઈ-ઓકશન પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

ઈ-ઓકશન માટે ઓનલાઈન અરજી તા.૦૨ ડિસેમ્બર, ૨૦૨૬ના રોજ સાંજે ૦૪ વાગ્યાથી તા.૦૪ ડિસેમ્બર, ૨૦૨૬ના સાંજે ૪ વાગ્યા સુધીમાં થઈ શકશે. બિડિંગ સમયગાળો તા.૦૪ ડિસેમ્બર, ૨૦૨૬ સાંજે ૦૪ કલાકથી તા. ૦૬ ડિસેમ્બર, ૨૦૨૬ સાંજે ૦૪ કલાક સુધી રહેશે. ઈ-ઓકશનનું પરિણામ તા.૦૬ ડિસેમ્બર,૨૦૨૬ એ જાહેર થશે.

ઓનલાઈન ઈ-ઓકશનમાં ભાગ લેવા માટે અરજદારે http://parivahan.gov.in/parivahan/ પર નોંધણી, યુઝર આઈ.ડી.પાસવર્ડ તૈયાર કરવા અને હરાજી,ચૂકવણું કરવું, વાહન નંબર મેળવવા સહિતની પ્રક્રિયામાં ભાગ લેવાનો રહેશે.

વાહન ખરીદીના સાત દિવસની અંદર ઓનલાઈન સી.એન.એ. ફોર્મ ભરવાનું રહેશે. અરજદારે અરજી પ્રક્રિયા પૂર્ણ થયાના પાંચ દિવસમાં નાણા જમા કરાવવા. અરજદાર જો નિયત સમય મર્યાદામાં નાણાં ચૂકવવામાં નિષ્ફળ જાય તો મૂળ ભરેલી રકમને જપ્ત કરી ફરીવાર હરાજી કરવાની રહેશે.

આર.બી.આઈ. દ્વારા નક્કી કરવામાં આવેલા દરે ઓનલાઈન ઈ-ઓકશનમાં, અરજદારે ચાર્જ ચૂકવવાનો રહેશે. હરાજીની પ્રક્રિયામાં સફળ થયેલા અરજદારને સફળ ગણી બાકીના નાણાં દિન-૫ (પાંચ)માં ભરપાઈ કરવા માટે એસ.એમ.એસ. કે ઈ-મેઈલથી જણાવવામાં આવશે. હાલની મેન્યુઅલ પદ્ધતિ પ્રમાણે નાણા પરત કરવાના રહેશે એટલે કે નેટ બેંકિંગ, ક્રેડિટ કાર્ડ, ડેબિટ કાર્ડથી રકમનું ચૂકવણું કર્યું હોય તે જ મોડથી નાણાં અરજદારના એમ.આઈ.એસ.થી સફળ અને નિષ્ફળ વ્યવહારની ખાતરી કરી તે અંગેની જાણ બેંકને કરવી.

ઈ-ઓકશનમાં ભાગ લેવા માટેનો વીડિયો યુ ટ્યુબમાં ઈ-ઓકશન, આર.ટી.ઓ ગુજરાત સર્ચ કરવાથી મેળવી શકાશે. ઈનવોઈસ અથવા વિમાની તારીખ બેમાંથી જે વહેલા હોય તે તારીખથી સાત દિવસ થતા હોય તેવા વાહન માલિકો જ ઓકશનમાં ભાગ લઈ શકશે તેમ, અમરેલી સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીએ એક યાદીમાં જણાવ્યું છે.

અમરેલી ખાતે જિલ્લા ડિસ્ટ્રિક્ટ એડવાઈઝરી કમિટી (PC-PNDT)ની બેઠક યોજાઈ

અમરેલી: અમરેલી જિલ્લા ડિસ્ટ્રિક્ટ એડવાઈઝરી કમિટી (પીસી-પીએનડીટી)ની મહત્વપૂર્ણ બેઠક તા. ૨૬-૧૧-૨૦૨૬ ના રોજ યોજવામાં આવી હતી. આ બેઠકમાં કમિટીના ચેરમેન શ્રી ડો. ગજેરા તથા અન્ય સભ્યશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. ગત બેઠકની કાર્યવાહી નોંધને વંચાણે લઈ બહાલી આપવામાં આવી હતી તેમજ નવા અને રિન્યુઅલ રજિસ્ટ્રેશન તથા આપવામાં આવેલી મંજૂરીઓને મંજૂર કરવામાં આવી હતી.

બેઠકમાં જિલ્લાના જાતિ પ્રમાણ અંગે વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી, જેમાં સમગ્ર જિલ્લાના રેશિયોમાં સકારાત્મક સુધારો જોવા મળ્યો હતો. જો કે, તાલુકાવાર આંકડાઓના રિવ્યુ બાદ જે તાલુકાઓમાં જાતિ રેશિયો ઓછો જણાયો છે ત્યાં દીકરીઓની સંખ્યા વધે તે માટે વિશેષ જનજાગૃતિ કાર્યક્રમો યોજવા અનુરોધ કરાયો હતો.

આ ઉપરાંત, જાતિ પ્રમાણ ઓછું ધરાવતા તાલુકાઓમાં ઝુંબેશ સ્વરૂપે સ્ટિંગ અને ડિકોય ઓપરેશન હાથ ધરવા કડક સૂચના આપવામાં આવી હતી. જિલ્લાના દરેક ક્લિનિકનું ૧૦૦ ટકા વેરિફિકેશન સુનિશ્ચિત થાય તે અંગે તમામ તાલુકા હેલ્થ ઓફિસરશ્રીઓને ખાસ તકેદારી રાખવા સૂચના આપવામાં આવી હતી.

'પાસ'ના નેતાઓમાં અચાનક જ સોશ્યલ મીડીયામાં તલવારબાજી!

જસદણથી શરૂઆત થઈ, હાર્દિકે પડકાર કર્યો અને વરુણ પટેલે ક્રાંતિની વાત કરી,દરેક અગ્રણીઓ 'મોભમ' પોસ્ટ મુકે છે, કોણ કોને ટાર્ગેટ કરતા હોય તે ચર્ચા



રાજકોટ:ગુજરાતમાં વિધાનસભા ચુંટણીને પુરા એક વર્ષની રાહ છે તે પુર્વે જ નવા વર્ષના સ્નેહમિલનમાં જે રીતે એક તરફ કોળી સમાજે મુખ્યમંત્રીપદ માટે દાવો કરી દીધો તો બીજી તરફ જસદણના સંમેલનમાં ખોડલધામના ટ્રસ્ટી અને પાટીદાર અગ્રણી દિનેશ બાંભણીયાએ ઓચિંતા જ પાટીદાર અનામત આંદોલનને યાદ કરીને જે રીતે આંદોલનના પગલે આનંદીબેન પટેલે મુખ્યમંત્રીપદેથી રાજીનામુ આપવુ પડયુ તે બદલ અફસોસ છે.તેઓ માફી માંગવા પણ તૈયાર છે તેવા વિધાનો સાથે નવો વિવાદ છેડયો હતો અને તે સાથે જ અલગ અલગ પાટીદાર નેતાઓના અલગ અલગ પ્રકારના નિવેદનો છેલ્લા કેટલાક દિવસથી સોશ્યલ મીડીયા અને બાદમાં અખબારોમાં ચમકી રહ્યા છે. ખાસ કરીને પાટીદાર નેતાઓ જે એક સમયે અનામત આંદોલન સાથે જોડાયેલા હતા તેઓ એકબીજા સામે નિવેદનો કરવા લાગ્યા અને તે વચ્ચે હવે આંદોલનનો ચહેરો બનેલા અને બાદમાં વાયા કોંગ્રેસ ભાજપમાં આવીને વિરમગામના ધારાસભ્ય પણ બની ગયેલા હાર્દિક પટેલે ઓચિંતુ 'મારી શાંતિને મારી નબળાઈ સમજવાની ભુલ ન કરતા.

દરેક જવાબ શબ્દોથી આપવામાં આવે તે જરૂરી નથી' તેવી પોસ્ટ કરીને કઈ શાંતિ અને કોણ તેને નબળાઈ સમજે છે તે ચર્ચા છેડી દીધી છે અને હાર્દિક પટેલ કોને ટાર્ગેટ કરી રહ્યો છે તે પણ પ્રશ્ન છે.તો બીજી તરફ આ અગાઉ એક સમયે હાર્દિકના સાથી રહેલા અલ્પેશ કથીરીયાએ પણ 'અમારી ખામોશીને કમજોરી સમજવાની ભુલ ન કરતા ઈતિહાસ લખવાની તાકાત રાખીએ છીએ. પરંતુ દરેક પાને અમારું નામ લખવાનો શોખ નથી' તેવી મોભમ પોસ્ટ કરી તો તેના જ સાથી ધાર્મિક માલવીયાએ પણ અમારી ખામોશીને કમજોરી સમજવાની ભુલ ન કરે તેવી લાંબી લાંબી પોસ્ટ લખી નાખી.

છેલ્લે વરુણ પટેલે તો એવી પોસ્ટ લખી કે 'અભી તો સિર્ફ ચિંગારી ભડકાઈ હૈ ઔર ચુહે તીલ મીલાને લગે હૈ' વકત આને દો ચુહો કે લીયે સારે બીલ કે દરવાજે ભી બંધ કરુ દુંગા, અભી તો સિર્ફ સોલા ભડકા હૈ, આગે દેખો સૈલાબ હોગા, ઈન્કલાબ હોગા, બહુમત કુછ બદલને વાલા હૈ' તેવું લખીને આ તમામ સસ્પેન્સમાં ઉમેરો કરી દીધો છે તે સમયે હવે ચર્ચા એ છે કે પાટીદાર આંદોલન સાથે જોડાયેલા નેતાઓ ફેમ અચાનક આ રીતે અને તે પણ એકશનમાં આવી ગયા. વરુણ પટેલે તો ખુલાસો કર્યો કે આવનારા દિવસોમાં એક સામાજીક અને રાજકીય ક્રાંતિ થવા જનાર છે.જો કે તેને ઉંદર કોણ અને કોણ તેના બીલ એટલે કે (દર) બંધ કરી દેશે તે ફોડ પાડયો નથી. તે સમયે સોશ્યલ મીડીયામાં આ પ્રકારે પોસ્ટથી પાટીદાર સમાજ પણ સ્તબ્ધ છે અને હવે આગામી દિવસોમાં કઈ રાજકીય ક્રાંતિ થવા જઈ રહી છે તે મુદ્દો પણ ચર્ચામાં છે. જો કે સૂત્રોના જણાવ્યા મુજબ પાટીદાર અનામત આંદોલનમાં જોડાયેલા નેતાઓ જેઓના માર્ગ તબકકાવાર અલગ થઈ ગયા તેઓ હવે પોતાની વફાદારી બતાવી રહ્યા છે.

અલ્પેશ કથીરીયાએ તો હાર્દિક પટેલના સમર્થનમાં આ પોસ્ટ મુકી હોવાનું સ્વીકાર્યુ હોવાનું કહેવાય છે. અચાનક જ આ પ્રમાણે પાટીદાર નેતાઓમાં જે સૈલાબ આવ્યો તેમાં મુળમાં હવે ચુંટણી અને ટિકીટ હોવાનું માનવામાં આવે છે.અનેક નેતાઓ માને છે કે તેઓ રહી ગયા છે અને તેથી અત્યારથી જ સોશ્યલ મીડીયામાં તલવારબાજી થઈ રહી છે. જેમાં અનેક ધારાસભા બેઠકો પર કેન્દ્ર સ્થાને હોવાનું માનવામાં આવી રહ્યું છે.

પાટીદાર અનામત આંદોલન સાથે જોડાયેલા અનેક નેતાઓ એવું માને છે કે આંદોલન પછી તેમનો જે દબદબો હતો પણ હવે તેઓ ગાડી ચુકી ગયા છે અને તેની પાછળ અનેક વિધાનસભા બેઠકો પણ ચર્ચામાં આવી ગઈ છે.

જસદણમાં ખોડલધામના ટ્રસ્ટી દિનેશ બાંભણીયાની વધેલી સક્રીયતા ચર્ચામાં છે. ગોંડલની બેઠક પણ પાટીદાર સમાજે લડવી જોઈએ તેવી સોશ્યલ મીડીયામાં પોસ્ટ વાઈરલ થઈ રહી છે.હવે તેમાં વિરમગામની વિધાનસભા બેઠક જેના પર હાર્દિક પટેલે ભાજપની ટિકીટ પર વિજય મેળવ્યો છે ત્યાં હવે 'પાસ'ના અન્ય નેતાઓની પણ અને ખાસ કરીને વરુણ પટેલે જે રીતે પોસ્ટ મુકી તેથી તેઓ ટિકીટની લાઈનમા હોવાનું માનવામાં આવે છે.

પાટીદાર અનામત આંદોલન સાથે જોડાયેલા નેતાઓ હવે ખામોશ છે અથવા મૌન છે તેવું જણાવી રહ્યા છે અને તે તેમની નબળાઈ ન સમજવા પણ પડકાર કરી રહ્યા છે. પરંતુ જે નેતાઓ છે તેમને શું કોઈ બોલવાની આઝાદી છે અથવા તો શું તેઓ બોલે તો કંઈ ફર્ક પડે તેમ છે તે ચર્ચા પણ શરુ થઈ ગઈ છે. ખાસ કરીને આ તમામ ભાજપની ટિકીટ મેળવવા માટે આતુર હોવાનું માનવામાં આવે છે.પરંતુ એક વખત કેસરીયો ખેસ પહેરનારને પછી કેમ પક્ષની શિસ્તની ધુરી તેના ગળામાં આવી જાય છે તે સૌ કોઈ જાણે છે અને તેથી આ શોરબકોર સોશ્યલ મીડીયામાં ઉભો થયો

કોડીનાર નજીક સિંહણ સાથે સેલ્ફીનો વીડિયો ઉતારતા યુવાનોનો વીડિયો વાયરલ

માઈન્સ વિસ્તારમાં શિકારની શોધમાં રહેલી સિંહણની નજીક ટોળું એકઠું થતાં 'લાયન શો'ની આશંકા

ઉના:ગીર સોમનાથ જિલ્લામાં વન્યજીવોની સુરક્ષા અને સિંહોના સંરક્ષણના દાવાઓ વચ્ચે સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા એક વીડિયોએ ભારે ચકચાર મચાવી છે. કોડીનાર તાલુકાના શુગાળા ગામ નજીક આવેલા માઈન્સ વિસ્તારનો હોવાનું મનાતો આ વીડિયો સામે આવ્યો છે, જેમાં એક સિંહણની સામે અનેક યુવાનો જોખમી રીતે ઊભા રહીને વીડિયો બનાવતા અને સેલ્ફી લેતા જોવા મળી રહ્યા છે.

આ વાયરલ વીડિયો ગઈકાલ સાંજનો હોવાનું મનાઈ રહ્યું છે. સિંહણ શિકારની શોધમાં હતી અથવા શિકાર કરી રહી હતી, તેવા સમયે તેની આસપાસ મોટી સંખ્યામાં યુવાનો એકઠા થયા હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.સિંહણ જેવા હિંસક વન્યપ્રાણીની આટલી નજીક ટોળું એકઠું થવું અને ફોટોગ્રાફી કરવી એ વન્યજીવ સંરક્ષણના નિયમોના ઉલ્લંઘન સાથે માનવ સુરક્ષા માટે પણ અત્યંત જોખમી સાબિત થઈ શકે છે. આ ઘટનાને પગલે સ્થાનિક વિસ્તારમાં ગેરકાયદેસર 'લાયન શો' યોજાયો હોવાની પણ પ્રબળ આશંકા સેવાઈ રહી છે.

વાયરલ વીડિયો અંગે હજુ સુધી તંત્ર દ્વારા કોઈ સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી. ગીરના સિંહો ગુજરાતની અમૂલ્ય વન્યજીવ સંપદા છે, ત્યારે માત્ર સોશિયલ મીડિયા પર પ્રસિદ્ધિ મેળવવા માટે વન્યજીવોની પજવણી કરતા તત્વો સામે વન વિભાગ કેવું વલણ અપનાવે છે તેના પર સૌની નજર મંડાયેલી છે. હવે જોવાનું એ રહે છે કે વન વિભાગ દ્વારા આ વીડિયોની ખરાઈ કરી સ્થળ તપાસ હાથ ધરવામાં આવે છે કે કેમ અને જો નિયમોનો ભંગ સામે આવે તો જવાબદારો સામે કડક કાયદેસરની કાર્યવાહી કરાય છે કે કેમ.



ઉનાના દેલવાડામાં દીપડાએ ફાર્મ હાઉસમાં ૮૦ મરઘાં માર્યા

કૈલેશ ભટ્ટ ઉના:ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના દેલવાડા ગામે રાત્રે દીપડો ફાર્મ હાઉસમાં ઘૂસી ગયો હતો. તેણે અંદાજે ૮૦ દેશી મરઘાંનો શિકાર કર્યો હતો. સવારે મરઘાં મૃત હાલતમાં મળતાં માલિકને આર્થિક નુકસાન થયું હતું.ફાર્મ હાઉસના માલિક બાંભણીયા લખમણ મશરીભાઈ છે. દીપડો મરઘાંનો શિકાર કર્યા બાદ ત્યાંથી જતો રહ્યો હતો.દેલવાડા અને આસપાસના વિસ્તારોમાં દીપડાની અવરજવર વધતી હોવાની ગ્રામજનોની ચિંતા છે.ખેતરો અને ફાર્મ હાઉસમાં રહેતા લોકો પશુધન અને પાલતુ પ્રાણીઓની સુરક્ષાને લઈને ચિંતિત છે.ગ્રામજનોએ વન વિભાગને ઘટનાસ્થળની તપાસ કરી દીપડાની અવરજવર વિશે માહિતી મેળવવા અને તેને પકડવા પાંજરું ગોઠવવાની માંગ કરી છે.

Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Narayan Arcde, Nr.Old Bus Stand, Amreli. Res.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

ટીકા એ આંધળા વિરોધનો પર્યાય બની ગઈ

વિદેશ પ્રવાસો પર રાહુલ ગાંધી જે કંઈ પણ કહે છે તે સામાન્ય રીતે વિવાદનું કારણ બને છે. તેમના નિવેદનો ફક્ત વિદેશમાં જ નહીં, પણ સ્થાનિક સ્તરે પણ વિવાદાસ્પદ છે. આ જ કારણ છે કે ભાજપ સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય સ્તરે તેઓ જે કંઈ કહે છે તેનો વિરોધ કરે છે. કોંગ્રેસ સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય સ્તરે વડા પ્રધાન મોદીના નિવેદનો સાથે પણ એવું જ કરે છે. પરિસ્થિતિ એવી છે કે જ્યારે પણ વડા પ્રધાન મોદી કે રાહુલ ગાંધી કંઈક કહે છે, ત્યારે વિપક્ષી પક્ષના પ્રવક્તા તેમનો વિરોધ કરવા આગળ આવે છે. ક્યારેક તેઓ પ્રેસ કોન્ફરન્સ દ્વારા, ક્યારેક ડિજિટલ પ્લેટફોર્મ પર પોસ્ટ અથવા વીડિયો દ્વારા આવું કરે છે. બંને પક્ષોના પ્રવક્તા પછી ટીવી ચેનલો પર સામસામે આવી જાય છે, એકબીજા વિરુદ્ધ તીખા નિવેદનો આપે છે. ટીવી ચેનલો પર રાજકીય પક્ષના પ્રવક્તા વચ્ચેની ચર્ચાઓ ઘણીવાર કઠોર અને ઘોંઘાટીયા હોય છે, જેમાં ઘણીવાર મૌખિક બોલાચાલીનો સમાવેશ થાય છે. રાજકીય વિશ્લેષકો ટીવી ચર્ચાઓમાં પણ હાજર હોય છે, પરંતુ તેમાંથી ઘણા ફક્ત એક ચોક્કસ પક્ષના પ્રવક્તા તરીકે કામ કરતા દેખાય છે.કારણ કે વિરોધી પક્ષો દરેક મુદ્દા પર એકબીજાનો વિરોધ કરે છે, રાજકીય ચર્ચાનું સ્તર બગડી રહ્યું છે. આ માટે બધા પક્ષો જવાબદાર છે. ફરક ફક્ત એટલો છે કે કેટલાક વધુ કે ઓછા પ્રમાણમાં છે. ક્યારેક એવું લાગે છે કે રાજકીય પક્ષો તેમના પ્રવક્તાઓનો પ્રચાર કરવાનું પસંદ કરે છે જે વધુને વધુ તીક્ષ્ણ બોલી શકે છે. પરિણામ એ છે કે ટીકા ફક્ત આંધળા વિરોધથી આગળ વધી ગઈ છે. આજકાલ, એક પક્ષ દ્વારા વિરોધી પક્ષની ટીકાનો અર્થ એ છે કે તેના દરેક વલણનો વિરોધ કરવો, ભલે તેને દાયકાઓ પહેલાના અથવા સ્વતંત્રતા પહેલાના ઉદાહરણો ટાંકવાની જરૂર હોય. રાજકીય પક્ષો વચ્ચે આંધળા વિરોધ માટેની સ્પર્ધા એટલી તીવ્ર બની ગઈ છે કે તેઓ એ પણ વિચારવા તૈયાર નથી કે તેમના વિરોધી નેતાએ કંઈક યોગ્ય કહ્યું છે કે તેમના દ્રષ્ટિકોણ સાથે સુસંગત છે. તાજેતરમાં, શિકાગો યુનિવર્સિટીમાં એક યુવાન પાકિસ્તાનીના પ્રશ્નના જવાબમાં, રાહુલ ગાંધીએ વડા પ્રધાન મોદીના વારંવારના આ નિવેદનનો જવાબ આપ્યો: "જ્યાં સુધી પાકિસ્તાન આતંકવાદને ટેકો આપવાનું ચાલુ રાખે છે ત્યાં સુધી તેની સાથે વાતચીત અશક્ય છે."



સરદાર પટેલની કાર્યપદ્ધતિ, મહારાજા કૃષ્ણકુમારસિંહજીનો ત્યાગ અને ભારતના એકીકરણમાં ભાવનગરનું અમર પ્રદાન

ભાવનગર 300

- બળદેવસિંહ ગોહિલ

સંક્રાંતિકાળના મહાનાયકો અને અખંડ ભારતના શિલ્પીઓ: ભારતીય સ્વતંત્રતા સંગ્રામ અને ત્યારબાદના અખંડ ભારતના નિર્માણનો ઇતિહાસ માત્ર રાજકીય સીમાઓ નક્કી કરવાનો ઇતિહાસ નથી, પરંતુ તે અસંખ્ય દ્રષ્ટાઓની દીર્ઘદ્રષ્ટિ, રાજકીય પરિપક્વતા અને રાષ્ટ્રહિત માટે સર્વસ્વ સમર્પણ કરી દેવાની ભાવનાનો જીવંત દસ્તાવેજ છે. જ્યારે ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ના રોજ ભારત આઝાદ થયું, ત્યારે દેશની સામે ૫૬૫થી વધુ દેશી રાજ્યો, ઠાકોરાતો અને રજવાડાંઓને એક સૂત્રમાં પરોવીને એક સાર્વભૌમ રાષ્ટ્રનું નિર્માણ કરવાનું સૌથી મોટું અને કપરું આહ્વાન હતું. આ ભગીરથ કાર્યને લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલે પોતાની અદમ્ય દ્રઢતા, કૂટનીતિ અને વહીવટી કુશળતાથી પાર પાડ્યું હતું. આ ઐતિહાસિક પ્રક્રિયામાં સૌરાષ્ટ્રની ભૂમિ અને ખાસ કરીને ભાવનગરના રાજવી મહારાજા કૃષ્ણકુમારસિંહજી દ્વારા લેવાયેલા ઐતિહાસિક નિર્ણયોએ દેશભરમાં એક અનોખું અને પ્રેરણાદાયી ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

સરદાર પટેલની કાર્યપદ્ધતિ અને ભાવનગરના પ્રાસંગિક સંદર્ભો: સરદાર વલ્લભભાઈ પટેલની કાર્યપદ્ધતિ અને તેમની સફળતાના રહસ્યને માત્ર કેટલીક કડક રાજકીય નિર્ણયશક્તિ કે આદેશોથી સમજી શકાતું નથી. તેમની કાર્યપદ્ધતિમાં રાજકીય વાટાઘાટો, દીર્ઘદ્રષ્ટિપૂર્વકનું વહીવટી આયોજન, કાયદાકીય દસ્તાવેજોની યોગ્ય ચકાસણી અને પરિસ્થિતિ અનુસાર યોગ્ય સમયે સાચો નિર્ણય લેવાની અદ્ભુત ક્ષમતાનો અદ્ભુત સમન્વય જોવા મળતો હતો. દેશી રાજ્યોના જટિલ પ્રશ્નને ઉકેલવા માટે તેમણે સૌપ્રથમ રાજ્યોના શાસકો સાથે મૈત્રીપૂર્ણ સંવાદ સાધીને સંમતિ મેળવવાનો વિવેકપૂર્ણ પ્રયાસ કર્યો હતો અને ત્યારબાદ જ પ્રદેશોના સમૂહીકરણ અને વહીવટી એકીકરણની કઠિન પ્રક્રિયાને આગળ ધપાવી હતી. વી. પી. મેનન જેવા કુશળ અધિકારીઓએ રાજવીઓ સાથેની સઘન ચર્ચાઓ, કાનૂની કરારોની રચના અને વહીવટી પરિવર્તનના અમલીકરણમાં સરદાર સાહેબને મહામૂલો સહકાર આપ્યો હતો.

ભાવનગરના સમગ્ર પ્રસંગમાં સરદાર સાહેબની આ કાર્યપદ્ધતિનાં અનેક મહત્ત્વપૂર્ણ પાસાં સ્પષ્ટપણે ઉજાગર થાય છે: ૧. રાજવીઓ સાથે સીધો અને પારદર્શક સંવાદ: દેશી રાજ્યોના ભવિષ્યનો નિર્ણાયક મોડ લાવવા માટે શાસકો સાથે પ્રત્યક્ષ વાતચીત કરવી અનિવાર્ય હતી, અને ભાવનગરની મુલાકાતે આ સંવાદને એક જાહેર અને સકારાત્મક સ્વરૂપ પૂરું પાડ્યું હતું. ૨. પ્રજાકીય શાસન અને લોકશાહી તરફનું પરિવર્તન: રાજ્યનું ભારત સંઘ સાથે જોડાણ માત્ર બહારની રાજકીય સત્તા કે સીમાઓ સાથેના સંબંધોનો ફેરફાર નહોતો, પરંતુ રાજ્યની અંદરની શાસનપદ્ધતિમાં પ્રજાલક્ષી પરિવર્તન લાવવું પણ એટલું જ જરૂરી હતું. ૩. વ્યાપક પ્રાદેશિક એકીકરણની ભૂમિકા: ભાવનગરનું જોડાણ થયા પછી પણ સૌરાષ્ટ્રનાં અન્ય અસંખ્ય નાના-મોટા રાજ્યોને એક મંચ પર લાવવાની વિશાળ કામગીરી બાકી હતી, જેને જાન્યુઆરી અને ફેબ્રુઆરી ૧૯૪૮ના ઐતિહાસિક કરારોએ સફળ બનાવી. ૪. સહિયારા પ્રયાસોનું મહત્ત્વ: આ સમગ્ર એકીકરણ અભિયાનમાં સરદાર પટેલનું નેતૃત્વ કેન્દ્રસ્થાને હતું, પરંતુ આ કાર્યને પાર પાડવા માટે રાજવીઓની સ્વેચ્છિક સંમતિ, વી. પી. મેનનની વહીવટી કુશળતા અને સ્થાનિક નેતાગરીનો સહકાર પણ અનિવાર્ય હતો.

મહારાજા કૃષ્ણકુમારસિંહજીનો મહાન ત્યાગ: રાજવી સત્તાથી રાષ્ટ્રીય જવાબદારી સુધી: ભાવનગરના મહારાજા કૃષ્ણકુમારસિંહજીના જીવન અને તેમના ઐતિહાસિક નિર્ણયનું મૂલ્યાંકન કરતી વખતે તેમના આ પગલાના ઊંડા રાજકીય અને નૈતિક અર્થને સમજવો અત્યંત જરૂરી છે. તે સમયના દેશી રાજ્યોના શાસકો માટે રાજસત્તા માત્ર કોઈ હોદ્દો કે પદ નહોતી; તે તેમની સદીઓની વંશપરંપરા, રાજ્યના વહીવટ, તિજોરીની આવક અને પરંપરાગત રાજકીય અધિકારો સાથે ગાઢ રીતે જોડાયેલી હતી. સ્વતંત્ર ભારતની નવસર્જન પ્રક્રિયા સમયે આ પરંપરાગત વ્યવસ્થામાં મોટો ફેરફાર સ્વીકારવો એ કોઈપણ રાજવી માટે અતિશય મુશ્કેલ નિર્ણય હતો.

પરંતુ ભાવનગરના વિલીનીકરણની સૌથી મોટી ઐતિહાસિક વિશેષતા એ રહી કે મહારાજાએ પોતાની પારંપરિક સત્તાને વળગી રહેવાને બદલે પોતાના રાજ્યના ભવિષ્યને એક અખંડ ભારતના વિશાળ રાજકીય માળખા સાથે જોડવાનો ક્રાંતિકારી માર્ગ સ્વીકાર્યો. તેમના આ નિર્ણયમાંથી આપણને ત્રણ મહત્ત્વપૂર્ણ જીવનમૂલ્યો શીખવા મળે છે:

સમયની વાસ્તવિક જરૂરિયાતને ઓળખવી: સ્વતંત્રતાના ઉદય સાથે જ દેશની રાજકીય અને સામાજિક વ્યવસ્થા બદલાઈ રહી હતી. આવી સંક્રાંતિની સ્થિતિમાં જૂની પરંપરાઓને આગ્રહપૂર્વક વળગી રહેવાને બદલે બદલાતી પરિસ્થિતિની માંગને સ્વીકારવી બુદ્ધિમત્તા છે.

પ્રજાકીય શાસન તરફનું ઐતિહાસિક પરિવર્તન: ભાવનગરના સમૂહ વહીવટને પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિઓના હાથમાં સોંપવાની પ્રક્રિયા એ રાજકીય સત્તાના સ્વરૂપમાં આવેલા સકારાત્મક પરિવર્તનની દ્યોતક છે.

પ્રાદેશિક હિત અને રાષ્ટ્રીય હિતનો અપૂર્વ સમન્વય: રાજ્યની વિશિષ્ટ ઓળખ અને અસ્મિતા હોવા છતાં, એક વ્યાપક રાષ્ટ્રીય સંઘીય માળખામાં ભળવાનો નિર્ણય એ રાષ્ટ્રીય એકતાની દિશામાં લેવાયેલું સર્વોચ્ચ પગલું હતું.

મહારાજા કૃષ્ણકુમારસિંહજીના આ નિર્ણયને માત્ર 'રાજવી સત્તાનો ત્યાગ' તરીકે યાદ રાખવામાં નથી આવતો, પરંતુ તે બદલાતા સમય સાથે પોતાની ભૂમિકાને બદલીને રાષ્ટ્રના નિર્માણમાં સહભાગી બનવાની તેમની ઉદાત્ત ભાવનાનું પ્રતીક છે. વિલીનીકરણ પછી પણ મહારાજા જાહેરજીવનથી સંપૂર્ણ અલિપ્ત રહ્યા ન હતા, પરંતુ તેમણે આગળ જતાં મદ્રાસ રાજ્યના 'રાજ્યપાલ' (ગ્વર્નર) તરીકે પણ ઉત્કૃષ્ટ સેવાઓ આપીને સાબિત કર્યું કે સાચો શાસક હંમેશાં જનસેવા માટે તત્પર રહે છે.

ભાવનગર અને સરદાર પટેલના સંબંધોનો ઐતિહાસિક સમયક્રમ: ભાવનગર અને લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલ વચ્ચેના સંબંધો તેમજ તે સમયની મહત્ત્વપૂર્ણ ઘટનાઓનો તાર્કિક ક્રમ આ મુજબ છે:

૧) ૧૫ ઓગસ્ટ: ભારત દેશ સ્વતંત્ર બન્યો. દેશી રાજ્યોના ભવિષ્યનો પ્રશ્ન ભારતીય રાજનીતિના કેન્દ્ર સ્થાને આવ્યો.

૨) ૧૭ ડિસેમ્બર, ૧૯૪૭: મહારાજા કૃષ્ણકુમારસિંહજીની ગાંધીજી સાથે મુલાકાત. ભારત સંઘ સાથે સ્વેચ્છાએ જોડાવાની તૈયારી દર્શાવતી મહત્ત્વની કડી.

૩) ૧૫ જાન્યુઆરી, ૧૯૪૮: સરદાર પટેલની ભાવનગર મુલાકાત અને જાહેરસભા. ભાવનગરના વિલીનીકરણ અને વહીવટી પરિવર્તનની ઐતિહાસિક ઘડી.

૪) ૨૩ જાન્યુઆરી, ૧૯૪૮: સંયુક્ત સૌરાષ્ટ્ર રાજ્યની રચનાના કરાર પર હસ્તાક્ષર. પ્રાદેશિક એકીકરણ અને સંઘીય માળખાને કાયદાકીય આધાર મળ્યો.

૫) ૧૫ ફેબ્રુઆરી, ૧૯૪૮: સૌરાષ્ટ્ર રાજ્યનું ઔપચારિક ઉદ્ઘાટન. કાઠિયાવાડનાં અનેક રાજ્યોના સંયુક્ત વહીવટી યુગની ભવ્ય શરૂઆત.

ભારતના એકીકરણની વિશાળ ગાથામાં ભાવનગરનું અનોખું સ્થાન: ભારતના સ્વાતંત્ર્યોત્તર એકીકરણની વિશાળ ગાથામાં હૈદરાબાદ, જૂનાગઢ, કાશ્મીર અને અન્ય મોટાં દેશી રાજ્યોના પ્રશ્નો હંમેશાં ચર્ચાના કેન્દ્રમાં રહ્યા છે, કારણ કે તેમની ભૌગોલિક અને રાજકીય પરિસ્થિતિઓ અત્યંત જટિલ હતી. પરંતુ આ બધાની વચ્ચે ભાવનગરનું પ્રકરણ એટલા માટે વિશેષ મહત્ત્વ ધરાવે છે કે તે એકીકરણની બીજી સુવર્ણ બાજુ દર્શાવે છે—એટલે કે રક્તપાત વિનાની પરસ્પર વાટાઘાટો, પરસ્પર સંમતિ અને સદ્ભાવનાપૂર્ણ પ્રાદેશિક સંગઠન દ્વારા રાજકીય પરિવર્તન કેવી રીતે સફળતાપૂર્વક લાવી શકાય છે તેનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે.

ભાવનગરના મહારાજા દ્વારા લેવાયેલા સમયસૂચક નિર્ણયથી સમગ્ર સૌરાષ્ટ્રના એકીકરણ માટે એક અત્યંત

આભાર - નિહારીકા રવિયા અનુકૂળ અને સકારાત્મક વાતાવરણનું નિર્માણ થયું. ત્યારબાદ કાઠિયાવાડનાં અનેક નાનાં-મોટાં રાજ્યોને એકસાથે જોડીને 'સૌરાષ્ટ્ર રાજ્ય'ની રચના કરવામાં આવી, જે સ્વતંત્ર ભારતના અખંડ પ્રાદેશિક વહીવટી માળખાનો અભિન્ન ભાગ બન્યું. સ્વતંત્રતા પહેલાંની વિખરાયેલી અને અસંગઠિત રાજકીય વ્યવસ્થામાંથી એક મજબૂત, સંગઠિત અને પ્રજાલક્ષી પ્રાદેશિક વહીવટ તરફનું આ પરિવર્તન ભારતના આધુનિક રાષ્ટ્રનિર્માણના ઇતિહાસમાં સૌથી ઉજ્જવળ અને ગૌરવવંતુ પ્રકરણ બની રહ્યું છે.

કેવું જશે આપનું આવતું અઠવાડિયું



મેષ - (અ, લ, ઈ) :- ચંદ્ર રાશિથી કેતુના પાંચમા ભાવમાં સ્થિત હોવાને કારણે, શારીરિક અને માનસિક લાભ માટે, તમારા દ્વારા નિયમિત રીતે આ અઠવાડિયે ધ્યાન અને યોગ કરવું ઉપયોગી રહેશે. એવામાં ઘરની બહાર જઈને તાજી હવામાં, કેટલીક રમત-ગમત જેવી પ્રવૃત્તિઓમાં તમારી ભાગીદારી નોંધાવતા રહો. આ અઠવાડિયે તમને ધન નુકસાન થવાની આશંકા છે, તેથી દરેક પ્રકારના લેણ-દેણથી જોડાયેલા મામલાઓમાં જેટલું શક્ય હોય પોતાને સતર્ક રાખો. કારણ કે એવું કરીને જ તમે ઘણી વિપરીત પરિસ્થિતિઓને તમારા પક્ષમાં કરી શકો છો. ચંદ્ર રાશિથી શનિના બારમા ભાવમાં સ્થિત હોવાને કારણે, ઓફિસ કે કાર્યસ્થળ પર કામકાજમાં વધુ વ્યસ્તતાના લીધે, તમારા જીવનસાથી સાથે તમારો સંબંધ તણાવપૂર્ણ થઈ શકે છે. આ દરમિયાન શક્ય છે કે તમે તમારા પરિવારને કરેલો કોઈ વાયદો નિભાવવામાં પણ પૂરી રીતે અસફળ રહો, જેના કારણે તમારે તેમની નારાજગીનો સામનો કરવો પડશે. જો તમે કોઈ અધિકારી કે રોકાણકાર સાથે, મુલાકાત કરવા માટે અગાઉથી જ તમારા પ્રયાસો કરી રહ્યા હતા તો, આ અઠવાડિયે અચાનક જ કોઈ નજીકના વ્યક્તિ કે મિત્રની મદદથી તમારી તેમની સાથે મુલાકાત શક્ય છે. તેથી પોતાને આ માટે પહેલાથી જ તૈયાર કરતાં, તમારું જ્ઞાન વધારો. અન્યથા તેમના પ્રશ્નો તમારું મોં બંધ કરતાં, તેમની જ સામે તમને મૂર્ખ પ્રદર્શિત કરી શકે છે.

વૃષભ - (બ, વ, ઉ) ચંદ્ર રાશિથી કેતુના ચોથા ભાવમાં સ્થિત હોવાને કારણે, આ અઠવાડિયે ઘરગથ્થુ કે પરિવારના ઈલાજથી જોડાયેલા ખર્ચાઓમાં સારો એવો વધારો જોવા મળશે. ચંદ્ર રાશિથી બૃહસ્પતિના ત્રીજા ભાવમાં સ્થિત હોવાને કારણે, તમને પણ આર્થિક સંકટનો આભાસ થતાં, માનસિક તણાવ અને બેચેનીનો સામનો કરવો પડી શકે છે. તેથી પોતાને શાંત રાખવાની કોશિશ કરો, અન્યથા બીજાની ખરાબ તંદુરસ્તીની સાથે-સાથે, તમારે સ્વયંની ખરાબ તંદુરસ્તી પર પણ પોતાનું ધન ખર્ચ કરવું પડશે. વિચાર કર્યા વગર તમારે કોઈને પણ, પોતાના પૈસા ન આપવા જોઈએ. અન્યથા તમને આવનારા સમયમાં મોટી પરેશાની થઈ શકે છે. તેથી પોતાના ધનનો સાચો ઉપયોગ કરવા માટે, તમે તમારા ઘરના વડીલો અને બુઝુર્ગો પાસેથી સલાહ લઈ શકો છો. આ અઠવાડિયે ઘરના ઘણા મુદ્દાઓને સંભાળવામાં, તમને ખાસી મુશ્કેલી થશે. એવામાં તમે અનુભવશો કે ઘણા લોકો તમને નીચે ખેંચવાની કોશિશ પણ કરી રહ્યા છે, જેનાથી તમારું મન ઉદાસ થઈ શકે છે. જો તમે ભાગીદારીમાં વેપાર કરો છો અને તમારા વેપારમાં વૃદ્ધિ માટે, તમે કોઈ લોન કે ઋણ માટે ભૂતકાળમાં કોઈ અરજી આપી હતી તો, આ અઠવાડિયે તમારી અરજી સ્વીકારવામાં આવી શકે છે. જેના પછી હવે તમે જલ્દી જ લોન લઈને, વેપારમાં પૈસા રોકાણ કરી શકશો. આનાથી તમને ભવિષ્યમાં સારો લાભ મળશે. જે વિદ્યાર્થીઓ વિદેશ જઈને અભ્યાસ કરવાનું વિચારી રહ્યા હતા, તેમને આ અઠવાડિયે ધીરજ રાખીને ચાલવાની અને પોતાની મહેનત ચાલુ રાખવાની જરૂર છે. કારણ કે યોગ બની રહ્યા છે કે એવું કરીને જ તમે, અઠવાડિયાના અંતમાં સફળતા હાસિલ કરી શકશો.

મિથુન - (ક, છ, ઘ) :- ચંદ્ર રાશિથી કેતુના ત્રીજા ભાવમાં સ્થિત હોવાને કારણે, આ અઠવાડિયે તમારું સ્વાસ્થ્ય, પહેલા કરતાં ઘણું સારું દેખાશે. જોકે કેટલીક મોસમી સમસ્યાઓ પરેશાન કરતી રહેશે, તેથી તમે જો આ દરમિયાન એવી પ્રવૃત્તિઓમાં સામેલ થાઓ છો, જે રોમાંચક હોય અને તમને સુકૂન આપે તો, તમે પોતાને આ નાની-મોટી સમસ્યાઓથી પણ ઘણા હદ સુધી દૂર રાખવામાં સફળ થઈ શકો છો. ચંદ્ર રાશિથી શનિના સાતમા ભાવમાં સ્થિત હોવાને કારણે, આ અઠવાડિયે આર્થિક જીવનમાં, તમારા ખર્ચાઓમાં કંઈક વધારો જોવા મળશે. પરંતુ સારી વાત આ દરમિયાન એ રહેવાની છે કે, આ સમય તમારી આવકમાં સારો એવો વધારો લઈને આવશે. જેનાથી તમને તમારા આર્થિક જીવનમાં, સારું સંતુલન બેસાડવામાં મદદ મળશે. આ અઠવાડિયે ઘર પર કોઈ સભ્યનું સ્થાન પરિવર્તન શક્ય છે, અથવા એવી શક્યતા બનતી દેખાઈ રહી છે કે તમે તમારા વર્તમાન નિવાસ સ્થાનથી ક્યાંય દૂર રહેવા માટે જવાનો પ્લાન કરો. આ અઠવાડિયે તમે તમારા વ્યસ્ત જીવનમાંથી થોડો સમય તમારા પરિવાર માટે કાઢતાં, તેમની સાથે સમય વિતાવતા અને પરિવારથી જોડાયેલા કોઈ નિર્ણય પર સાથે બેસીને વિચાર-વિમર્શ કરતા જોવા મળશો.

કર્ક - (ડ, હ) :- ચંદ્ર રાશિથી શનિના નવમા ભાવમાં સ્થિત હોવાને કારણે, આ અઠવાડિયે તમારું મન તમારા મિત્રો અને નજીકના લોકો સાથે, કોઈ સુંદર સ્થળની યાત્રા પર જવાનું કરી શકે છે. પરંતુ તમારે આ દરમિયાન કોઈ પણ યાત્રા પર વધુ ખાવાથી બચવું પડશે, અન્યથા તમારું પેટ બગડી શકે છે. તમારું આર્થિક જીવન આ અઠવાડિયા દરમિયાન, સારું રહેવાના યોગ બની રહ્યા છે. ખાસ કરીને આ દરમિયાન ગ્રહોના પ્રભાવથી, તમને ધન અર્જિત કરવાની ઘણી તકો મળશે. સાથે જ આ સમયે તમારા માન-સન્માનમાં પણ, વધારો થતો જોવા મળશે. શક્ય છે કે દૂરના કોઈ સગા-સંબંધી પાસેથી ફોન કે સોશિયલ મીડિયા દ્વારા, તમને કોઈ દુઃખદ સમાચાર મળે. આ કારણે તમારા માતા-પિતાની સાથે-સાથે તમે પણ થોડી ગભરામણ અનુભવી શકો છો. એવામાં પોતાને દરેક પરિસ્થિતિ માટે શરૂઆતથી જ તૈયાર કરો. કરિયરમાં ચોકસાઈ સાથે આગળ વધવામાં આ અઠવાડિયે તમને પરેશાની થઈ શકે છે. પરંતુ તમે પોતાને શ્રેષ્ઠ સમજતાં, આ સમયે બીજાની મદદ લેવાથી પોતાને રોકશો. આનાથી તમને ભવિષ્યમાં અસફળતાનું મોં પણ જોવું પડી શકે છે. તમારી રાશિના વિદ્યાર્થીઓ માટે, આ અઠવાડિયું અપેક્ષા કરતાં ખૂબ સારું રહેવાની શક્યતા છે.

સિંહ - (મ, ટ) :- જેમને દારૂ અને ધૂમ્રપાનની ખરાબ આદત છે, તે જાતકો કોઈ વડીલની સલાહ લીધા પછી પોતાની આ ખરાબ આદતોને છોડવાનો પ્રયાસ કરશે. આ માટે પોતાની સંગતમાં પણ સાચો ફેરફાર લાવો અને માત્ર એવા જ લોકો સાથે ઉઠો-બેસો, જેઓ આ ખરાબ આદતને છોડવામાં તમારી મદદ કરવા માગે છે. ચંદ્ર રાશિથી શનિના આઠમા ભાવમાં સ્થિત હોવાને કારણે, જે જાતકોએ ભૂતકાળમાં કોઈ પણ પ્રકારની લોન કે ઋણ લીધું હતું, તેમને આ અઠવાડિયે તે લોનની રકમ ચૂકવવામાં મુશ્કેલીઓ આવી શકે છે. જેની પાછળનું મુખ્ય કારણ તમારું ધન સંચય ન કરવું હોઈ શકે છે. તેથી પોતાના ધનને બચાવવા તરફ અત્યારથી જ પ્રયાસ કરો. આ અઠવાડિયે બીજા સાથે વાત-વાતમાં વિવાદ કરવાની, મતભેદ કરવાની કે બીજાના કામમાંથી ખામીઓ કાઢવાની તમારી આદતને, તમારે સુધારવાની જરૂર રહેશે. કારણ કે તો જ તમે પારિવારિક શાંતિ જાળવી રાખવામાં સફળ થશો. ચંદ્ર રાશિથી બૃહસ્પતિના બારમા ભાવમાં સ્થિત હોવાને કારણે, આ રાશિના જાતકો માટે આ અઠવાડિયું, કરિયરમાં ખૂબ શુભ પરિણામો લઈને આવનારું સાબિત થશે.

કન્યા - (પ, ઠ, ણ) :- ચંદ્ર રાશિથી કેતુના બારમા ભાવમાં સ્થિત હોવાને કારણે, આ અઠવાડિયું આમ તો સ્વાસ્થ્યના દ્રષ્ટિકોણથી સારું છે, પરંતુ તમારું કોઈ પણ વાત પર અતિશય વિચારવું, તમને માનસિક તણાવ આપી શકે છે. તેથી પોતાની આ આદતમાં તમે કંઈક સુધારો કરવાનો પ્રયાસ કરશો, જેમાં તમને અઠવાડિયાના અંત સુધીમાં સફળતા મળવાના યોગ પણ બની શકશે. ચંદ્ર રાશિથી બૃહસ્પતિના અગિયારમા ભાવમાં સ્થિત હોવાને કારણે, એક લાંબા સમય પછી, આ અઠવાડિયું તમારા આર્થિક પક્ષને મજબૂતી આપશે. કારણ કે આ સમયે તમે દરેક પ્રકારના ખર્ચાઓ પર નિયંત્રણ રાખતાં, પોતાના ધનને સંચિત કરવામાં કામયાબ થઈ શકશો. આ માટે સઘળો શ્રેય માત્ર પોતાને જ આપવાને બદલે, પોતાના નજીકના લોકો, ઘરના લોકો, અને પોતાના સાથીને પણ આનો કંઈક શ્રેય ચોક્કસ આપો. ઘરમાં ઉલ્લાસનું વાતાવરણ, આ અઠવાડિયે તમારા તણાવને ઓછો કરી દેશે. એવામાં જરૂરી રહેશે કે તમે પણ તેમાં પૂરી સહભાગિતા કરો અને માત્ર મૂક પ્રેક્ષક બનીને ન રહો. સાથે જ આ અઠવાડિયે તમને આ વાત સમજવામાં પણ મદદ મળશે કે, પોતાના પરિવારની ભલાઈ માટે તમારે સતત મહેનત કરવી પડશે. આ માટે તમારા દરેક કામ પાછળ, પ્રેમ અને દૂરદ્રષ્ટિની ભાવના હોવી જોઈએ.

તુલા - (ર, ત) :- ચંદ્ર રાશિથી રાહુના પાંચમા ભાવમાં સ્થિત હોવાને કારણે, આ અઠવાડિયે તમારા મનમાં, નકારાત્મક લાગણીઓનો જુવાળ તેજી પર હશે. આનાથી તમારું વર્તન આસપાસના લોકોને, ભ્રમિત કરશે. એવામાં પરિસ્થિતિઓને વધુ સારી જાળવી રાખવા માટે, તમારે દરેક પ્રકારની નિરાશાથી બચવું પડશે, અન્યથા તમારા સ્વાસ્થ્યમાં ઘટાડો આવી શકે છે. ચંદ્ર રાશિથી રાહુના પાંચમા ભાવમાં સ્થિત હોવાને કારણે, આ રાશિના કારોબારીઓ આ અઠવાડિયે, રોકાણ કરવા વિશે વિચારતા રહેશે. પરંતુ તમને એ જ સલાહ આપવામાં આવે છે કે કોઈ પણ જોખમી કે ગેરકાયદેસર રોકાણ ન કરો. અન્યથા તમે પોતાને કોઈ મોટી મુશ્કેલીમાં ફસાવી દેશો. સાથે જ ભાગીદારીના વેપાર સાથે જોડાયેલા જાતકોને પણ, આ સમયે સારો ધન લાભ થવાની શક્યતા બનતી દેખાઈ રહી છે. જો તમે તમારા કાર્યસ્થળ અથવા પોતાના શિક્ષણના સિલસિલામાં પરિવારથી દૂર રહો છો તો, ઘણા હદ સુધી તમને આ અઠવાડિયે આ પરેશાનીઓમાંથી મુક્તિ મળી શકે છે. સાથે જ તમે તમારી વાણીના બળ પર, આ સમયગાળામાં લોકોને પોતાના બનાવી લેશો અને તેમના મનના દરેક મતભેદને દૂર કરી શાંતિ અને સદ્ભાવ સ્થાપિત કરવામાં સફળ થશો.

વૃશ્ચિક - (ન, ય) :- ચંદ્ર રાશિથી રાહુના ચોથા ભાવમાં સ્થિત હોવાને કારણે, આ અઠવાડિયે તમારા મનમાં નકારાત્મક વિચારો હાવી રહેશે. જેના કારણે જો તમારી સાથે કંઈક સારું પણ થશે, તો પણ તમે તેને નકારાત્મક દ્રષ્ટિથી જ જોતા નજર આવશો. આના પરિણામ સ્વરૂપ, તમે પોતાને ઘણા સારા અને લાભ વાળા અવસરોથી વંચિત કરી શકો છો. તેથી પોતાના આ સ્વભાવમાં સુધારો કરો. આ માટે તમે યોગ અને ધ્યાનો સહારો પણ લઈ શકો છો. ચંદ્ર રાશિથી કેતુના દસમા ભાવમાં સ્થિત હોવાને કારણે, આ અઠવાડિયે તમે ઘણા ગુપ્ત સ્ત્રોતો અને સંપર્કોથી સારા પૈસા કમાશો. પરંતુ આ દરમિયાન તમારા ઘરગથ્થુ ખર્ચમાં વધારો, તમારા માટે બચતને વધુ મુશ્કેલ બનાવી દેશે. તેથી તમારા માટે ઉત્તમ રહેશે કે, પોતાના વધારાના ધનને સુરક્ષિત જગ્યાએ રાખો અને ખરાબ પરિસ્થિતિમાં જ તેનો ઉપયોગ કરો. આ અઠવાડિયે કાર્યસ્થળ પર વધારાના કામનું દબાણ અને તણાવ, તમારા દિલ-દિમાગ પર છવાઈ શકે છે.

ધન - (ભ, ધ, ફ, ઢ) :- ચંદ્ર રાશિથી શનિના ચોથા ભાવમાં સ્થિત હોવાને કારણે, આ અઠવાડિયે કરિયરને લઈને તણાવના લીધે, તમારે કેટલીક નાની-મોટી બીમારીઓનો સામનો કરવો પડી શકે છે. તેથી સુકૂન અને મગજને શાંત કરવા માટે, મિત્રો અને પરિવાર સાથે થોડો સમય વિતાવો અને જો શક્ય હોય તો, તમે તેમની સાથે કોઈ નાની યાત્રા પર જવાનો પ્લાન પણ બનાવી શકો છો. આશંકા છે કે આ અઠવાડિયે તમારી કોઈ જંગમ-સ્થાવર મિલકત ચોરી થાય, અથવા કોઈ તમારા વિશ્વાસને તોડતાં તેને હડપ કરી લે, તેથી જેટલું થઈ શકે, શરૂઆતથી જ પોતાને સાવધાન રાખતાં, કોઈના પર પણ આંખ બંધ કરીને વિશ્વાસ કરવાથી બચો. આ અઠવાડિયે તમારામાં, મુખ્ય રીતે ધીરજની ઘણી કમી જોવા મળશે. તેથી સંયમ રાખો, ખાસ કરીને પરિવારથી જોડાયેલા મુદ્દાઓને લઈને તમારે વિશેષ ધ્યાન રાખવાની જરૂર રહેશે. કારણ કે તમારો ગુસ્સો આસપાસના લોકોને, ઘરના લોકોને કે તમારા મિત્રોને દુઃખી કરી શકે છે. ચંદ્ર રાશિથી કેતુના નવમા ભાવમાં સ્થિત હોવાને કારણે, નોકરી-પેશા લોકોને આ અઠવાડિયે, ઓફિસમાં આમ-તેમની વાતો કરવાથી બચવું જોઈએ. અન્યથા તમે પોતાને કાર્યસ્થળની રાજનીતિમાં ફસાવી શકો છો, જેનાથી તમારી છબીને નુકસાન પહોંચશે. આ અઠવાડિયે તમારું હસમુખ ચરિત્ર અને બૌદ્ધિક કૌશલ્ય, તમને શિક્ષણમાં સફળતા તો અપાવશે.

મકર - (ખ, જ) :- આ અઠવાડિયે તમારા જીવનના ઘણા ક્ષેત્રો, સૌથી વધુ પ્રભાવિત રહેવાના છે. તેથી તમારા માટે ઉત્તમ રહેશે કે કોઈ પણ વિપરીત પરિસ્થિતિમાં, પોતાની ધીરજ ન ગુમાવો. ખાસ કરીને મુશ્કેલ પરિસ્થિતિઓમાં, કંઈપણ નિર્ણય લેતી વખતે ભવિષ્યનું ચોક્કસ વિચારો. ચંદ્ર રાશિથી કેતુના આઠમા ભાવમાં સ્થિત હોવાને કારણે, જે લોકોએ ક્યાંય રોકાણ કર્ય

સીમાંકન બિલ: સપાના વિરોધથી લઈને ડીએમકેની શરતો અને વાયએસઆરસીપીના સંભવિત સમર્થન સુધી, કોણ ક્યાં છે?

શું સોમવાર, ૩૦ નવેમ્બરથી ફરી શરૂ થનારા સંસદના વિશેષ સત્રમાં 'સીમાંકન ખરડો' (Delimitation Bill) રજૂ કરવામાં આવશે? કેન્દ્રીય સંસદીય કાર્ય મંત્રી કિરેન રિજિજુએ જણાવ્યું હતું કે, આ બેઠકો સંસદના ચોમાસુ સત્રનો



જ એક ભાગ હશે અને નક્કી કરાયેલા કામકાજના આધારે ૩ ડિસેમ્બરે પૂર્ણ થઈ શકે છે.

'ઠ' (ટ્વિટર) પર એક પોસ્ટમાં રિજિજુએ જણાવ્યું કે, સરકારે લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાને ૩૦ નવેમ્બરે લોકસભાની બેઠક બોલાવવા અને રાજ્યસભાના અધ્યક્ષ સી.પી. રાધાકૃષ્ણનને ૨ ડિસેમ્બરે રાજ્યસભાની બેઠક બોલાવવા વિનંતી કરી છે. તેમણે ઉમેર્યું કે, આ સત્ર સરકારી કામકાજને આગળ વધારવા માટે બોલાવવામાં આવ્યું છે. તેમણે વધુમાં કહ્યું કે, "કામકાજની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને, બંને ગૃહોની બેઠકો ૩ ડિસેમ્બર, ૨૦૨૬ના રોજ પૂર્ણ થઈ શકે છે."

શું સંસદના વિશેષ સત્રમાં સીમાંકન ખરડા પર ચર્ચા થશે?

૧૦ મુખ્ય મુદ્દાઓ

સોમવાર, ૩૦ નવેમ્બરથી શરૂ થનારા સંસદના વિશેષ સત્રમાં સીમાંકન ખરડો રજૂ કરવામાં આવે તેવી શક્યતા છે. આ ઘટનાક્રમ એવા અટકળો વચ્ચે સામે આવ્યો છે કે સરકાર સીમાંકન અને મહિલા અનામત સંબંધિત કાયદો લાવી શકે છે. જોકે, રિજિજુએ સ્પષ્ટ કર્યું નથી કે આ સત્ર દરમિયાન કયા ખરડા કે પ્રસ્તાવો રજૂ કરવામાં આવશે.

પ્રસ્તાવિત સીમાંકન ખરડાનો ઉદ્દેશ્ય લોકસભાની બેઠકોની સંખ્યા વધારીને ૮૫૦ કરવાનો છે, જેથી મહિલાઓ માટે ૩૩ ટકા અનામતનો માર્ગ મોકળો થઈ શકે. એનડીએ (NDA) સરકારનું માનવું છે કે, વસ્તી ગણતરીના અદ્યતન આંકડાઓને પ્રતિબિંબિત કરવા અને લોકસભામાં મહિલા અનામત ખરડાને અમલમાં મૂકવા માટે સીમાંકન જરૂરી છે.

સીમાંકન પ્રક્રિયાને આગળ

વાત અને વિચાર

વધારવાના કેન્દ્ર સરકારના નવા પ્રયાસો પર વાયએસઆર કોંગ્રેસ પાર્ટી (YSRCP) તરફથી મહત્વપૂર્ણ પ્રતિક્રિયા મળી છે. મીડિયા અહેવાલો અને પાર્ટીના સૂત્રોના જણાવ્યા અનુસાર, જો સંસદમાં સીમાંકન ખરડો રજૂ કરવામાં આવે, તો રૂજ્જીઈઝ્ર તેને સમર્થન આપવા તૈયાર છે; પરંતુ શરત એ છે કે આ પ્રક્રિયા દ્વારા વિવિધ પ્રદેશો વચ્ચે યોગ્ય સંતુલન જળવાઈ રહેવું જોઈએ.

સમાજવાદી પાર્ટી (SP) એ સંકેત આપ્યો છે કે, જ્યારે સીમાંકન ખરડો સંસદમાં રજૂ કરવામાં આવશે ત્યારે તેઓ તેનો વિરોધ કરશે. સમાજવાદી પાર્ટી (SP)ના વડા અખિલેશ યાદવે 'ઠ' પર એક પોસ્ટમાં કહ્યું કે, "સીમાંકન એ ભાજપની રાજનીતિની સૌથી મોટી ભૂલ સાબિત થશે."

દ્રવિડ મુનેત્ર કઝગમ (DMK) એ સંકેત આપ્યો છે કે જો સંસદીય પ્રતિનિધિત્વમાં તમિલનાડુનો વર્તમાન હિસ્સો સુરક્ષિત રાખવામાં આવે, તો તેઓ પ્રસ્તાવિત સીમાંકન ખરડાને સમર્થન આપી શકે છે. ફ્રસ્દ્ધ ઈચ્છે છે કે ૧૯૭૧ની વસ્તી ગણતરીના આધારે બેઠકોની સંખ્યા પર જે સ્થગિતતા (freeze) છે - જે ૨૦૨૭માં સમાપ્ત થવાની છે - તે યથાવત રહે. DMKના સૂત્રોના જણાવ્યા અનુસાર, પક્ષ ઈચ્છે છે કે બંધારણીય સુધારા દ્વારા આ સ્થગિતતાને વધુ ૨૫ વર્ષ માટે લંબાવવામાં આવે. પક્ષના સૂત્રોએ જણાવ્યું છે કે જો કેન્દ્ર સરકાર આ શરતો સ્વીકારવા તૈયાર થાય, તો ફ્રસ્દ્ધ સીમાંકન ખરડાને સમર્થન આપવા તૈયાર છે.

શિવસેના (UBT)ના સાંસદ સંજય રાઉતે ચેતવણી આપી છે કે જે પણ પક્ષ પ્રસ્તાવિત સીમાંકન ખરડા પર ફ્રસ્દ્ધછને સમર્થન આપશે, તે ૈંફ્રસ્દ્ધેંછ' ગઠબંધન સાથે વિશ્વાસઘાત કરશે અને તેણે વિરોધ પક્ષોના આ ગઠબંધનમાંથી બહાર નીકળી જવું જોઈએ. તેમનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે NCP (SP)ના સાંસદ સુપ્રિયા સુલે દ્વારા ભાજપના નેતૃત્વવાળા નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (NDA)માં સત્તાવાર રીતે જોડાયા વિના આ ખરડાને સમર્થન આપવાની ચર્ચા રાજકીય વર્તુળોમાં ચાલી રહી છે. પત્રકારો સાથે વાત કરતા રાઉતે કહ્યું કે, તેમને નથી લાગતું કે NCP (SP)ના વડા શરદ પવાર કે તેમના પુત્રી સુપ્રિયા સુલે ફ્રસ્દ્ધછ સાથે જોડાશે; કારણ કે તેમની રાજકીય વિચારધારા અને ભાજપના નેતૃત્વ સામેનો તેમનો લાંબા સમયથી ચાલતો વિરોધ આ બાબત સાથે સુસંગત નથી.

એપ્રિલ મહિનામાં, 'બંધારણ (૧૩૧મો સુધારો) ખરડો' લોકસભામાં પસાર થઈ શક્યો ન હતો; જેમાં ૨૯૮ સભ્યોએ તેની તરફેણમાં અને ૨૩૦ સભ્યોએ તેની વિરુદ્ધમાં મતદાન કર્યું હતું. નોંધનીય છે કે, આ ખરડો જરૂરી બે-તૃતીયાંશ બહુમતી મેળવી શક્યો ન હતો, જેના કારણે તે ગૃહમાં પસાર થઈ શક્યો નહીં. આ ઉપરાંત, અન્ય બે ખરડાઓ - 'સીમાંકન ખરડો ૨૦૨૬' અને 'કેન્દ્રશાસિત પ્રદેશ કાયદા (સુધારા) ખરડો ૨૦૨૬' - ને પડતા મૂકવામાં આવ્યા હતા. આ વખતે, ફ્રસ્દ્ધછ 'સીમાંકન ખરડા' અને અન્ય ખરડાઓ પસાર કરવા માટે મક્કમ છે. તેનું કારણ એ છે કે શિરોમણી અકાલી દળે ભાજપ સાથે હાથ મિલાવ્યા છે, અને આ ઉપરાંત ૨૫થી વધુ ધારાસભ્યો/સાંસદોએ તૃણમૂલ કોંગ્રેસ તથા શિવસેના (ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરે) પક્ષ છોડીને 'નેશનાલિસ્ટ સિટિઝન્સ પાર્ટી ઓફ ઈન્ડિયા' (NCPI) અને શિવસેનામાં જોડાણ કર્યું છે.

ઘર અને જમીન કબજે કરવા માતા-પુત્રીની તીક્ષ્ણ હથિયાર વડે ગળું કાપી હત્યા





ધારવા ગામમાં જમીન પોતાના નામે કરાવવાના દબાણ કરનાર શખ્સે અગાઉ ધમકી આપ્યા બાદ ઘટનાને આપ્યો અંજામ

ક્રાઈમ સ્ટોરી

નંદગંજ પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના ધારવા ગામમાં જમીન પોતાના નામે કરાવવાના દબાણ અને અગાઉથી ધમકીઓ આપવાના વિવાદ વચ્ચે માતા અને પુત્રીની તીક્ષ્ણ હથિયારથી ગળું કાપીને હત્યા કરવામાં આવી હતી. બુધવારે સવારે, જ્યારે પરિવાર બંધ મકાનમાં પ્રવેશ કર્યો, ત્યારે તેમને મહિલાનો મૃતદેહ ફ્લોર પર પડેલો અને પુત્રીનો મૃતદેહ પલંગ પર પડેલો જોવા મળ્યો. બંનેના ગળા પર તીક્ષ્ણ હથિયારોના નિશાન હતા. આ બેવડી હત્યાથી ગામમાં શોકની લહેર ફેલાઈ ગઈ.

કાસીમાબાદ પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના સકાહા ગામના રહેવાસી મોહમ્મદ અમીરુલ્લાહ અને મૃતકના ભાઈએ ધારવા ગામના તેના પાડોશી પરવેઝ ઉર્ફે સોનુ પર હત્યાનો આરોપ લગાવ્યો છે. તેમનો દાવો છે કે આરોપી તેમની બહેન પર ઘર અને જમીનના દસ્તાવેજો પોતાના નામે કરાવવા માટે દબાણ કરી રહ્યો હતો અને જો તેણીએ પ્રતિકાર કર્યો તો તેણીને મારી નાખવાની ધમકી આપી હતી. "અમે પહેલા પણ એક વખત સમાધાન કર્યું હતું," તેમણે કહ્યું.

મોહમ્મદ અમીરુલ્લાહે જણાવ્યું કે તેની બહેન ઝૈબુન નિશા (૩૫) તેની ૧૦ વર્ષની પુત્રી આઈમાન નિશા સાથે લગભગ આઠ વર્ષથી ધારવા ગામમાં રહેતી હતી. મંગળવારે તેણે તેની બહેનના મોબાઈલ ફોન પર ઘણી વાર ફોન કર્યો, પરંતુ ફોન રિસીવ થયો નહીં. શંકાસ્પદ લાગતાં તેણે તેની બીજી બહેન શબાનાને ધારવા મોકલી. ત્યાં પહોંચતાં ઘરનો મુખ્ય દરવાજો બંધ જોવા મળ્યો. પડોશીઓની મદદથી તાળું તોડવામાં આવ્યું.

અંદરના રૂમમાં ઝૈબુન નિશાનો મૃતદેહ ફ્લોર પર પડ્યો હતો અને તેની પુત્રી આઈમાનનો મૃતદેહ પલંગ પર પડ્યો હતો. બંનેની તીક્ષ્ણ હથિયારથી ગળું કાપીને હત્યા કરવામાં આવી હતી. અમીરુલ્લાહના જણાવ્યા મુજબ, થોડા દિવસો પહેલા પરવેઝ, જેને સોનુ તરીકે પણ ઓળખવામાં આવે છે, તે વીજળીનો કેબલ કાપીને લઈ ગયો હતો. તેની બહેને આ અંગે આરોપીના પરિવારને ફરિયાદ કરી હતી. બાદમાં, પરિવારે કેબલ પરત કરી દીધો, પરંતુ ફરિયાદ કરવા બદલ પરવેઝ તેના પર ગુસ્સે હતો.

ભાઈનો આરોપ છે કે આરોપીએ તેની બહેનને રસ્તામાં રોકી હતી અને માંગ કરી હતી કે તે ઘર અને જમીન તેના નામે કરે. જો તેણીએ તેમ ન કર્યું તો તેણે તેણી અને તેની પુત્રીને મારી નાખવાની ધમકી આપી હતી. પરિવારનો આરોપ છે કે જમીનના દસ્તાવેજો તેના નામે કરવા માટે દબાણ હેઠળ માતા અને પુત્રીની હત્યા કરવામાં આવી હતી.

માહિતી મળતાં પોલીસે બંને મૃતદેહોનો કબજો લીધો અને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા. પોલીસે ઘટનાસ્થળનું નિરીક્ષણ કર્યું અને પરિવારના સભ્યોની પૂછપરછ કરી. પોલીસ અધિક્ષક વિનય કુમાર સિંહે જણાવ્યું કે પરિવારની ફરિયાદના આધારે આરોપી પરવેઝ ઉર્ફે સોનુ વિરુદ્ધ એફઆઈઆર નોંધવામાં આવી છે.

ધારવામાં માતા અને પુત્રીની હત્યાથી પરિવાર બરબાદ થઈ ગયો છે. ઝૈબુન નિશા તેની ૧૦ વર્ષની પુત્રી આઈમાન સાથે એકલી રહેતી હતી. મૃતકની સૌથી નાની બહેન શબાનાએ જણાવ્યું કે પરિવારમાં છ બહેનો અને બે ભાઈઓ છે. ઝૈબુન ચોથી હતી. તેના લગ્ન લગભગ ૧૩ વર્ષ પહેલા મેરઠના રહેવાસી ગુલફામ સાથે થયા હતા.

લગ્ન પછી, તેનો પતિ મોહમ્મદાબાદમાં ભાડાના મકાનમાં રહેતો હતો. શબાનાના જણાવ્યા મુજબ, લગભગ સાત વર્ષ પહેલાં ગુલફામે તેની બહેન અને પુત્રીને છોડીને બીજા લગ્ન કર્યા. ત્યારબાદ, ઝૈબુનના પિતાએ ધારવા ગામમાં જમીન ખરીદી અને ઘર બનાવ્યું. ઝૈબુન તેની પુત્રી, આઈમાન, જે ધોરણ ૩ માં ભણતી હતી, સાથે તે જ ઘરમાં રહેવા ગઈ.

શબાનાનો આરોપ છે કે પરવેઝ ઉર્ફે સોનુ તેની બહેનના ઘરે આવતો અને જમીનના દસ્તાવેજો માંગતો, જેથી તે તેને તેના નામે કરી શકે. જો તેઓ તેને જમીન આપવાનો ઈનકાર કરે તો તે તેમના પર દબાણ કરતો. પરિવારનો આરોપ છે કે આ વિવાદને કારણે માતા અને પુત્રીને નિશાન બનાવવામાં આવી હતી. જોકે, હત્યાના વાસ્તવિક કારણો અને ઘટનાઓનો ક્રમ પોલીસ તપાસ પછી જ પુષ્ટિ થશે. મૃતકના ભાઈ મોહમ્મદ અમીરુલ્લાહે આરોપ લગાવ્યો કે થોડા દિવસો પહેલા, પરવેઝ, જેને સોનુ તરીકે પણ ઓળખવામાં આવે છે, તેના ઘરમાંથી વીજળીનો વાયર કાપીને લઈ ગયો હતો. ઝૈબુને આ અંગે આરોપીના પરિવારને ફરિયાદ કરી હતી. બાદમાં, તેના પરિવારે કેબલ પાછો અપાવ્યો. ભાઈ કહે છે કે ફરિયાદથી ગુસ્સે થયેલા પરવેઝે તેની બહેન સામે દ્વેષ વિકસાવ્યો. તેણે તેમને રસ્તામાં રોક્યા અને જમીન અને ઘર તેના નામે કરવા દબાણ કર્યું. જ્યારે માતા અને પુત્રીએ પ્રતિકાર કર્યો ત્યારે તેણે તેમને મારી નાખવાની ધમકી પણ આપી. જ્યારે તેઓ માતા અને પુત્રીનો સંપર્ક કરી શક્યા નહીં, ત્યારે પરિવારને ડર લાગ્યો કે કંઈક ખરાબ થયું છે. ત્યારબાદ ઝૈબુનની બહેન, શબાના, ધારવામાં આવેલા ઘરમાં આવી. મુખ્ય દરવાજો બંધ હતો. જ્યારે સ્થાનિક રહેવાસીઓની હાજરીમાં તાળું તોડવામાં આવ્યું, ત્યારે અંદરનું દ્રશ્ય જોઈને બધા સ્તબ્ધ થઈ ગયા. ઝૈબુનનો મૃતદેહ ફ્લોર પર પડેલો હતો, અને તેની ૧૦ વર્ષની પુત્રી, આઈમાનનો મૃતદેહ પલંગ પર પડેલો હતો. બંનેના ગળા પર તીક્ષ્ણ હથિયારથી હુમલો કરવામાં આવ્યો હતો.

રાજકીય પક્ષોના વિકાસના દાવા અને 'દબંગ' નેતાઓની અનિવાર્યતા

ભારતીય રાજકારણમાં વિકાસનો મુદ્દો ચોક્કસપણે કેન્દ્રસ્થાને આવ્યો છે, પરંતુ જમીની સ્તરનું ચૂંટણી ગણિત હજુ પણ વ્યક્તિગત વર્ચસ્વ, જ્ઞાતિ અને બાહુબળની આસપાસ જ ફરે છે.ભાજપ સહિતના તમામ રાજકીય પક્ષો માટે ચૂંટણી જીતવા બાહુબલી નેતાઓ એક મહત્વનું પરિબળ બની ગયું છે.

રાજકારણ

બિહારના દબંગ નેતા અનંતસિંહની દીકરીના લગ્નનો પ્રસંગ ભારત જ નહીં અન્ય દેશમાં પણ ચર્ચાનો વિષય બન્યો છે.અનેક દેશના મીડિયામાં આ પ્રસંગની નોંધ લેવામાં આવી છે.ભારતીય રાજકારણમાં રાજકીય પક્ષ ભલે સર્વોપરી હોય,અંદરખાને બાહુબલી નેતાઓ પરોક્ષરીતે પક્ષ ઉપર પોતાની પકડ અને દબદબો જમાવી રાખે છે.આવા નેતાઓની મનમાની અને તમાશાને પ્રસાશન પણ નજરઅંદાજ કરતું હોય છે.

ભારતીય રાજકારણમાં આજે એક મોટો વિરોધાભાસ જોવા મળે છે. એક તરફ તમામ રાજકીય પક્ષો વિકાસ, સુશાસન અને સ્વચ્છ રાજકારણની વાતો કરે છે, તો બીજી તરફ ચૂંટણી જીતવા માટે તેઓ 'દબંગ' અથવા 'બાહુબલી' છબી ધરાવતા નેતાઓની અવગણના કરી શકતા નથી. બિહારના બાહુબલી નેતા અનંત સિંહ જેવા નેતાઓના પારિવારિક પ્રસંગો—જેમ કે તેમની દીકરીના લગ્ન—આ જ રાજકીય વાસ્તવિકતા અને તેમના અકબંધ વર્ચસ્વનું પ્રતીક બનીને સામે આવે છે.

ચૂંટણી અભ્યાસકો અને એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ જેવી સંસ્થાઓના અહેવાલો અનુસાર, રાજકીય પક્ષો માટે આવા નેતાઓ અનિવાર્ય બની જવા પાછળ કેટલાક પરિબળો કામ કરે છે. રાજકીય પક્ષો માટે વિચારધારા અને વિકાસના મુદ્દાઓ કરતાં ચૂંટણી જીતવી વધુ મહત્વની હોય છે. જ્યારે કોઈ નેતા પોતાના મતવિસ્તારમાં જ્ઞાતિગત સમીકરણો અને વ્યક્તિગત પ્રભાવના જોરે ચૂંટણી જીતવાની ખાતરી આપતા હોય, ત્યારે પક્ષો તેમનો ગુનાહિત ઈતિહાસ કે વિવાદાસ્પદ છબી નજરઅંદાજ કરીને તેમને ટિકિટ આપે છે.આવા નેતાઓ પાસે મોટા પાયે કાર્યકરોનું નેટવર્ક, આર્થિક સંસાધનો અને બૂથ મેનેજમેન્ટની ક્ષમતા હોય છે. પક્ષો માને છે કે આવા નેતાઓ માત્ર પોતાની બેઠક જ નહીં, પરંતુ આસપાસની અન્ય બેઠકો પર પણ મતદારોને પ્રભાવિત કરી શકે છે.

અનંત સિંહ જેવા નેતાઓના ઘરે યોજાતા લગ્ન કે અન્ય સામાજિક સમારોહમાં શાસક અને વિપક્ષ એમ બંને બાજુના દિગ્ગજ નેતાઓની હાજરી એ વાતની સાબિતી છે કે કોઈ પણ પક્ષ આવા નેતાઓ સાથે સીધો સંઘર્ષ વહોરવા કે તેમનો વિરોધ કરવા માંગતો નથી.

ઘણા મતદારો માટે 'વિકાસ' એ એક લાંબા ગાળાની પ્રક્રિયા છે, જ્યારે રોજિંદા જીવનની સમસ્યાઓ તાત્કાલિક ઉકેલ માંગે છે. સ્થાનિક સમર્થકોના મતે, દબંગ નેતાઓ વહીવટી તંત્ર પર દબાણ લાવીને તેમના કામ ઝડપથી કરાવી આપે છે અને મુશ્કેલ સમયમાં આર્થિક કે સામાજિક રક્ષણ પૂરું પાડે છે. આ કારણે જનતા તેમને 'વિકાસ પુરુષ' કરતાં વધુ 'તારણહાર' તરીકે જુએ છે.



બંધારણીય નિષ્ણાતો અને સામાજિક કાર્યકરોના મતે, વિકાસની વાતો કરનારા પક્ષો દ્વારા બાહુબલી નેતાઓને અપાતું પ્રોત્સાહન લોકશાહી માટે બેવડું ધોરણ (ડબલ સ્ટાન્ડર્ડ) દર્શાવે છે. તેમના મતે, જ્યાં સુધી રાજકીય પક્ષો ટિકિટ વહેંચણીમાં નૈતિકતા અને સ્વચ્છ છબીને પ્રાધાન્ય નહીં આપે, ત્યાં સુધી વિકાસના દાવાઓ માત્ર કાગળ પર જ રહેશે અને રાજકારણમાં બાહુબળનો દબદબો યથાવત રહેશે.

ભારતીય રાજકારણમાં વિકાસનો મુદ્દો ચોક્કસપણે કેન્દ્રસ્થાને આવ્યો છે, પરંતુ જમીની સ્તરનું ચૂંટણી ગણિત હજુ પણ વ્યક્તિગત વર્ચસ્વ, જ્ઞાતિ અને બાહુબળની આસપાસ ફરે છે. જ્યાં સુધી રાજકીય પક્ષો અને મતદારો બંને સ્તરે વૈકલ્પિક નેતૃત્વ ઊભું નહીં થાય, ત્યાં સુધી દબંગ નેતાઓની અનિવાર્યતા અને તેમના સામાજિક પ્રસંગોની ભવ્યતા રાજકીય ચર્ચાનો હિસ્સો બની રહેશે.

શબ્દ શોધો

બ	રા	બ	ર	ઇ	વિ	ધ	ક	ગી	ફ	ગી	ઈ
તુ	ર	ઉ	મ	શિ	વ	ધ	પ્ર	કી	ર	જી	ભા
કા	કા	ગ	હિ	ળ	બ	ચી	વ	ધ	જ	તી	ન
બા	લ	ફ	મા	ર	મા	કા	ગ	ધ	ગ	ક્ષ	ર
બા	આ	ઇ	ક્ષ	ધ	બા	શિ	જ	ળ	ર	દ	ભો
આ	પ્રા	ચી	વ	વા	સ	બા	જ	ભ	ક	ણા	બ
ક	ર	ન	બં	કા	મા	કા	ઐ	મો	મ	સ	અ
પ્ર	બા	દ	બા	કી	લ	કુ	મા	સ	આ	રો	અં
ર	સા	બં	ભા	ધ	બા	બ	આ	પ્ર	મા	દ	ધ
ભો	રા	દ	અઃ	ક	બા	સ	ક્ષ	મા	દ	મ	કા
સા	ર	ગ	પ્રા	મા	ણિ	ક	મા	મા	ઓ	ઊ	સા
કા	ન	લ	ધ	ળ	ચા	ઓ	ણ	ગી	ધ	ર	ગં

શબ્દ શોધો

પ્રમાદ, પ્રસાદ, પ્રામાણિક, ફરજ, બરાબર, બાદબાકી, ભમરો, ભાતીગળ, ભોરલ, મહિમા

પ્રણવ સ્વરૂપ ઈશ્વરનો આનંદ જાણનાર મનુષ્યને નિર્ભય અને બંધનમુક્ત જાણવો

ધર્મદર્શન

પ્રણવ એ પરમેશ્વરનો વાચક છે.તેનો અર્થ (વાચ્ય) પશુપતિ છે.તે પશુઓને પાશમાંથી મુક્ત કરે છે,માટે પ્રણવ એ શિવનો વાચક છે.શ્રુતિનો પણ મત છે કે,ૐકાર રૂપ સર્વ વસ્તુઓ છે,બ્રહ્મ એ ૐકાર મૂર્તિ છે.આમ છતાં પરમેશ્વરની માયાના પાશથી બંધાયેલો જીવ પ્રણવના અર્થને જાણવા કે પ્રાણવરૂપ બ્રહ્મને જાણવા અસમર્થ છે.

ભગવાન વામદેવ સમક્ષ ભગવાન કાર્તિકસ્વામીએ પ્રણવના અર્થનું નિરૂપણ કર્યું છે.પૂર્વે સુતપુરાણીજી કાશી ગયા હતા ત્યારે તેમણે ઋષિઓ સમક્ષ ભગવાન વામદેવ અને ભગવાન કાર્તિકસ્વામીના સંવાદની કથા કહી હતી.ભગવાન વામદેવ કાર્તિકસ્વામીને પ્રણામ કરીને કહે છે,' આ જગતમાં શિવ વગરની એક પણ વસ્તુ નથી, ભગવાન શિવ સમષ્ટિ અને વ્યષ્ટિરૂપે વ્યાપક છે તે સત્ય છે,આમછતાં પ્રણવનો અર્થ તમે જ મને સારીરીતે સમજાવી શકો તેમ છો માટે મારી ઉપર અનુગ્રહ કરો'.

કાર્તિકસ્વામીએ કહ્યું,'શિવ ઉપર તમારી ભક્તિ તથા શિવસ્વરૂપના જ્ઞાનીઓમાં તમે ઉત્તમ છો.આ જગતમાં સર્વ પ્રાણી નાના પ્રકારના શાસ્ત્રમાં મોહિત થઈને પરમેશ્વરની માયાથી છેતરાય છે અને પ્રણવના અર્થરૂપ મહેશ્વરને જાણી શકતા નથી.પ્રાણવનો જે અર્થ છે તે શિવ છે,આ સત્ય છે.જ્યાં મન અને વાણી પહોંચી શકતી નથી એવા તે ઈશ્વરનો આનંદ જાણનાર મનુષ્યને પછી કોઈનો ભય રહેતો નથી.

જેનાથી આ જગત,વિષ્ણુ,ઈન્દ્ર, રુદ્ર વગેરે ભૂત અને ઇન્દ્રિયોના ગ્રામ સહિત પ્રથમ સર્વ ઉત્પન્ન થાય છે.જે કોઈથી જન્મતા નથી.વીજળી,સૂર્ય,ચંદ્ર જેને પ્રકાશિત કરી શકતા નથી,જેની કાંતિથી આ સઘળું જગત પ્રકાશે છે,જે સર્વેશ્વર ઐશ્વર્યથી સંપન્ન છે તેવા ઈશ્વરનું મુમુક્ષુ ધ્યાન કરે છે.જે પ્રકાશના મધ્યભાગમાં રહે છે,જેની ઉત્તમ શક્તિ અંતઃકરણથી જણાય છે,વળી જે નિર્ગુણ છે,સ્વગુણમાં ગૂઢ છે, કલા રહિત અને શિવરૂપ છે.આ શિવના ત્રણ સ્વરૂપ છે.એક સ્થૂળ,બીજું સૂક્ષ્મ અને ત્રીજું પર રૂપ.તે કલા રહિત,સર્વ દેવના આદિ દેવ સનાતન,જ્ઞાન ક્રિયા સ્વરૂપ અને પરમાત્માના નામથી ગવાય છે.

દેવના આદિ દેવ સદાશિવ પાંચ મંત્રરૂપ મૂર્તિની નિવૃત્તિ આદિ પાંચ કલામય છે.જેનું શરીર શુદ્ધ સ્ફટિક જેવું છે,પ્રસન્ન અને શીતળ કાંતિવાળા પંચમુખ જેવું છે.જેની દસ ભુજા,ત્રણ નેત્ર છે,ઈશાનરૂપ, મુકુટયુક્ત, પુરુષમૂળ, પુરાતન, અઘોરહૃદય, વામદેવ,ગુહ્ય,સદ્યપાદ, સાક્ષાત કલાવાન, કલારહિત,સર્વજ્ઞ અને છ શક્તિથી યુક્ત છે.જેની મૂર્તિ શબ્દ વગેરે છ શક્તિથી હૃદયકમળમાં પ્રકાશિત છે,વામભાગમાં મનોમયી છે અને પોતાની શક્તિથી શોભાયમાન એવા તે સાક્ષાત શંકર છે'.

પ્રણવના છ અર્થને જાણવા ગુરુનું શરણ લઈને માનવી શાસ્ત્રાનુસાર કર્મ કરી ભક્તિભાવમાં તત્પર રહે તો સદાશિવની કૃપા થાય છે અને તે ઈશ્વરના સ્વરૂપને જાણી શકે છે અને શિવની કૃપાથી સંસારચક્રમાંથી મુક્ત થાય છે.



રાજકોટ નાગરિક સહકારી બેંકના ૭૪મા સ્થાપના દિને યોજાયું ડો. જ્ઞાનવત્સલ સ્વામીનું પ્રેરણાત્મક વ્યાખ્યાન

રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.ના ૭૪મા સ્થાપના દિન નિમિત્તે હેમુ ગઢવી હોલ ખાતે વિવિધ કાર્યક્રમોની સાથે બીએપીએસના પ્રખ્યાત સંત ડો. જ્ઞાનવત્સલ સ્વામીનું પ્રેરણાત્મક વ્યાખ્યાન યોજાયું હતું



રાજકોટ

રાજકોટ નાગરિક સહકારી બેંક લિ. દ્વારા પોતાના ૭૪મા સ્થાપના દિનની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ અવસરે કર્મચારીઓ અને પરિવારજનો માટે ક્રિકેટ ટુર્નામેન્ટ, કરાઓકે, રક્તદાન મહાશિબિર, નાગરિક રાસોત્સવ, અંતાક્ષરી, ઈન્ડોર ગેમ્સ તેમજ મહિલાઓ માટે વિવિધ સ્પર્ધાઓ જેવા અનેકવિધ આકર્ષક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉજવણીના મુખ્ય કેન્દ્ર સમાન હેમુ ગઢવી હોલ ખાતે બીએપીએસ સંસ્થાના પ્રેરણાદાયી સંત ડો. જ્ઞાનવત્સલ સ્વામી દ્વારા 'સ્મોલ ચેન્જીસ ઈન એટીટ્યુડ, બિગ ચેન્જીસ ઈન લાઈફ' વિષય પર એક વિશેષ વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં સ્વામિનારાયણ ભગવાન, ભારતમાતા અને દિવંગત નેતા અરવિંદભાઈ મણીઆરની તસવીર સમક્ષ દીપ પ્રાગટ્ય અને પુષ્પાંજલિ અર્પણ કરી મહાનુભાવોએ શ્રદ્ધાંજલિ પાઠવી હતી.

વ્યાખ્યાન દરમિયાન ડો. જ્ઞાનવત્સલ સ્વામીએ સકારાત્મક અભિગમનું જીવનમાં શું મહત્વ છે તે ખૂબ જ સચોટ રીતે સમજાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે આપણા અભિગમમાં એક નાનું પરિવર્તન લાવવાથી જીવનમાં બહુ મોટું સકારાત્મક પરિવર્તન લાવી શકાય છે, કારણ કે અભિગમો જ આપણા વ્યક્તિત્વ અને ચારિત્ર્યનું સાચું નિર્માણ કરે છે. ગમે તેવી વિષમ પરિસ્થિતિમાં પણ સર્વોચ્ચ વિચાર કરવો એ આપણો અધિકાર છે અને જો આપણો અભિગમ સવળો હોય તો ઓછા સંસાધનો છતાં પણ પ્રગતિ અને સફળતા ચોક્કસ મેળવી શકાય છે. તેમણે સૌને સેવાભાવ અપનાવીને ચિરંતન આનંદ મેળવવાની અને હંમેશાં અન્યનું સારું ઈચ્છવાની પ્રેરણા આપી હતી, જેથી વ્યક્તિ પોતે પણ સુખી થઈ શકે. આ પ્રસંગે બેંકના ચેરમેન દિનેશભાઈ પાઠકે બેંકની પ્રગતિની રૂપરેખા આપતા જણાવ્યું હતું કે બેંકનો બિઝનેસ મિક્સ હવે રૂા. ૧૨,૫૦૦ કરોડથી વધુનો થયો છે અને આગામી વર્ષ ૨૦૨૭-૨૦૨૮માં જ્યારે બેંક ૭૫ વર્ષ પૂર્ણ કરશે ત્યારે તે રૂા. ૧૫,૦૦૦ કરોડના બિઝનેસ મિક્સવાળી અગ્રણી બેંક બને તેવી સહુની અભિલાષા છે. સીઈઓ અને જનરલ મેનેજર વિનોદ શર્માએ આ વાર્ષિક દિવસને સહિયારી સિદ્ધિઓ અને યોગદાનને બિરદાવવાનો અવસર ગણાવ્યો હતો. આ ભવ્ય કાર્યક્રમમાં બોર્ડ ઓફ મેનેજમેન્ટના વાઈસ ચેરમેન હંસરાજભાઈ ગજેરા દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી તથા બેંકના ડિરેક્ટરગણ, શાખા વિકાસ સમિતિના સદસ્યો, કર્મચારીઓ અને બહોળી સંખ્યામાં નાગરિક પરિવારજનો ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

રાજકોટના વોર્ડ નં. ૪માં ભાજપની સંવિધાન ગૌરવ યાત્રામાં બંધારણીય મૂલ્યોનો સંદેશ અપાયો



રાજકોટ,

સંવિધાન દિવસ નિમિત્તે રાજકોટ શહેર ભાજપ દ્વારા વિધાનસભા-૬૮ના વોર્ડ નં. ૪માં સંવિધાન ગૌરવ યાત્રા યોજાઈ હતી. રાજ્યસભાના સાંસદ અને ભાજપ બક્ષીપંચ મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ અમરપાલ મૌર્ય તથા ધારાસભ્ય ઉદય કાનગડની ઉપસ્થિતિમાં યોજાયેલી યાત્રામાં ભારતરત્ન ડો. બાબાસાહેબ આંબેડકરને વંદન કરી તેમના યોગદાનને યાદ કરાયું.

આ પ્રસંગે ઉદય કાનગડે સંવિધાનને દેશના ૧૪૦ કરોડ નાગરિકોની આશા, અધિકારો અને રાષ્ટ્રીય એકતાનો આધારસ્તંભ ગણાવ્યું હતું. જ્યારે અમરપાલ મૌર્યએ બાબાસાહેબના સમાનતા અને સામાજિક ન્યાયના વિચારોને સમરસ અને સશક્ત ભારતના નિર્માણનો પાયો ગણાવ્યા હતા.યાત્રામાં બક્ષીપંચ મોરચાના રાષ્ટ્રીય મંત્રી દશરથભાઈ ઠાકોર, શહેર ભાજપ મહામંત્રી લલિત વાડોલિયા, પ્રદેશ મંત્રી ગૌતમ ગોસ્વામી સહિત વોર્ડના હોદ્દેદારો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં ન્યાય, સમાનતા, સ્વતંત્રતા, બંધુત્વ અને રાષ્ટ્રીય એકતાના મૂલ્યોને જનજન સુધી પહોંચાડવાનો સંદેશ અપાયો હતો.

શ્રીનાથધામ હવેલીમાં ૫૧ કિલો અન્ન, ૧૧ ડબ્બા ઘીની સામગ્રીનો ભવ્ય અન્નકૂટ મનોરથ યોજાયો

યુવા વૈષ્ણવાચાર્ય વ્રજરાજકુમારજી મહોદયનું અભિવાદન



રાજકોટઃરાજકોટમાં ભક્તિ અને સેવાનો અનોખો સંગમ જોવા મળ્યો છે. જગદ્ગુરુ શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીની ૧૮મી પેઢીના વૈષ્ણવાચાર્ય વ્રજરાજકુમારજી મહોદયના ૪૧મા જન્મદિવસ નિમિત્તે નાનામવા મેઈન રોડ સ્થિત ફર્ન શ્રીનાથધામ હવેલી ખાતે ૫૧ કિલો અન્ન અને ૧૧ ડબ્બા ઘીની વાનગીઓનો અન્નકૂટ મનોરથ યોજાયો હતો. આ પ્રસંગે હજારો વૈષ્ણવોએ મહારાજનું અભિવાદન કર્યું હતું. ત્યારબાદ અન્નકૂટનો પ્રસાદ વૈષ્ણવો અને ગરીબોમાં વહેંચવામાં આવ્યો હતો.

રાજકોટમાં સ્પીડવેલ પાર્ટી પ્લોટ સામે આવેલી VYO શ્રીનાથધામ હવેલી ખાતે પુષ્ટિમાર્ગીય પ્રણાલી મુજબ ૫૧ કિલો અન્ન (સખડી) ના ઊંચા શિખરની સજાવટ કરાઈ હતી. સાથે જ ૧૧ ડબ્બા ઘીની વિવિધ સામગ્રી બનાવી પ્રભુને ભોગ ધરાવાયો હતો.

જાહેર અભિવાદન સમારોહમાં સર્વ સમાજના અગ્રણીઓ અને ધર્મપ્રેમી નાગરિકો મોટી સંખ્યામાં ઊમટ્યા હતા. બીજી તરફ, વડોદરાના માંજલપુર સ્થિત વ્રજધામ સંકુલ ખાતે વૈદિક પરંપરા મુજબ માર્કંડેય પૂજન થયું હતું. દીર્ઘાયુષ્ય અને આરોગ્યની કામના સાથે થયેલા આ પૂજનમાં ધ્રુમિલકુમારજી મહારાજ, યોગેશ્વરજી મહારાજ અને વલ્લભકુળ પરિવારના સભ્યો હાજર રહ્યા હતા.

આધ્યાત્મિક ચેતના અને સમાજ સેવાના મુખ્ય કાર્યોના પ્રકલ્પો

વૈશ્વિક ફેલાવો: 'વલ્લભ યૂથ ઓર્ગેનાઈઝેશન' આજે ભારત, અમેરિકા, કેનેડા, ઓસ્ટ્રેલિયા અને આફ્રિકા સહિત વિશ્વના ૧૮ દેશમાં કાર્યરત છે અને ૩૦થી વધુ હવેલીઓનું નેટવર્ક ધરાવે છે.

આધ્યાત્મિક યોગદાનઃ તેમણે ૫ લાખથી વધુ જીવાત્માઓને બ્રહ્મસંબંધ દીક્ષા આપી છે અને છેલ્લા ૮ વર્ષમાં ૨૫૦થી વધુ શ્રીમદ્ ભાગવત કથાઓ કરી છે. સોશિયલ મીડિયા પર તેમના ૭ લાખથી વધુ ફોલોઅર્સ છે.

માનવસેવાના કાર્યો : ૧ લાખ દૃષ્ટિહીન વ્યક્તિઓને સ્ટિક આપવાના સંકલ્પ હેઠળ ૩૦ હજારથી વધુ સ્ટિકનું વિતરણ કરાયું છે. ઉપરાંત પાણી માટે ૭૫થી વધુ બોરવેલ, ગૌસેવા, થેલિસિમિયા પરીક્ષણ, 'ફીડ ધ હંગ્રી' અને 'લાઈફ બ્લિસ' મેડિટેશન જેવા અભિયાનો ચલાવવામાં આવે છે.

રાજકોટ કમલમ કાર્યાલય ખાતે સૌરાષ્ટ્ર ઝોનના અલ્પકાલીન વિસ્તારક-નિવાસી સમન્વયકોની બેઠક યોજાઈ

સેવા દૂત અભિયાનની બેઠકમાં રાષ્ટ્રીય બક્ષીપંચ મોરચાના પ્રમુખ અમરપાલ મૌર્ય ઉપસ્થિત રહ્યા



રાજકોટ

રાજકોટ મહાનગર કમલમ કાર્યાલય ખાતે સૌરાષ્ટ્ર ઝોનના અલ્પકાલીન વિસ્તારક અને નિવાસી સમન્વયકોની બેઠક દિલ્હીથી ખાસ ઉપસ્થિત રાષ્ટ્રીય બક્ષીપંચ મોરચાના પ્રમુખ અમરપાલ મૌર્યજી તેમજ પ્રદેશ ભાજપ સંગઠન મહામંત્રી રત્નાકરજી, સહસંગઠન મહામંત્રી અરૂણ બિન્નાડીજી તેમજ પ્રદેશના સેવા દૂત અભિયાનના સંયોજક જયસિંહ ચૌહાણ, સહસંયોજક હરેન્દ્રસિંહ ગોહિલની ઉપસ્થિતિ અને માર્ગદર્શન હેઠળ બેઠક યોજવામાં આવી હતી.

આ તકે સેવા દૂત અભિયાનના સૌરાષ્ટ્ર ઝોન કલ્સ્ટર સહ-ઈન્ચાર્જ તરીકે જવાબદારી સોંપવામાં આવેલ જેમાં રાજકોટ શહેર અને અમરેલીમાં પ્રદેશ બક્ષીપંચ મોરચા મંત્રીશ્રી ગૌતમગીરી ગોસ્વામી, સુરેન્દ્રનગર, મોરબી, રાજકોટ જીલ્લામાં પૂર્વ જિલ્લા પ્રમુખ યુવા મોરચાના સતીશભાઈ શીંગાળા, જામનગર શહેર, જામનગર જીલ્લા,દેવભૂમિ દ્વારકા, પોરબંદરમાં પૂર્વ યુવા મોરચા શહેર પ્રમુખ દિલીપસિંહ જાડેજા, ભાવનગર શહેર અને જિલ્લા તેમજ બોટાદ માં પૂર્વ પ્રદેશ અનુ.જાતિ મોરચા મંત્રી અનિલભાઈ ગોહેલ, જુનાગઢ શહેર, જુનાગઢ જિલ્લા, ગીરસોમનાથમાં શહેર ઉપપ્રમુખ ઓમભાઈ રાવલની નિમણુંક કરી અને તેઓનેઅભિનંદન પાઠવેલ હતા. આ બેઠકમાં પ્રદેશ ભાજપ સંગઠન મહામંત્રી રત્નાકરજી, સહસંગઠન મહામંત્રીશ્રી અરૂણ બિન્નાડીજીએ પોતાના સંયુક્ત વકતવ્યમાં ઉપસ્થિત હોદેદારો તેમજ સૌરાષ્ટ્ર ઝોનમાં સમાવિષ્ટ જીલ્લા અને મહાનગરના પ્રભારી, પ્રમુખ અને સેવા દૂત અભિયાનના અલ્પકાલિન વિસ્તારક અને નિવાસી સમન્વયકોશ્રીને નવા વર્ષની શુભેચ્છા પાઠવેલ હતી

આ અભિયાનના મુખ્ય ઉદ્દેશ સેવાના સંદેશને જન-જન સુધી પહોંચાડવો સ્વચ્છતા, સ્વાસ્થય, શિક્ષણ અને અન્ય ક્ષેત્રોમાં સેવાગતિવિધીઓનું આયોજન કરવું. કેન્દ્ર અને રાજ્ય સરકારની યોજનાઓનો લાભ વધુમાં વધુ લોકો સુધી પહોંચાડવો, લાભાર્થીઓની કહાણીઓ અને અનુભવોનું સંકલન કરવું. સ્થાનિક સમસ્યાના ઉકેલમાં સહયોગ કરવો તેમજ જનભાગીદારીને પ્રોત્સાહન આપવું આ સિવાય વિસ્તારકોશ્રીએ નશામુકત કેમ્પ, સામુદાયિક સંગઠનો સાથે સમન્વય અને સંવાદ, લાભાર્થી બેઠકો યોજવાની રહેશે. આ ઉપરાંત વિધાનસભામાં આવતા વોર્ડ દીઠ એક કરવા " વિસ્તાર આપણું ગૌરવ" કેમ્પ" સ્પર્ધા અને આત્મરક્ષા પ્રશિક્ષણ" વિકસિત ભારત યાત્રા" અને " વાર્તા" યોજવામાં આવશે.

સૌરાષ્ટ્ર ઝોન બેઠકનું સંપૂર્ણ સંચાલન સેવા દૂત અભિયાનના સહસંયોજક હરેન્દ્રસિંહ ગોહિલ દ્વારા કરવામાં આવેલ, આ બેઠકની આભારવિધી રાજકોટ શહેર પ્રમુખ ડો. માધવ દવે દ્વારા કરવામાં આવેલ અને બેઠકને સફળ બનાવવા રાજકોટ શહેર મહામંત્રી વલ્લભભાઈ દુધાત્રા, લલીતભાઈ વાડોલીયા, યોગેન્દ્રસિંહ જાડેજા તેમજ કાર્યાલયમંત્રી હિતેષ ઢોલરીયા, સહકાર્યાલયમંત્રી શૈલેષ દવે તેમજ કાર્યાલય સ્ટાફના ચેતન રાવલ,નલહરિ પંડિત, ભાવીન ધોળકીયા અને અજયે જહેમત ઉઠાવી હતી.

રાજકોટમાં મશીન ટૂલ્સના પ્રદર્શનને નિહાળવા ૨૧ હજારથી વધુ મુલાકાતી આવ્યા

દેશ-વિદેશની ૫૦૦ કંપનીઓના ૩૫૦ સ્ટોલ : આજે પ્રદર્શનનો અંતિમ દિવસ



રાજકોટ,

રાજકોટ આજી વસાહતમાં આવેલા એન.એસ.આઈ.સી ગ્રાઉન્ડ ખાતે ગઈકાલથી આંતરરાષ્ટ્રીય મશીન ટૂલ્સ પ્રદર્શનનો ભવ્ય પ્રારંભ થયો છે. મશીન ટૂલ્સ મેન્યુફેક્ચરર્સ એસોસિએશન-રાજકોટ તથા કે એન્ડ ડી કોમ્યુનિકેશન લિમિટેડ-અમદાવાદના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ પ્રદર્શનને પ્રથમ દિવસે જ નિહાળવા માટે અભૂતપૂર્વ ઘસારો જોવા મળ્યો હતો. એક અંદાજ મુજબ ૨૧,૦૦૦ થી વધુ લોકોએ પ્રદર્શનની મુલાકાત લઈ પોતાના ઉદ્યોગના વિકાસ માટે એક્ઝિબિટરો સાથે ચર્ચા કરી હતી.

આ પ્રદર્શનમાં દેશ-વિદેશની ૫૦૦ કંપનીઓ ભાગ લઈ રહી છે. પ્રથમ દિવસે વિદેશના અનેક ઉદ્યોગકારોએ વિવિધ સ્ટોલની મુલાકાત લઈ પ્રદર્શન નિહાળી અભિભૂત થયા હતા અને સુંદર આયોજન બદલ રાજકોટ મશીન ટૂલ્સ મેન્યુફેક્ચરર્સ એસોસિએશનના પ્રમુખ યોગીનભાઈ છનીયારા સહિતની ટીમને અભિનંદન પાઠવ્યા હતા. પ્રારંભિક દિવસે જ સ્ટોલ ધારકોને પોતાના ઉત્પાદનોના ઓર્ડર મળતા તેઓમાં ખુશીની લહેર છવાઈ ગઈ હતી. આ પ્રદર્શન આગામી તા. ૨૮ નવેમ્બર સુધી સવારે ૧૦:૦૦ થી સાંજે ૬:૦૦ વાગ્યા સુધી ચાલશે.

કુલ ૫,૦૦૦ ચો.મી. વિસ્તારમાં યોજાયેલા આ પ્રદર્શનમાં ૩૫૦ સ્ટોલ ઊભા કરવામાં આવ્યા છે. વર્ષ ૨૦૦૬ થી રાજકોટના આંગણે યોજાતું આ ૧૦મું આંતરરાષ્ટ્રીય પ્રદર્શન એન્જિનિયરિંગ ક્ષેત્રના ઉત્પાદકો માટે બહોળી તક ઊભી કરશે. આ આયોજનને સફળ બનાવવા પ્રમુખ યોગીનભાઈ છનીયારાની આગેવાનીમાં હોદેદારો અને ટીમ જહેમત ઉઠાવી રહ્યા છે.

રાજકોટ ખાતે વૃદ્ધાવસ્થામાં આર્થિક સુરક્ષા અને આત્મનિર્ભરતા માટે

એનપીએસ સંચય યોજના અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

ખેડૂતો, મહિલાઓ અને અસંગઠિત ક્ષેત્રના શ્રમિકોને પેન્શન યોજનાના લાભો અંગે માર્ગદર્શન અપાયું

રાજકોટ,

વૃદ્ધાવસ્થામાં આર્થિક સુરક્ષા અને આત્મનિર્ભરતા જાળવવા નિવૃત્તિ આયોજનના મહત્ત્વને ધ્યાનમાં રાખીને પેન્શન ફંડ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (પી.એફ.આર.ડી.એ.) તથા લીડ બેંક સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, રાજકોટ દ્વારા 'એનપીએસ સંચય આઉટરીચ' કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ખેડૂતો, મહિલાઓ, ગ્રામ્ય ઉદ્યોગકારો, નાના વ્યવસાયકારો અને અસંગઠિત ક્ષેત્રના શ્રમિકોને રાષ્ટ્રીય પેન્શન પ્રણાલીના લાભો, નોંધણી અને નિવૃત્તિ આયોજન અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.



આ પ્રસંગે રાજકોટ જિલ્લા ડિસ્ટ્રિક્ટ બેંકના વી.એમ. સખીયાએ ખેડૂતોમાં યોજનાની જાગૃતિ વધારવા કાર્યક્રમો યોજવાની ખાતરી આપી હતી. જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના હેમલભાઈએ યોજનાને આવકારી હતી, જ્યારે નાબાર્ડના એજીએમ ધર્મેન્દ્ર ચૌહાણે સ્વસહાય જૂથો સાથે જોડાયેલી મહિલાઓ અને સહકારી મંડળીઓની ભૂમિકા અંગે માર્ગદર્શન આપ્યું હતું. ટ્રેનર ઋત્વિક ભાવસારે યોજનાની નોંધણી, રોકાણની પ્રક્રિયા, વિવિધ રોકાણ વિકલ્પો અને સંભવિત લાભો અંગે પ્રેઝન્ટેશન દ્વારા સમજ આપી ઉપસ્થિતોના પ્રશ્નોનું નિરાકરણ કર્યું હતું.

કાર્યક્રમ દરમિયાન સ્થળ પર જ નોંધણીની વ્યવસ્થા કરવામાં આવી હતી. ઉપરાંત ગ્રામ્ય વિસ્તારોમાં યોજનાનો વ્યાપ વધારવા બિઝનેસ કોરસ્પોન્ડન્ટ્સ અને કોમન સર્વિસ સેન્ટર્સના વિલેજ લેવલ એન્ટ્રપ્રિન્યોર્સ માટે વિશેષ તાલીમ સત્ર યોજાયું હતું. પ્રારંભે રાજકોટ લીડ બેંકના મેનેજર પવનકુમારે સ્વાગત પ્રવચન કર્યું હતું, જ્યારે સંજય મહેતાએ સંચાલન કર્યું હતું. કાર્યક્રમમાં બેંકિંગ ક્ષેત્રના અધિકારીઓ, સહકારી મંડળીઓના સભ્યો, મહિલાઓ અને ખેડૂતો સહિતના સહભાગીઓ ઉપસ્થિત રહ્યા હતા.

રાજકોટ ખાતે નવ નાત વણિક સમાજની ઐતિહાસિક 'વણિક જોડો' યાત્રા સંપન્ન



રાજોત,

રાજકોટની પવિત્ર ધરતી પર આજે નવ નાત વણિક સમાજ દ્વારા ઐતિહાસિક 'વણિક જોડો' યાત્રાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. સમાજમાં એકતા, સંગઠન, ભાઈચારો અને પરસ્પર સહયોગની ભાવનાને વધુ મજબૂત બનાવવાના હેતુથી આયોજિત આ યાત્રાને અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો હતો.

આ યાત્રાને રાજકોટના રાજવી પરિવારના ઠાકોર સાહેબ માંધાતાસિંહજી જાડેજા, ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ, રાજકોટ શહેર ભાજપના પૂર્વ પ્રમુખ મુકેશભાઈ દોશી, કોર્પોરેટર શ્રી ધૈર્યભાઈ પારેખ, કોર્પોરેટર શ્રીમતી અરુણાબેન ઓડેસરા, વૈભવભાઈ ચોકસી, કોંગ્રેસનાં અગ્રણી શ્રીમતી મનીષાબા વાળા, રાજકોટ શહેર મહિલા મોરચાનાં પ્રમુખ શ્રીમતી લીનાબેન રાવલ, મહામંત્રી શ્રીમતી માધવીબેન જોગિયા, મહામંત્રી શ્રીમતી મયુરીબેન રાવલ, જૈન સમાજના અગ્રણી ભરતભાઈ દોશી, મૂર્તિપૂજક જૈન સમાજના અગ્રણી તનસુખભાઈ સંઘવી, પ્રજ્ઞાનંદ કલ્યાણીભાઈ મોઢ સહિતના રાજકીય અને સામાજિક મહાનુભાવોના હસ્તે લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. યાત્રામાં અનેક કાર, સ્કૂટર અને બાઈક સાથે સમાજના ભાઈઓ-બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. રાજકોટના રાજમાર્ગો પર 'જય વણિક'ના ગગનભેદી નારાઓ સાથે નીકળેલી આ યાત્રાએ સમગ્ર શહેરમાં સમાજની એકતા અને સંગઠનનો સંદેશ પ્રસરાવ્યો હતો. યાત્રાનું સમાપન રાજકોટના ઐતિહાસિક જ્યુબિલી વિસ્તારમાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની પ્રતિમાને સૂતરની માળા અર્પણ કરીને કરવામાં આવ્યું હતું. આ ઐતિહાસિક 'વણિક જોડો' યાત્રામાં નવ નાત વણિક સમાજના પ્રબુદ્ધ નાગરિકો, યુવાનો, વડીલો અને બહેનો મોટી સંખ્યામાં જોડાયાં હતાં.

સીમાંકન બિલ અને મહિલા અનામત સંબંધિત સુધારાને કેબિનેટની મંજૂરી

પીએમ મોદીની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં સંસદમાં આગામી કાર્યવાહીની ચર્ચા કરવામાં આવી



નવીદિલ્હી,

મોદી સરકારની કેબિનેટની બેઠક આજે મળી હતી આ બેઠક લગભગ ૪૦ મિનિટ ચાલી. પીએમ મોદીની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં સંસદમાં આગામી કાર્યવાહીની ચર્ચા કરવામાં આવી હતી. સૂત્રો અનુસાર, બેઠકમાં સીમાંકન બિલને મંજૂરી આપવામાં આવી, જેમાં તમામ રાજ્યો માટે સમાન પ્રમાણમાં ૫૦ ટકા બેઠકોનો વધારો કરવાનો પ્રસ્તાવ છે. બેઠકોની સંખ્યા ૫૨ની આ મર્યાદા વર્ષ ૨૦૫૧ સુધી અમલમાં રહેશે. વધુમાં, કેબિનેટે નારી શક્તિ વંદન કાયદા સંબંધિત બંધારણીય સુધારા બિલને મંજૂરી આપી. આ અંતર્ગત, એક તૃતીયાંશ બેઠકો મહિલાઓ માટે અનામત રાખવામાં આવશે.

સીમાંકન બિલ અંગે રાજકારણ ફરી એકવાર ચરમસીમાએ છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, સરકારે જાદુઈ સંખ્યા પ્રાપ્ત કરી છે. લોકસભા ૩૦ નવેમ્બરથી અને રાજ્યસભા ૨ ડિસેમ્બરથી તેની કાર્યવાહી શરૂ કરશે. સત્ર ૩ ડિસેમ્બરે મુલતવી રાખવામાં આવશે. આનો અર્થ એ છે કે સરકારે સંપૂર્ણ તૈયારીઓ કરી, સંખ્યા એકત્રિત કરી અને પછી લોકસભા અધ્યક્ષ અને રાજ્યસભા અધ્યક્ષને સત્ર બોલાવવા વિનંતી કરી. દરમિયાન, વિપક્ષ આ પગલાને ગેરબંધારણીય ગણાવી રહ્યો છે. તેમનો દાવો છે કે વિપક્ષને જાણ કરવામાં આવી ન હતી, ન તો બિલની નકલ પ્રસારિત કરવામાં આવી હતી, અને સત્ર ફક્ત ચાર દિવસની નોટિસ સાથે બોલાવવામાં આવ્યું હતું.

કેન્દ્રીય સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ જણાવ્યું કે સરકારે ચાર દિવસનું સંસદીય સત્ર બોલાવવાનો નિર્ણય લીધો છે. લોકસભાના અધ્યક્ષ અને રાજ્યસભાના અધ્યક્ષને આ અંગે જાણ કરવામાં આવી છે. સરકારની યોજના મુજબ, ૩૦ નવેમ્બર અને ૧ ડિસેમ્બરે લોકસભામાં મહત્વપૂર્ણ કાયદાકીય કાર્ય હાથ ધરવામાં આવશે, જ્યારે રાજ્યસભા ૨ અને ૩ ડિસેમ્બરે સત્ર ચલાવશે. રિજિજુએ જણાવ્યું કે તેમણે તમામ રાજકીય પક્ષોનો સંપર્ક કર્યો છે અને તેમના મુખ્ય નેતાઓ સાથે ચર્ચા કરી છે.

ખાસ સત્ર બોલાવવાની પ્રક્રિયા અંગેના પ્રશ્નોને નકારી કાઢતા, રિજિજુએ જણાવ્યું કે મહત્વપૂર્ણ કાયદાકીય કાર્ય માટે સંસદનું સત્ર બોલાવવાનો સરકારનો અધિકાર છે. આ લાંબા સમયથી સ્થાપિત સંસદીય પરંપરા છે. તેમણે ઉમેર્યું કે ઇતિહાસમાં એવા અસંખ્ય ઉદાહરણો છે જ્યાં અગાઉના સત્રને ઔપચારિક રીતે સમાપ્ત કર્યા વિના નવું સત્ર બોલાવવામાં આવ્યું હતું. તેથી, સત્ર બોલાવવાની પ્રક્રિયાને ગેરબંધારણીય કહેવું અથવા સરકાર પર શિયાળુ સત્ર સમય પહેલા સમાપ્ત કરવાનો આરોપ લગાવવો બેજવાબદારીભર્યું છે.

ટ્રમ્પની શાંતિની અપીલ વચ્ચે રશિયાએ સોવિયેત યુગ પછીનું સૌથી મોટું સંરક્ષણ બજેટ પસાર કર્યું

લશ્કરી ખર્ચ અગાઉના ત્રણ વર્ષના બજેટ કરતાં ૧૨૧ અબજ ડોલર વધુ

મોસ્કો,

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તેમના રશિયન સમકક્ષ વ્લાદિમીર પુતિનને યુક્રેનમાં યુદ્ધનો વિસ્તાર ન કરવા અનુરોધ કર્યો હતો, પરંતુ તે જ સમયે રશિયન સંસદે ૨૦૨૭-૨૯ માટે એવું બજેટ પસાર કર્યું છે જેમાં સોવિયેત યુગ પછીનો સૌથી વધુ લશ્કરી ખર્ચ સામેલ છે. ૫૯૦.૬ અબજ ડોલરના આ બજેટમાં ત્રણ વર્ષ દરમિયાન રાષ્ટ્રીય સંરક્ષણ માટે લગભગ ૬૦૬ અબજ ડોલર ફાળવવામાં આવ્યા છે. આ બાબત એ સંકેત આપે છે કે મોસ્કોનો યુક્રેનમાં યુદ્ધને નજીકના ભવિષ્યમાં સમાપ્ત કરવાનો કોઈ ઈરાદો નથી.

આ ફાળવવામાં આવેલો લશ્કરી ખર્ચ અગાઉના ત્રણ વર્ષના બજેટ કરતાં ૧૨૧ અબજ ડોલર વધુ છે.

૨૦૨૨માં યુક્રેન પર સંપૂર્ણ પાયે આક્રમણ શરૂ થયા ત્યારથી મોસ્કોએ લશ્કર પાછળ લગભગ ૭૧૦ અબજ ડોલર ખર્ચ્યા છે. નવા બજેટ મુજબ, આ આંકડો ૨૦૨૭ના અંત સુધીમાં વધીને લગભગ ૯૧૮ અબજ ડોલર, ૨૦૨૮ના અંત સુધીમાં લગભગ ૧.૧ ટ્રિલિયન ડોલર અને ૨૦૨૯ના અંત સુધીમાં ૧.૩ ટ્રિલિયન ડોલરથી પણ વધી જશે.

પુતિન સરકાર વધતા લશ્કરી ખર્ચને પહોંચી વળવા માટે ખાણકામ કંપનીઓ પર વધારાના કર લાદીને અને નાગરિકોના રોકાણોમાંથી થતી આવકનો ઉપયોગ કરીને ભંડોળ એકત્ર કરવા માંગે છે. આ ઉપરાંત, સરકાર નાગરિક ક્ષેત્રોમાં પણ ખર્ચમાં કાપ મૂકશે; જેમાં આવાસ અને જાહેર સુવિધાઓ (યુટિલિટીઝ) પાછળના ખર્ચમાં ૮ ટકાનો અને આરોગ્ય સંભાળ પાછળના ખર્ચમાં ૩ ટકાનો ઘટાડો કરવામાં આવશે. પેન્શન ચૂકવણી સહિતની સામાજિક સહાયમાં પણ ૬ ટકાનો ઘટાડો કરવામાં આવશે.

પુતિન યુક્રેનમાં ચાલી રહેલા લગભગ પાંચ વર્ષના યુદ્ધને ટેકો આપવા માટે વ્યવસાયો અને ગ્રાહકો પાસેથી વધુ કર વસૂલવાનો પ્રયાસ કરી રહ્યા છે. આ સ્થિતિમાં રશિયાનું અર્થતંત્ર નાગરિક જરૂરિયાતોને બાજુ પર મૂકીને વધુને વધુ લશ્કરી ખર્ચ તરફ વળી રહ્યું છે.

નેપાળ સરહદ નજીક પશ્ચિમ ચંપારણમાંથી ૧૯ કિગ્રાથી વધુ હાથીદાંત સાથે ચારની ધરપકડ

DRI અને બિહાર પોલીસના સંયુક્ત ઓપરેશન

ચંપારણ,

ગેરકાયદે વન્યજીવ તસ્કરી સામેની એક મોટી કાર્યવાહીમાં, ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઇન્ટેલિજન્સ (DRI) એ બિહાર રાજ્ય પોલીસ સાથેના સંયુક્ત ઓપરેશનમાં ભારત-નેપાળ સરહદ નજીક બિહારના પશ્ચિમ ચંપારણ જિલ્લામાંથી ૧૯.૩૯ કિગ્રા હાથીદાંત જપ્ત કર્યા છે અને તેના ગેરકાયદે વેપારમાં સામેલ ચાર વ્યક્તિઓની ધરપકડ કરી છે.

ગુપ્ત માહિતી આધારિત ઓપરેશનમાં, DRI અધિકારીઓએ બિહાર રાજ્ય પોલીસ સાથે સંકલન કરીને ગઈકાલે બે ટુ-વ્હીલર પર મુસાફરી કરી રહેલા ચાર વ્યક્તિઓને આંતર્યા હતા. શંકાસ્પદોમાંથી એક વ્યક્તિ પાસે એક બેગ હતી જેમાં હાથીદાંત હોવાની શંકા હતી. શંકાસ્પદોએ ભાગવાનો પ્રયાસ કર્યો અને અધિકારીઓનો પ્રતિકાર કર્યો હતો પરંતુ તેમની સફળતાપૂર્વક ધરપકડ કરવામાં આવી હતી. તપાસ કરતા, વન્યજીવ (સંરક્ષણ) અધિનિયમ, ૧૯૭૨ ની સંબંધિત જોગવાઈઓ હેઠળ ૧૯.૩૯ કિ.ગ્રા. હાથીદાંત મળી આવ્યા હતા જે જપ્ત કરવામાં આવ્યા હતા.

હાથીઓને વન્યજીવ (સંરક્ષણ) અધિનિયમ, ૧૯૭૨ ની અનુસૂચિ I હેઠળ સંરક્ષિત કરવામાં આવ્યા છે અને તેમને કન્વેન્શન ઓન ઇન્ટરનેશનલ ટ્રેડ ઇન એન્ડેન્જર્ડ સ્પીસીઝ ઓફ વાઇલ્ડ ફૌના એન્ડ ફ્લોરા (CITES) ના પરિશિષ્ટ Iમાં સૂચિબદ્ધ કરવામાં આવ્યા છે.

તમામ પક્ષો સંસદના વિશેષ સત્ર દરમિયાન સંસદની કામગીરી સુચારુ રીતે ચાલે તે સુનિશ્ચિત કરે: કિરેન રિજિજુ

સરકારે દેશને લગતા મહત્વપૂર્ણ ખરડાઓ અને કામકાજ પર ચર્ચા કરવા માટે આ સત્ર બોલાવ્યું

નવી દિલ્હી,

કેન્દ્રીય સંસદીય કાર્ય મંત્રી કિરેન રિજિજુએ તમામ પક્ષોના સાંસદોને અપીલ કરી છે કે ૩૦ નવેમ્બરથી શરૂ થનારા સંસદના ચાર દિવસીય વિશેષ સત્ર દરમિયાન સંસદની કાર્યવાહી સુચારુ રીતે ચાલે તે સુનિશ્ચિત કરવામાં આવે. આ અપીલ એવા સમયે કરવામાં આવી છે જ્યારે વિપક્ષ સરકારની પ્રસ્તાવિત સીમાંકન પ્રક્રિયા અને મહિલા અનામત માળખામાં ફેરફારોની ટીકા કરી રહ્યો છે.

કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું હતું કે, સરકારે દેશને લગતા મહત્વપૂર્ણ ખરડાઓ અને કામકાજ પર ચર્ચા કરવા માટે આ સત્ર બોલાવ્યું છે. લોકસભાની બેઠક ૩૦ નવેમ્બર અને ૧ ડિસેમ્બરે મળશે, જ્યારે રાજ્યસભાની બેઠક ૨ અને ૩ ડિસેમ્બરે યોજાશે.

કિરેન રિજિજુએ કહ્યું, "જ્યારે સરકાર કોઈ સત્ર અથવા વિશેષ સત્ર બોલાવે છે, ત્યારે તેનો અર્થ એ છે કે રાષ્ટ્ર માટે મહત્વપૂર્ણ ખરડાઓ અથવા કામકાજ છે."

તેમણે કહ્યું કે સંસદ સુચારુ રીતે ચાલે અને તમામ સભ્યોને ચર્ચાઓમાં ભાગ લેવાની તક મળે તે સુનિશ્ચિત કરવાની સાંસદોની મહત્વપૂર્ણ જવાબદારી છે.

તેમણે કહ્યું, "અમને અમારા



લોકશાહી પર ગર્વ છે અને આપણે એ સુનિશ્ચિત કરવું જોઈએ કે સંસદ સુચારુ રીતે ચાલે; ભારતે એક ઉદાહરણ પૂરું પાડવું જોઈએ." રિજિજુએ એમ પણ કહ્યું કે સાંસદો સરકાર સાથે સહમત કે અસહમત થવા માટે સ્વતંત્ર છે, પરંતુ તેમના મંતવ્યો સંસદીય નિયમો અને પરંપરાઓના દાયરામાં રહીને વ્યક્ત થવા જોઈએ.

તેમણે કહ્યું, "સાંસદોને અધિકારો છે, તેઓ સહમત કે અસહમત થવા માટે સંપૂર્ણ સ્વતંત્ર છે; પરંતુ આ બાબત યોગ્ય પરિપ્રેક્ષ્યમાં, નિયમો અને પરંપરાઓ દ્વારા રજૂ થવી જોઈએ."

સરકારનો પ્રસ્તાવ શું છે?

પ્રસ્તાવિત બંધારણીય સુધારા હેઠળ લોકસભાની મહત્તમ સભ્ય સંખ્યા ૫૫૦ થી વધારીને ૮૫૦ કરવાનો પ્રયાસ છે, જેમાં રાજ્યો માટે ૮૧૫ સુધીની બેઠકો અને કેન્દ્રશાસિત પ્રદેશો માટે ૩૫ બેઠકોનો સમાવેશ થાય છે.

શિરડીમાં સાંઈ બાબાને ૧ કિલોગ્રામ હીરા જડિત સોનાનો હાર અર્પણ કરવામાં આવ્યો

મુંબઈ,

મહારાષ્ટ્રના શિરડીમાં સાંઈ બાબા મંદિરમાં ભક્તોએ કરોડો રૂપિયાના ઘરેણાં અને ચાંદીનું દાન કર્યું છે. મુંબઈના એક ભક્તે સાંઈ બાબાને કિંમતી પથ્થરો અને હીરા જડિત લગભગ એક કિલોગ્રામ વજનનો સોનાનો હાર અર્પણ કર્યો. આ ગળાનો હાર આશરે ૧.૧૬ કરોડ (આશરે ૧.૧૬ કરોડ) છે. બીજા એક ભક્તે બે કિલોગ્રામ ચાંદીના બિસ્કિટનું દાન કર્યું, જેની કિંમત આશરે ૩.૦૭ લાખ (આશરે ૩.૦૭ લાખ) છે. નોંધપાત્ર વાત એ છે કે, બંને ભક્તોએ નામ ન આપવાની વિનંતી કરી છે. સાંઈ બાબા સંસ્થાનના સીઈઓ ગોરક્ષ ગાડિલકરના જણાવ્યા મુજબ, મંદિરમાં મળેલા દાનનો ઉપયોગ હોસ્પિટલો, ભક્ત નિવાસસ્થાનો, સાંઈ પ્રસાદાલય અને શૈક્ષણિક સેવાઓ માટે થાય છે. એક કે-કેર કેન્સર હોસ્પિટલ પણ ટૂંક સમયમાં ખોલવામાં આવશે. સાઈ બાબા સંસ્થાનના સીઈઓ ગોરક્ષ ગાડિલકરના જણાવ્યા મુજબ, મંદિરમાં મળેલા દાનનો ઉપયોગ હોસ્પિટલો, ભક્ત નિવાસસ્થાનો, સાંઈ પ્રસાદાલય અને શૈક્ષણિક સેવાઓ માટે થાય છે. એક કે-કેર કેન્સર હોસ્પિટલ પણ ટૂંક સમયમાં ખોલવામાં આવશે. સાઈ બાબા સંસ્થાનના સીઈઓ ગોરક્ષ ગાડિલકરે જણાવ્યું હતું કે ૬૩ દેશોના ભક્તો સાંઈ બાબાના દર્શન કરવા માટે શિરડી આવે છે. તેઓ તેમને તેમના ગુરુ માને છે. દર્શન કર્યા પછી, તેઓ બાબાને ઉદાર દાન આપે છે. આજે, મુંબઈના એક સાંઈ ભક્તે બાબાને લગભગ એક કિલોગ્રામ વજનનો સોનાનો હાર અર્પણ કર્યો. આ ગળાનો હાર ખૂબ જ સુંદર અને આકર્ષક છે, અને સાંજની ધૂપ આરતી દરમિયાન બાબાએ તેને પહેર્યો હતો. તેની કિંમત આશરે ૧.૧૬ કરોડ છે. વધુમાં, બીજા એક સાંઈ ભક્તે પણ બાબાને ૨ કિલો ચાંદીના બિસ્કિટ અર્પણ કર્યા, જેની કિંમત આશરે ૩૭,૦૦૦ છે.

દિલ્હીમાં આરએસએસ શતાબ્દી ઉજવણીની તૈયારી ૫૬ એકર જમીનમાં રાષ્ટ્ર વંદનમ કાર્યક્રમ યોજાશે

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની ૧૦૦મી વર્ષગાંઠ નિમિત્તે યોજાનાર કાર્યક્રમમાં એક લાખ સ્વયંસેવકો હાજરી આપશે

નવી દિલ્હી,

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની ૧૦૦મી વર્ષગાંઠ નિમિત્તે ૨૯ નવેમ્બરે દિલ્હીના રોહિણીના સેક્ટર ૨૩માં "રાષ્ટ્ર વંદનમ" નામનો એક ભવ્ય કાર્યક્રમ યોજાઈ રહ્યો છે. ૫૬ એકરના સમરસ્ત સ્થળ પર યોજાનારા આ કાર્યક્રમમાં અન્ય મહેમાનો ઉપરાંત ઓછામાં ઓછા ૧૦૦,૦૦૦ સ્વયંસેવકો હાજરી આપે તેવી અપેક્ષા છે.

આરએસએસના વડા ડૉ. મોહન ભાગવત મુખ્ય મહેમાન તરીકે હાજરી આપશે. જોકે, એવી પણ ચર્ચા છે કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી પણ હાજરી આપી શકે છે. આ ભવ્ય કાર્યક્રમની તૈયારીઓ મોટા પાયે ચાલી રહી છે, અને રોહિણીમાં આ સ્પષ્ટપણે દેખાઈ રહ્યું છે. એવું જાણવા મળ્યું છે કે આ કાર્યક્રમ માટે સમગ્ર વિસ્તાર છેલ્લા દોઢ મહિનાથી તૈયારીઓ હેઠળ છે. રસ્તાઓ રોશન કરવામાં આવી રહ્યા છે, ફૂટપાથ પરના વૃક્ષો ઢંકાયેલા છે, અને પ્રવેશદ્વારોને ભવ્ય રીતે શણગારવામાં આવી રહ્યા છે. રોડ ડિવાઇડર પર ભગવા ધ્વજની હરોળ મૂકવામાં આવી છે. ટેકરથી સતત પાણીનો છંટકાવ કરવામાં આવી રહ્યો છે. રિઠાલાથી બાવાના યુઇઆર-૨ સુધીના સમગ્ર વિસ્તારને સુંદર બનાવવામાં આવી રહ્યો છે.

સમરસતા સ્થળ પર દરરોજ ચાર થી પાંચ હજાર સ્વયંસેવકો વ્યવસ્થામાં રોકાયેલા છે. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લોકો આવવાની અપેક્ષા છે તેને ધ્યાનમાં રાખીને, વ્યાપક પાર્કિંગ અને સુરક્ષા વ્યવસ્થા પણ કરવામાં આવી રહી છે. સ્થળથી લગભગ દોઢ કિલોમીટર પહેલા વાહનો પાર્ક કરવામાં આવી રહ્યા છે. ચાર થી પાંચ હજાર બસો અને ૪૦ થી ૫૦,૦૦૦ વાહનો માટે પાર્કિંગની વ્યવસ્થા કરવામાં આવી છે.

કોંગ્રેસે ખડગેના લખનૌ કાર્યક્રમ અને બંધારણ બચાવો કૂચમાં ગેરહાજર રહેલા નેતાઓ પાસેથી લેખિત જવાબ માંગ્યો

કાર્યક્રમમાં હાજર ન રહેલા પ્રવક્તા અને પેનલિસ્ટ પાસેથી સ્પષ્ટતા માંગવામાં આવી

લખનૌ,

કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેની લખનૌ મુલાકાત દરમિયાન આયોજિત કાર્યક્રમ અને બંધારણ બચાવો માર્ચમાં પાર્ટીના કેટલાક પ્રવક્તા અને પેનલિસ્ટ ગેરહાજર રહ્યા હતા. ઉત્તર પ્રદેશ કોંગ્રેસ હવે આ મામલે કડક વલણ અપનાવી રહી છે. કાર્યક્રમમાં હાજર ન રહેલા પ્રવક્તા અને પેનલિસ્ટ પાસેથી સ્પષ્ટતા માંગવામાં આવી છે. પાર્ટી દ્વારા જારી કરાયેલી એક મહત્વપૂર્ણ નોટિસમાં, બધા ગેરહાજરોને તાત્કાલિક લેખિત સમજૂતી રજૂ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે, જેમાં તેમની ગેરહાજરીનું કારણ સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું છે. સંગઠને જણાવ્યું છે કે મહત્વપૂર્ણ પાર્ટી કાર્યક્રમોમાં હાજર રહેવું અને પોતાની જવાબદારીઓ પ્રત્યે જવાબદાર રહેવું ફરજિયાત છે.

યુપી કોંગ્રેસ દ્વારા જારી કરાયેલી નોટિસમાં તમામ પ્રવક્તા અને પેનલિસ્ટને સંબોધવામાં આવ્યા છે. તેમાં જણાવાયું છે કે ૨૬ નવેમ્બરે રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેના આગમન નિમિત્તે એક મહત્વપૂર્ણ કાર્યક્રમ અને બંધારણ બચાવો માર્ચનું આયોજન કરવામાં આવ્યું હતું. પાર્ટીએ આ કાર્યક્રમોમાં અનેક પ્રવક્તા અને પેનલિસ્ટની ગેરહાજરીને ગંભીર બાબત ગણાવી છે.

ન્યૂઝીલેન્ડમાં વડાપ્રધાન લક્સને બહુમતી ગુમાવી; રસાકસીભર્યા મતદાન બાદ મધ્યવાદી પક્ષો કિંગમેકર તરીકે ઉભરી આવ્યા

ન્યૂઝીલેન્ડ

ન્યૂઝીલેન્ડમાં ખૂબ જ રસાકસીભર્યા મતદાન બાદ, વર્તમાન વડાપ્રધાન ક્રિસ્ટોફર લક્સનની પાર્ટીએ સંસદમાં પોતાની બહુમતી ગુમાવી દીધી છે. ન્યૂઝીલેન્ડના ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર, શુક્રવારે જાહેર કરાયેલા અંતિમ પરિણામોમાં લક્સનની પાર્ટીએ બે બેઠકો ગુમાવી છે.

ન્યૂઝીલેન્ડમાં ૭ નવેમ્બરે મતદાન થયું હતું. ઓશનિયા ક્ષેત્રના આ દેશમાં, દરેક મતદાર બે મત આપે છે — એક પોતાની પસંદગીના રાજકીય પક્ષ માટે અને બીજો સ્થાનિક પ્રતિનિધિની પસંદગી માટે.

પ્રારંભિક પરિણામો (એક્ઝિટ પોલ્સ) મુજબ, નેશનલ પાર્ટી અને તેના બે ગઠબંધન સહયોગી પક્ષો પાસે બે બેઠકોની પાતળી બહુમતી હતી, જેના કારણે અંતિમ મતગણતરી સુધી ચૂંટણી પરિણામ કોની તરફેણમાં જશે તે કહેવું મુશ્કેલ હતું.

શુક્રવારે જાહેર થયેલા અંતિમ પરિણામો દર્શાવે છે કે બંને પક્ષો (બ્લોક્સ) વચ્ચે ખૂબ જ કાંટાની ટક્કર રહી છે અને કોઈ પણ પક્ષ બહુમતી મેળવી શક્યો નથી.

વડાપ્રધાન ક્રિસ્ટોફર લક્સનના નેતૃત્વ હેઠળની સત્તાધારી નેશનલ પાર્ટીએ ૧૩૦માંથી ૪૦ બેઠકો મેળવી છે. લક્સનના ગઠબંધન સહયોગી પક્ષો - 'એક્ટ' (ACT) અને 'ન્યૂઝીલેન્ડ ફર્સ્ટ' - એ અનુક્રમે ૧૩ અને ૧૨ બેઠકો જીતી છે.

આમ, ત્રણ પક્ષોના આ ગઠબંધને ૧૩૦ બેઠકો ધરાવતી સંસદમાં કુલ ૬૫ બેઠકો મેળવી છે, જે બહુમતી માટે જરૂરી ૬૬ બેઠકોના આંકડાથી એક બેઠક ઓછી છે.

બીજી તરફ, લેબર પાર્ટીના ક્રિસ હિપકિન્સના નેતૃત્વ હેઠળના ડાબેરી વિપક્ષે ૫૮ બેઠકો મેળવી છે, જે ચૂંટણીની રાત્રિના આંકડા કરતાં એક બેઠક વધુ છે. આમાં લેબર પાર્ટીએ પોતે ૩૬ બેઠકો જીતી છે, જે ચૂંટણીની રાત્રિ જેટલી જ છે.

આટલી રસાકસીભરી ચૂંટણી વચ્ચે, 'ઓપોર્ચ્યુનિટી' (Opportunity) નામનો એક નવો પક્ષ પ્રથમ વખત સંસદમાં પ્રવેશ્યો છે અને તેણે સાત બેઠકો જીતી છે.

હવે ગઠબંધન માટેની વાતચીત શરૂ થવાની છે ત્યારે, જો 'ઓપોર્ચ્યુનિટી' પક્ષ નેશનલ બ્લોકને સમર્થન આપે, તો લક્સન બીજી વખત વડાપ્રધાન બની શકે છે. તેમની સાત બેઠકો ઉમેરાતા, સત્તાધારી ગઠબંધનની કુલ સંખ્યા ૭૨ સુધી પહોંચી જશે.

કેન્દ્ર સરકારે ઝાકિર નાઈકના IRF વિરુદ્ધની કાર્યવાહી વધુ સઘન બનાવી

રાજ્યોને ભંડોળ અને મિલકતો અંગે પગલાં લેવાની સત્તા આપી

નવી દિલ્હી,

કેન્દ્ર સરકારે રાજ્ય સરકારો અને કેન્દ્રશાસિત પ્રદેશોના વહીવટીતંત્રોને ફરાર ઉપદેશક ઝાકિર નાઈકની 'ઈસ્લામિક રિસર્ચ ફાઉન્ડેશન' (IRF) વિરુદ્ધ 'ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ' (UAPA) ની મુખ્ય જોગવાઈઓ લાગુ કરવાની સત્તા આપી છે. આ પગલાથી સંસ્થાની નાણાકીય સંપત્તિઓ અને પરિસરો સામે કાર્યવાહી કરવાનું કાર્યક્ષેત્ર વિસ્તૃત થયું છે. ગૃહ મંત્રાલયે (MHA) ગુરુવારે (૨૬ નવેમ્બર) જાહેર કરેલી એક ગેઝેટ સૂચના દ્વારા, આ આતંકવાદ-વિરોધી કાયદાની કલમ ૭ અને ૮ હેઠળની સત્તાઓ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને સોંપી છે.

આ નિર્દેશ UAPA ની કલમ ૪૨ હેઠળ આપવામાં આવ્યો છે, જે રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશના સત્તાવાળાઓને IRF સંબંધિત બાબતોમાં આ સત્તાઓનો ઉપયોગ કરવાની મંજૂરી આપે છે. ઉલ્લેખનીય છે કે, IRF પર 'ગેરકાયદેસર સંગઠન' તરીકેનો પ્રતિબંધ હજુ પણ અમલમાં છે. કેન્દ્ર સરકારે આ સંસ્થા પરનો પ્રતિબંધ વધુ પાંચ વર્ષ માટે લંબાવ્યાના બે અઠવાડિયાથી પણ ઓછા સમયમાં આ નવો નિર્ણય લેવામાં આવ્યો છે. આનાથી તે કાનૂની માળખું વધુ મજબૂત બન્યું છે, જેના દ્વારા સત્તાવાળાઓ સંસ્થાના નાણાકીય સંસાધનો અને મિલકતો સામે કાર્યવાહી કરી શકે છે.

રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને કઈ સત્તાઓ સોંપવામાં આવી છે?

ગૃહ મંત્રાલયે UAPA ની કલમ ૪૨ નો ઉપયોગ કરીને રાજ્ય સરકારો અને કેન્દ્રશાસિત પ્રદેશોના વહીવટીતંત્રોને એવી સત્તાઓ વાપરવા માટે અધિકૃત કર્યા છે, જે અગાઉ કાયદાની કલમ ૭ અને ૮ હેઠળ માત્ર કેન્દ્ર સરકાર પાસે હતી. સૂચનામાં જણાવાયું છે કે, "કેન્દ્ર સરકારે 'ભારતના ગેઝેટ' (Gazette of India) માં ૧૩ નવેમ્બર, ૨૦૨૬ ના રોજ પ્રકાશિત સૂચના ક્રમાંક જી.એસ.આર. ૬૧૮(E) દ્વારા 'ઈસ્લામિક રિસર્ચ ફાઉન્ડેશન'ને ગેરકાયદેસર સંગઠન જાહેર કર્યું હતું. 'ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ, ૧૯૬૭' ની કલમ ૪૨ દ્વારા મળેલી સત્તાનો ઉપયોગ કરીને, કેન્દ્ર સરકાર નિર્દેશ આપે છે કે આ કાયદાની કલમ ૭ અને ૮ હેઠળ કેન્દ્ર સરકાર જે સત્તાઓનો ઉપયોગ કરી શકે છે, તે જ સત્તાઓનો ઉપયોગ હવે રાજ્ય સરકારો અને કેન્દ્રશાસિત પ્રદેશોના વહીવટીતંત્રો પણ ઉપરોક્ત ગેરકાયદેસર સંગઠનના સંદર્ભમાં કરી શકશે."



UAPA ની કલમ ૭ સરકારને એવા ભંડોળ, સિક્યોરિટીઝ અને અન્ય નાણાકીય સંપત્તિઓના ઉપયોગ કે હસ્તાંતરણ પર પ્રતિબંધ મૂકવાની સત્તા આપે છે, જેના વિશે શંકા હોય કે તેનો ઉપયોગ ગેરકાયદેસર સંગઠન સાથે જોડાયેલી પ્રવૃત્તિઓ માટે કરવામાં આવ્યો છે અથવા કરવામાં આવનાર છે. આ જોગવાઈ નિયુક્ત સત્તાવાળાઓને આવા પ્રતિબંધો હેઠળ આવતા નાણાકીય વ્યવહારોની તપાસ કરવાની પણ મંજૂરી આપે છે.

પૂર્વ CJI ગવાઈએ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને પત્ર લખી કોલેજિયમની પસંદગીઓમાં પક્ષપાતનો આરોપ લગાવ્યો

રાષ્ટ્રપતિને ઉચ્ચ ન્યાયતંત્રમાં પર્યાપ્ત પ્રતિનિધિત્વ મેળવવાની તેમની બંધારણીય જવાબદારી નિભાવવા માટે હસ્તક્ષેપ કરવા વિનંતી કરી

નવી દિલ્હી,

ભારતના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશ ભૂષણ આર ગવઈએ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને પત્ર લખીને આરોપ લગાવ્યો છે કે સુપ્રીમ કોર્ટ કોલેજિયમ "સમાજના એક ચોક્કસ વર્ગ" ના ઉમેદવારોને બંધારણીય અદાલતોમાં સ્થાન આપવા માટે વધુને વધુ તરફેણ કરી રહ્યું છે, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, અન્ય પછાત વર્ગો, લઘુમતીઓ અને મહિલાઓને બાકાત રાખવા માટે.

નવેમ્બર ૨૦૨૫ માં પદ છોડતા પહેલા લગભગ છ મહિના સુધી સુપ્રીમ કોર્ટ કોલેજિયમનું નેતૃત્વ કરનારા ગવઈએ ૨૭ નવેમ્બરના રોજ લખેલા કડક શબ્દોમાં લખેલા પત્રમાં આરોપ લગાવ્યો હતો કે તાજેતરની ભલામણો યોગ્યતા, વિવિધતા અને સમાવેશકતા પ્રત્યે ચિંતાજનક અવગણના દર્શાવે છે, અને "એક જ સમુદાયને ખુશ કરવા અને પુરસ્કાર આપવા"ના પ્રયાસ દ્વારા વધુને વધુ પ્રેરિત દેખાય છે. તેમણે રાષ્ટ્રપતિને ઉચ્ચ ન્યાયતંત્રમાં પર્યાપ્ત પ્રતિનિધિત્વ મેળવવાની તેમની બંધારણીય જવાબદારી નિભાવવા માટે હસ્તક્ષેપ કરવા વિનંતી કરી.

જોકે ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશએ સમુદાયનું નામ લીધું નથી, પરંતુ ભારતની વસ્તીના ૫% કરતા ઓછા લોકોનો હિસ્સો ધરાવતા જૂથનો તેમનો ઉલ્લેખ સુપ્રીમ કોર્ટમાં ૪૦% થી વધુ પ્રતિનિધિત્વ મેળવનાર, જેનો હિસ્સો "તાજેતરના ભૂતકાળમાં અનેક ગણો" વધ્યો છે, તે બ્રાહ્મણો તરફ ઈશારો કરતો હોય તેવું લાગતું હતું. આ બાબતથી વાકેફ લોકોએ પુષ્ટિ આપી કે ભૂતપૂર્વ CJIનો પત્ર બ્રાહ્મણો તરફ ઈશારો કરે છે.

"જ્યારે હું સ્વીકારું છું કે આ કોઈ નવી વાત નથી અને તેથી જ તે વધુને વધુ અક્ષમ્ય બની રહ્યું છે," તેમણે લખ્યું, દલીલ કરી કે અપ્રમાણસર પ્રતિનિધિત્વનો ઐતિહાસિક દાખલો દાયકાઓથી અર્થપૂર્ણ સુધારા વિના ચાલુ રહ્યો છે. સુપ્રીમ કોર્ટના કોલેજિયમમાં



હાલમાં CJI સૂર્યકાંત અને ન્યાયાધીશો વિક્રમ નાથ, બીવી નાગરત્ના, એમએમ સુંદરેશ અને પીએસ નરસિંહાનો સમાવેશ થાય છે. કોલેજિયમના ભૂતપૂર્વ વડા તરીકે રાષ્ટ્રપતિને પત્ર લખીને, ન્યાયાધીશ ગવઈએ જણાવ્યું હતું કે તેમણે ઉચ્ચ અદાલતો અને સુપ્રીમ કોર્ટમાં પદોન્નતિ માટે ઉમેદવારોની ભલામણ કરતી વખતે વિવિધતા અને સમાવેશના સિદ્ધાંતોનું સતત પાલન કર્યું છે.

પગાર નહી મળતાં બાબરા પાલિકાના સફાઇ કર્મચારીએ ફિનાઈલ ગટગટાવ્યુ

બાબરા :

બાબરા નગરપાલિકા ખાતે ત્રણ મહિનાથી પગાર ન મળવાના મુદ્દે પિતાની સાથે રજૂઆત કરવા ગયેલા સફાઈ કર્મચારીએ ફિનાઈલ પી લેતાં તેને તાબડતોબ સારવારમાં ખસેડયો હતો. આ બનાવ બનતા પાલિકા કચેરીમાં ચકચાર મચી ગઈ હતી.



પ્રાપ્ત વિગતો મુજબ બાબરા નગરપાલિકામાં સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતા વિનોદભાઈ રમેશભાઈ વાળોદરા તથા તેમના પરિવારના અન્ય ત્રણ સભ્યોને છેલ્લા ત્રણ મહિનાથી પગાર મળ્યો ન હોવાથી પાલિકામાં બુધવારે યોજાયેલી સાધારણ સભાની બેઠક દરમિયાન વિનોદભાઈ તથા તેમના પિતાએ બાકી પગાર અંગે ચીફ ઓફિસર વેકરીયા અને નગરપાલિકાના પ્રમુખ સમક્ષ રજૂઆત કરવા ગયા હતા. એ વખતે તેમને થોડા દિવસ રાહ જોવા જણાવવામાં આવ્યું હતું. આથી પરિવારનું ગુજરાન કેવી રીતે ચલાવવું તેવો પ્રશ્ન ઉઠાવી વિનોદભાઈના પિતાએ આર્થિક મુશ્કેલી અંગે પોતાની વ્યથા વ્યક્ત કરી હતી. આ દરમિયાન વિનોદભાઈએ પિતાના હાથમાંથી ફિનાઈલની બોટલ લઈ પોતે ફિનાઈલ પી લેતાં તેમને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

આ બનાવ અંગે બાબરા પોલીસ સ્ટેશનમાં જાણવા જોગ નોંધ નંબર ૬૦/૨૦૨૬ હેઠળ નોંધ કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. બનાવને પગલે નગરપાલિકાના સફાઈ કર્મચારીઓના બાકી પગારનો મુદ્દો ફરી ચર્ચામાં આવ્યો છે. આ બાબતે સફાઈ કર્મીના વાઇરલ થયેલા વીડિઓમાં તેમને નગરપાલિકા અમુક સભ્યોના નામો સહિત શહેર ભાજપ પુર્વ પ્રમુખ કિરીટ પરવાડિયા સહિતના યાતના પહોંચાડી પગાર રોકી રાખ્યાના આક્ષેપ કર્યા છે ચીફ ઓફિસર વેકરીયાએ બનાવ મુદ્દે જણાવ્યા મુજબ સફાઈ કર્મચારી પરિવારના પ્રશ્ન બાબતે તેમને મિટિંગ સમયે બોલાવ્યા હતા પરંતુ તેમણે કોઈ જાણ બહાર અચાનક ચર્ચા વચ્ચે આવેશમા આવી અને ફિનાઈલ પીવાનો બનાવ બન્યો હતો.

બે પુત્રોથી વિખૂટી પડેલી માતાએ પતિના ત્રાસથી કંટાળી પિયરમાં ફાંસો ખાધો

અમરેલી:

રાજુલા તાલુકાના જુની કાતર ગામે પિયરમાં રહેતી એક પરિણીતાએ ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતાં અરેરાટી ફેલાઈ છે.



પતિના શારીરિક અને માનસિક ત્રાસ તેમજ બે પુત્રોથી અલગ રહેવાની વેદનાથી કંટાળીને મહિલાએ આ અંતિમ પગલું ભર્યું હોવાનું જાણવા મળ્યું હતું. આ દરિયાન આ બનાવ અંગે મૃતક મહિલાના ભાઈએ યુવતીના પતિ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

રાજુલાના જુની કાતર ગામે મામૈયાભાઈ નાનજીભાઈ જોગદિયાના મકાનની અગાશી ઉપર દયાબેને દોરડાથી ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું.

દયાબેનને તેમના પતિ હરેશભાઈ સોલંકી દ્વારા શારીરિક અને માનસિક ત્રાસ આપવામાં આવતો હોવાની વાત તેમણે પોતાના ભાઈ ગોવિંદભાઈને કરી હતી.

જેથી પરિવારે મામૈયાભાઈને કુંડલીયાળા ગામે જઈ હરેશભાઈને સમજાવવા મોકલ્યા હતા. જોકે, સમજાવટ છતાં પરિસ્થિતિમાં સુધારો થયો નહોતો અને દયાબેનને તેમના પિયરમાં મોકલી દેવાયા હતા.

પરણિતા પોતાના બંને પુત્રો વિના રહી શકતાં ન હોવાથી પતિને વારંવાર ફોન કરી બાળકોને પોતાની પાસે મોકલવા વિનંતી કરી હતી. તેમ છતાં પુત્રો પરત ન મળતાં અને પતિના કથિત ત્રાસથી કંટાળીને તેમણે આત્મહત્યા કરી લીધી હોવાની ફરિયાદ મૃતક મહિલાના ભાઈ ગોવિંદભાઈ ભીખાભાઈ જોગદિયાની ફરિયાદના આધારે રાજુલા પોલીસે પતિ હરેશ લખમણભાઈ સોલંકી વિરુદ્ધ ગુન્હો નોંધ્યો છે.

લીલીયા પોલીસકર્મીને કામગીરી બદલ સન્માનિત કરાયા

ગુંદરણમાં કાર સળગાવવાના ગુનાનો ભેદ ઉકેલવામાં મદદ કરી

અમરેલી:લીલીયા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા અનામત હેડ



કોન્સ્ટેબલ વિજયભાઈ મંગળુભાઈ લાલુ (બકલ નંબર ૯૭૨)ને શ્રેષ્ઠ કામગીરી બદલ પ્રશંસાપત્ર આપીને સન્માનિત કરાયા છે. ગુંદરણ ગામની સીમમાં કારમાં સૂતેલા બે લોકો સહિત કારને સળગાવી દેવાના બનાવમાં તેમણે કામગીરી કરી હતી.

બનાવની જાણ થતાં જ વિજયભાઈ લાલુ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. તેમણે શંકાસ્પદ લોકોને પોલીસ સ્ટેશન લાવી, થાણા અધિકારીની સૂચના મુજબ પૂછપરછ કરી હતી. આ તપાસથી વણઉકેલાયેલા ગુનાનો ભેદ ઉકેલવામાં પોલીસને મદદ મળી હતી.

અન્ય પોલીસ કામગીરીમાં યોગદાન બદલ ભાવનગર રેન્જના મહાનિરીક્ષક આર.વી. અસારી અને અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાતે તેમને પ્રશંસાપત્ર આપ્યું હતું.

લીલીયા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પી.આઈ. પી.જે. રામાણી, પી.એસ.આઈ. વાય.એમ. જાડેજા અને સ્ટાફના કર્મચારીઓએ વિજયભાઈ લાલુને અભિનંદન આપ્યાં હતાં.

એક ઉમેદવારની અસંમતી, એક ગેરહાજર

અમરેલી જિલ્લામાં ૩૬૯ વિદ્યાસહાયક (શિક્ષક)ને નિમણૂકના હુકમો એનાયત કરાયા

(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલી:

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા હાથ ધરાયેલી વિદ્યાસહાયક ભરતી અંતર્ગત અમરેલી જિલ્લામાં ધોરણ ૧થી ૫ના ગુજરાતી માધ્યમની શાળાઓ માટે મેરીટના આધારે ફાળવાયેલા ૩૭૧ ઉમેદવારો માટે શાળા સ્થળ પસંદગી માટેનો કેમ્પ ગઈકાલે યોજાયો હતો. જેમાં ૩૬૯ ઉમેદવારોએ પોતાની પસંદગીની શાળાઓ પસંદ કરતાં તેમને સ્થળ ઉપર જ નિમણૂક હુકમો એનાયત કરવામાં આવ્યા હતા. જેથી તમામ ઉમેદવારો આજે ફરજ ઉપર હાજર થયા હતા.

અમરેલી જિલ્લાને ફાળવાયેલા કુલ ૩૭૧ ઉમેદવારો પૈકી ૩૬૯ ઉમેદવારોએ ગઈકાલે શાળા સ્થળ પસંદગી કરી અને નિમણૂક હુકમો મેળવ્યા હતા. જ્યારે એક ઉમેદવારે અસંમતી દર્શાવી હતી અને એક ઉમેદવાર ગેરહાજર રહ્યો હતો. આ કાર્યક્રમમાં પસંદગી પામેલા



ઉમેદવારો ઉપરાંત મોટી સંખ્યામાં વાલીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

ગઈકાલે તા.૨૭ નવે.શુક્રવારના રોજ અમરેલીના સિવિલ હોસ્પિટલ સામે આવેલા કે.કે. પારેખ અને આર.પી. મહેતા વિદ્યાલયના લીલીવતી બિલ્ડિંગ ખાતે જિલ્લા શિક્ષણ સમિતિ, અમરેલી દ્વારા આ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં પ્રતીકાત્મક રીતે વિદ્યાસહાયકોને જિલ્લા વિકાસ અધિકારી રાજેન્દ્રકુમાર મૌર્યના હસ્તે નિમણૂક હુકમો એનાયત કરવામાં આવ્યા હતા.આ પ્રસંગે જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન ડેલિગેટ સંજયભાઈ તારપરા, જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી કે.વી. મિયાણી, તમામ તાલુકાના તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારીઓ (ટીપીઈઓ), બી.આર.સી. કો-ઓર્ડિનેટરો, જિલ્લા શિક્ષણ સમિતિના કર્મચારીઓ તેમજ માન્ય શિક્ષક સંઘોના પ્રમુખો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમના અંતે નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી એમ.જી. સોલંકીએ આભારવિધિ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન રાજેશકુમાર પાનસુરિયા દ્વારા કરવામાં આવ્યું હતું. તેમ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી કે.વી. મિયાણીની યાદીમાં જણાવાયું છે.

કપાસ ઓછો ઉતર્યો, પણ રૂા.૧૯૦૦ સુધી ભાવ મળતાં ખેડૂતોને ટેકો



અમરેલી:આ વર્ષે કપાસના બજારમાં તેજી જોવા મળી રહી છે. ગત વર્ષે મબલખ ઉત્પાદન છતાં પૂરતા ભાવ ન મળતાં આથક મુશ્કેલીમાં મૂકાયેલા ખેડૂતોને ચાલુ વર્ષે ઓછા ઉત્પાદન વચ્ચે સારા ભાવ મળતાં થોડી રાહત મળી છે. હાલમાં કપાસના પ્રતિ મણ રૂા. ૧૮૦૦થી ૧૯૦૦ સુધીના ભાવ બોલાઈ રહ્યા છે. જોકે, ભાવમાં આવેલી તેજી સામે ઉત્પાદન ઘટતાં ખેડૂતોની ચિંતા યથાવત્ છે.

ચાલુ વર્ષે અપૂરતા અને અનિયમિત વરસાદની અસર કપાસના પાક પર પડી છે. તેમાંય જીવાતોના ઉપદ્રવને કારણે પાકની ગુણવત્તા અને ઉત્પાદનમાં ઘટાડો નોંધાયો છે. ખેડૂતો દ્વારા બિયારણ, ખાતર, જંતુનાશક દવાઓ, મજૂરી અને સિંચાઈ પાછળ મોટો ખર્ચ કરવામાં આવ્યો હોવા છતાં ધાર્યું ઉત્પાદન મળ્યું નથી. પરિણામે ખેતરમાંથી મળતી કુલ આવકને લઈને ખેડૂતોમાં ચિંતા છે. બીજી તરફ ગત વર્ષે વરસાદ સારો રહેતાં કપાસનું પુષ્કળ ઉત્પાદન થયું હતું. બજારમાં આવક વધતાં પુરવઠાની સરખામણીએ ભાવ દબાયા હતા. પરિણામે અનેક ખેડૂતોને કપાસના વેચાણમાં ખેતીનો ખર્ચ કાઢવો પણ મુશ્કેલ બન્યો હતો.

આ વર્ષે પરિસ્થિતિએ પલટો લીધો છે. ઓછા ઉત્પાદનને કારણે બજારમાં કપાસની આવક મર્યાદિત રહેવા સાથે માંગ જળવાઈ રહેતાં ભાવમાં સુધારો થયો છે. હાલમાં પ્રતિ મણ રૂા. ૧૮૦૦થી ૧૯૦૦ સુધીના ભાવ મળતાં ખેડૂતોને ગત વર્ષની સરખામણીએ સારી આવક મળી રહી છે. પરંતુ ખેડૂતોની વેદના એ છે કે વધુ ઉત્પાદન સાથે આવા ભાવ મળ્યા હોત તો આર્થિક સ્થિતિ સુધરી શકી હોત.

અમરેલીમાં સગાઈ- લગ્નપ્રસંગના જમણવારમાં ૭૦ કિલો ગૌવંશ માંસ વપરાતા ચકચાર

લીલીયાથી ભાડાની ઈકો કારમાં જથ્થો લવાયો, ૩ શખસ સામે ફરિયાદ, સિટી પોલીસે હાથ ધરી તપાસ

અમરેલી:અમરેલી શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં ગૌવંશની કતલ અને ગૌમાંસની હેરાફેરીની પ્રવૃત્તિઓને ડામવા માટે સિટી પોલીસ સતર્ક બની છે. અગાઉ પણ પોલીસે આવા તત્વો સામે કડક કાર્યવાહી હાથ ધરી હતી, ત્યારે શહેરમાં સામાજિક પ્રસંગના જમણવારમાં ગૌવંશના માંસનો ઉપયોગ થયો હોવાના આક્ષેપથી ભારે ચકચાર મચી જવા પામી છે. આ મામલે અમરેલી સિટી પોલીસ સ્ટેશનમાં ત્રણ આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે.

પોલીસ ફરિયાદમાં કરાયેલા આક્ષેપ મુજબ, અમરેલી શહેરના મોટા કસ્બાવાડ વિસ્તારમાં આવેલા સિપાઈ જમાતખાના ખાતે દીકરીની સગાઈ અને ભાણિયાના લગ્ન પ્રસંગ નિમિત્તે જમણવારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ જમણવાર માટે અમરેલીના જીવાપરા વિસ્તારમાં રહેતા મહમદહનીફ રસુલમિયા સૈયદે લીલીયાના અસ્લમ સુલેમાન બાવનકા પાસેથી આશરે ૭૦ કિલો ગૌવંશનું માંસ મંગાવ્યું હતું.

ફરિયાદમાં જણાવાયા અનુસાર, આરોપી અસ્લમ બાવનકાએ પોતે અથવા અન્ય વ્યક્તિ મારફતે ગૌવંશની કતલ કરાવી હતી અને ભાડાની ઈકો ગાડીમાં માંસનો આ જથ્થો અમરેલી પહોંચાડ્યો હતો. ત્યારબાદ ઈરફાન ઉર્ફે ટીડા નામના શખ્સે જમણવાર માટે ગૌમાંસની વાનગી તૈયાર કરી આપી હોવાની વિગતો પણ સામે આવી છે.

આ સમગ્ર મામલે અમરેલી સિટી પોલીસ સ્ટેશનમાં પ્રાણી સંરક્ષણ અધિનિયમ, પ્રાણી ક્રૂરતા નિવારણ અધિનિયમ તથા ભારતીય ન્યાય સંહિતા ની વિવિધ કલમો હેઠળ ત્રણેય આરોપીઓ સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

દીકરીની સગાઈ અને લગ્ન પ્રસંગના જમણવારમાં ગૌમાંસ પીરસવાના આક્ષેપને પગલે સમગ્ર શહેરમાં ભારે ચર્ચા જાગી છે. હાલ આ કેસની વધુ તપાસ અમરેલી સિટી પોલીસ સ્ટેશનના પીએસઆઈ જે.બી. ત્રિવેદી ચલાવી રહ્યા છે. ગૌવંશના માંસનો આ જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને આ કૃત્યમાં અન્ય કોણ-કોણ સંડોવાયેલું છે, તે દિશામાં પોલીસે ઝીણવટભરી તપાસ હાથ ધરી છે.

બરફીલા પહાડ, માઇનસ ૧૦ ડિગ્રીનું તાપમાન અને ૨૦ કિમીનું ટ્રેકિંગ!

હાડ થીજવતી ઠંડી અને દુર્ગમ બરફીલા રસ્તાઓને મહાત આપી અમરેલીના ચિંતન ઠાકરે કેદારકંઠા શિખર સર કર્યું

૧૨,૫૦૦ ફૂટની ઊંચાઈએ હિમાલયના શિખર પર તિરંગો લહેરાવી અમરેલીનું ગૌરવ વધાર્યું

(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલી:

હિમાલયનાં બરફાચ્છાદિત પર્વતો, હાડ થીજાવી દેતી ઠંડી, ઓક્સિજનની ઓછી માત્રા અને દુર્ગમ ચઢાણ આવી અનેક પ્રતિકૂળ પરિસ્થિતિઓને હિંમત અને સાહસથી મહાત આપીને અમરેલીના ચિંતન ઠાકરે ઉત્તરાખંડના ૧૨,૫૦૦ ફૂટ ઊંચા કેદારકંઠા શિખરને સફળતાપૂર્વક સર કર્યું છે.

ચાર દિવસ સુધી આધુનિક સુવિધાઓથી દૂર ટેન્ટમાં રહીને આશરે ૨૦ કિલોમીટરનું કપરું અંતર કાપી શિખર પર પહોંચેલા ચિંતન ઠાકરે ભારતનો રાષ્ટ્રધ્વજ તિરંગો લહેરાવી અમરેલીનું ગૌરવ વધાર્યું છે.

અમરેલીના સામર્થ્ય એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ સાથે જોડાયેલા ચિંતન ઠાકરે હિમાલયના સાહસિક ટ્રેકિંગ અભિયાનમાં પોતાની હિંમત, શારીરિક ક્ષમતા અને દૃઢ મનોબળનો પરિચય આપ્યો હતો. ઉત્તરાખંડના ઉત્તરકાશી જિલ્લામાં ગોવિંદ વન્યજીવ અભયારણ્યની હદમાં આવેલું કેદારકંઠા શિખર સમુદ્ર સપાટીથી આશરે ૧૨,૫૦૦ ફૂટ એટલે કે ૩,૮૧૦ મીટરની ઊંચાઈ ધરાવે છે. હિમાલયના ટ્રેકિંગ જગતમાં આ શિખર 'ક્વીન ઓફ વિન્ટર ટ્રેક્સ' એટલે કે શિયાળુ ટ્રેકની રાણી તરીકે પ્રખ્યાત છે.

આ સાહસિક અભિયાનની શરૂઆત દેહરાદૂનથી આશરે ૨૦૦ કિલોમીટર દૂર આવેલા અંતરિયાળ પહાડી ગામ સાંકરીથી થાય છે. ચિંતન ઠાકરે ચાર દિવસ સુધી મોબાઈલ નેટવર્ક, વીજળી અને પાણી જેવી સામાન્ય સુવિધાઓ વિના કુદરતના ખોળે ટેન્ટમાં રાત્રિ રોકાણ કરીને આગળ વધવાનું સાહસ ખેડ્યું હતું. રાત્રિના સમયે તાપમાન માઈનસ પથી માઈનસ ૧૦ ડિગ્રી સેલ્સિયસ સુધી ગગડી જતું હોવાથી દરેક રાત પડકારરૂપ બની હતી.

આશરે ૨૦ કિલોમીટરના આ કપરા ટ્રેક દરમિયાન પાઈન અને ઓકનાં ગાઢ જંગલો, વિશાળ બરફીલા મેદાનો તથા શિયાળામાં સંપૂર્ણપણે થીજી જતા પ્રખ્યાત જુડા કા તાલાબ જેવા દુર્ગમ પડાવો પાર કરવાના હતા. બરફીલા પવનો, ઓક્સિજનની ઘટતી માત્રા, સીધાં અને લપસણાં ચઢાણ તેમજ હાડ થીજાવી દેતી ઠંડી વચ્ચે પણ ચિંતન ઠાકરે હિંમત હાર્યા વિના શિખર તરફની સફર ચાલુ રાખી હતી.

અંતે તમામ પડકારોને પાર કરીને કેદારકંઠા શિખર પર પહોંચતાં તેમણે ભારતનો રાષ્ટ્રધ્વજ તિરંગો લહેરાવ્યો હતો. આ ક્ષણ તેમના માટે માત્ર એક પર્વતારોહણની સફળતા નહીં, પરંતુ સાહસ, સંકલ્પશક્તિ અને રાષ્ટ્રપ્રેમની ગૌરવભરી અનુભૂતિ બની હતી.

કેદારકંઠા શિખરની બીજી વિશેષતા તેની ટોચ પરથી જોવા મળતો અદભુત હિમાલયનો નજારો છે.



અહીંથી સ્વર્ગારોહિણી, બંદરપૂંછ, કાલાનાગ અને ગંગોત્રી સહિતનાં હિમાલયનાં પર્વતશિખરોનો ૩૬૦ ડિગ્રીનો મનમોહક નજારો નિહાળી શકાય છે.

આમ, અમરેલીના ચિંતન ઠાકરે કાતિલ ઠંડી, બરફીલા રસ્તાઓ અને કુદરતી પડકારો સામે અડગ રહી ૧૨,૫૦૦ ફૂટની ઊંચાઈએ તિરંગો લહેરાવી સાહસ અને રાષ્ટ્રપ્રેમનું પ્રેરણાદાયી ઉદાહરણ પૂરું પાડ્યું છે.

